શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૨૩૬

...તૃચન્દ્રસૂરિગ્રન્થમાલા પુસ્તક ૪૦ મું.

ૐ

# શ્રીપ્રશ્નોત્તરપ્રકાશ

## પ્રથમ ભાગ.

લેખક—

મુનિ શ્રીસાગરચંદ્રજી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આચાર્યશ્રીભ્રાતૃચન્દ્રસૂરિગ્રન્થમાલા પુસ્તક ૪૦.

॥ શ્રીપાર્શ્વચંદ્રસૂરિસદ્ગુરુભ્યો નમો નમઃ ॥

અર્હમ્.

# શ્રીપ્રશ્નોત્તરપ્રકાશ

## પ્રથમ ભાગ.

લેખક—
પરમપૂજ્ય-પ્રાતઃસ્મરણીય-શાન્તરસનિમગ્ન-
વિદ્વદ્વર્ય-જૈનાચાર્યગુણભૂષિત-શ્રીભ્રાતૃચંદ્ર-
સૂરીશ્વરજીસાહેબના શિષ્ય—
મુનિરાજ શ્રીસાગરચંદ્રજીમહારાજ

પ્રકાશક—
શા. ગોકલદાસ મંગલદાસ
લુહારનીપોળ-અમદાવાદ.

વિ. સં. ૧૯૮૮ પ્રથમાવૃત્તિ પ્રત ૫૦૦ સન ૧૯૩૧.
કીં. આના ૨ પોસ્ટ ખર્ચ અલગ.

અમદાવાદ—ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં,
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શુદ્ધિપત્ર.

| પૃષ્ટ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧ | ૧૦ | દૃષ્ટ્વા | દૃષ્ટ્વા |
| ૫ | ૭ | ચાળનારા | ચાલનારા |
| ૧૦ | ૩ | દેદેવ | દેવ |
| ૧૨ | ૧૯ | સા | સો |
| ૧૪ | ૧૯ | આચાયે | આચાર્યે |
| ૧૮ | ૧૪ | સવ | સર્વ |
| ૧૯ | ૯ | વિચરર્તા | વિચરતાં |
| ૨૩ | ૨૦ | ૩ | ૨ |
| ૨૫ | ૮ | ચત્રમાસ | ચૈત્રમાસ |
| ૨૫ | ૧૮ | પયુષણા | પર્યુષણા |
| ૨૫ | ૧૯ | પવ | પર્વ |
| ૨૬ | ૨૦ | સર્વ્વં | સર્વ્વે |
| ૩૩ | ૨૫ | કારએ | કરીએ |
| ૩૪ | ૧૫ | નહો | નહી |
| ૩૪ | ૨૪ | તિલુક્કુ | તેલુક્કુ |
| ૫૨ | ૧૩ | સૂાર | સૂરિ |
| ૫૪ | ૧૫ | પવમાં | પર્વમાં |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# બે બોલ.

પરમકૃપાલુ પરમાત્માઓએ અનેક જન્મ જરા મરણ આધિ વ્યાધિ વિગેરેના દુઃખોથી ભરપૂર આ સંસાર સમુદ્ર બતાવેલ છે. તેનો પારપામવાને માટે તરવાનો ઉપાય જિનેશ્વર પ્રકાશિત પવિત્ર ધર્મની શ્રદ્ધાપૂર્વક સેવના શુદ્ધચિત્તે કરવાની કહેલ છે. ચિત્તભૂમિશુદ્ધ કરવા માટે માર્ગાનુસારિના પાંત્રિશ ગુણ ધારણ કરવાના કહ્યાં છે. તે ગુણવાલો પવિત્ર ધર્મને લાયક થાય છે અને પવિત્રધર્મ સમભાવપૂર્વકની મૈત્રીભાવનાથી હૃદયમાં ખિલે છે. તાત્પર્ય એજ કે સર્વજ્ઞવચનાનુસારિ સદ્દહણા અને આચરણા તેજ તરવાનો ઉપાય છે. છતાં પણ આજના આ વિષમ દુઃષમકાલમાં મતપંથના દષ્ટિરાગની વૃદ્ધિને લીધે કેટલા એક આગમ વચનને ઠોકરે મારી ઉત્સૂત્રની પ્રરૂપણા કરવામાં રસીઆ, ક્ષમાગુણનેતજી લડાઇ ટંટા ઝગડા વિગેરે કરાવવામાં તત્પર, પોતાથી વિપરીત વિચારવાલા તે ભલેને પછી આગમાનુસારે વિચારોને ધારણ કરનારા હોય તો પણ તેની છડે ચોક નિંદા કરવામાં ગીતાર્થના ડોળ કરનારા ભદ્રક જીવોને ઉન્માર્ગે ચડાવી રહ્યાં છે. જો કે રાગ દ્વેષની પરિણુતી સાધુજનોમાં ઓછી હોવી જોઇએ; તેને બદલે જ્ઞાન જ્ઞાનરૂપે નહી પરિણમવાથી તેને લઇને અથવા અજ્ઞાનતાને યોગે કિંવા પોતાના મતપંથના ખોટા આગ્રહને લઇને પર્યુષણા જેવા પવિત્ર પર્વમાં આગમ સૂત્ર સિદ્ધાંતથી વિપરીત પ્રરૂપણાઓ કરીને જે પર્વમાં કષાય પાતલા પાડવા જોઇયે, સર્વસંગાતે મૈત્રિ આદિભાવના કરવી જોઇયે, સર્વને ખમાવવા જોઇએ અને આરંભ સમારંભનો ત્યાગ કરવો જોઇએ તેના બદલે કષાયની વૃદ્ધિ અને આરંભ સમારંભમાં જોડાય તેવા ઉપદેશ કરે છે. જુઓ પંચમી જેવા પવિત્ર પર્વ દિવસમાં સ્વામી વાત્સલ્યના નામે આગ્રહપૂર્વક આરંભાદિક કરાવવામાં પાછા પડતા નથી. આવી ઉપદેશ કરવાની પદ્ધતિ પહેલા ન હતી. ચોથને માનનારા પહેલાના તો આચાર્યો પણ કહેતા કે 'આપણે વૃદ્ધપરંપરાથી જો કે ચોથ કરીએ છીએ તો પણ પંચમી પર્વતિથી હોવાથી વિરાધવી નહી' અને આજના નામ ધારી તો પંચમી કોઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિરાધતા ન હોય તો તેને પ્રેરણા કરીને પારણા કરાવવા, પંચમીના દિવસે જમણ કરાવવા એ નિમિત્તે આરંભ સમારંભ કરાવીને એ ભાદરવા શુદી પંચમીની તિથીને કોઇ રીતે વિરાધવી એમાંજ ધર્મ માની બેઠેલા છે. અગાઉ એ તિથીમાં આરંભાદિક કરતા ન હતા. પણ છઠના રોજ પારણા, સ્વામીવાત્સલ્ય, નવકારસી વિગેરે થતાં. એ રીતિને પ્રાયે હવે ઉઠાવી નાખી છે અને અનેક પ્રકારે ચોથ પાંચમની ન છાજતી ચર્ચાઓ કરી ભદ્રિકજીવોને કાંક્ષામોહનીયવાલા, કલુષિત પરિણામિ બનાવે છે. તેથી અનેકવાર તેવા પ્રશ્નો પુછાય છે; એમાં સાચું શું છે? અને સૂત્ર સિદ્ધાંતમાં શાસ્ત્રકારોએ શું ફરમાવેલ છે? તેના જિજ્ઞાસુ ભવ્યાત્માઓએ તે તે વિષયના પુછેલા પ્રશ્નના ઉત્તર આપવામાં સમતોલપણું રાખીને વિવેક પુરસ્સર બનતો પ્રયાસ કરવામાં આવેલ છે. તેથી આ પ્રશ્નોત્તરપ્રકાશમાં વિશેષ પ્રશ્નોત્તરો તો એજ સંબંધના છે જો કે બીજા વિષયના પુછાયેલા છે તેમાંથી થોડાનાજ ઉત્તરો આમાં આપવામાં આવેલા છે. આ પુસ્તકને બનતા પ્રયત્ને સુધારેલ છે છતાં પણ દષ્ટિદોષથી અથવા છાપખાનાના દોષથી ભુલો રહી હોય તેને સુધારીને વાંચવી.

આ પુસ્તકમાં અગાઉથી મદદ આપનાર સદ્‌ગૃહસ્થોના નામ–

રૂ. ૧૦ શા. જેસીંગભાઈ પોચાભાઈ વકીલ.
,, ૧૦ શા. જમનાદાસ જેસીંગભાઈ વકીલ.
,, ૧૦ શા. સોમચંદ જેસીંગભાઈ
,, ૧૦ શા. અમૃતલાલ હેમચંદ
,, ૫ શા. સોમાભાઈ ભગુભાઇ
,, ૫ શા. લાલભાઈ જોઈતારામ
,, ૫ શા. અમૃતલાલ લલુભાઈ

આ નામ જણાવવાનો હેતુ એ છે કે બીજાઓ પણ એમનું અનુકરણ પોતાના કલ્યાણને માટે કરે! ઇતિ શમ.

લેખક. } જ્ઞાનપંચમી રાજનગર.
વિ. સં. ૧૯૮૮ }

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ શ્રીમન્નાગપુરીયવૃહત્તપાગચ્છાધિરાજયુગપ્રવરશ્રીપાર્શ્વચંદ્રસૂરિસદ્‌ગુરૂભ્યોનમઃ॥

# પ્રશ્નોત્તરપ્રકાશ-પ્રથમભાગ.

લેખક.—

પરમપૂજ્યશ્રીભ્રાતૃચન્દ્રસૂરિશિષ્યમુનિસાગરચંદ્ર.

अर्हम्.

प्रणम्य श्रीमहावीरं शासनाधीश्वरं प्रभुम् ।
सद्‌गुरुं बंधुराजेशं वाणीं च श्रुतदेवताम् ॥१॥
प्रश्नोत्तरप्रकाशोऽयं भव्यानां हितहेतवे ।
मुनिसागरचंद्रेण शास्त्रं दृष्ट्वा विधीयते ॥२॥

શ્રીજૈનપ્રવચન-ભગવદ્ વાણી દ્વાદશાંગીને નમસ્કાર કરીને તત્વગવેષિ ભવ્યાત્માઓએ પુચ્છેલા પ્રશ્નોના ઉત્તરો સૂત્ર-સિદ્ધાંતાદિ શાસ્ત્રના આધારે સામાન્ય બોધવાળાને પણ સુખેથી સમજાય તેવી સરલ ગુજરાતી ભાષામાં લખવામાં આવેલા છે.

પ્રશ્ન ૧-જૈન કોને કહેવાય?

ઉત્તર-રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ અથવા ૧૮ મોટા દોષ તેનાથી તદ્દન નિરાલા થયેલા દેવને જિન કહેવાય છે, તે દેવની ઉપાસના સેવના કરનારને જૈન કહેવાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રશ્ન ૨–સામાયિક એટલે શું ? અને તે કરવાથી શું ફાયદો ?

ઉત્તર–શત્રુ મિત્રપર સમભાવરૂપ જે નિજગુણ (જ્ઞાન, દર્શન અને ચારિત્ર વગેરે) તેનો લાભ આપનાર તે સામાયિક, અને તેનાથી અશુભ કર્મનો નાશ થાય છે.

પ્રશ્ન ૩-પ્રતિક્રમણ એટલે શું અને તે કરવાથી શું ફાયદો ?

ઉત્તર–લાગેલા દોષોને ગુરૂપાસે યાદ કરી દોષોથી પાછા હઠવું તે પ્રતિક્રમણ કહેવાય, અને તેનાથી સર્વ દુઃખનો નાશ થાય છે.

પ્રશ્ન ૪–પૌષધ એટલે શું અને તે કરવાથી શું ફાયદો ?

ઉત્તર–આત્માના ગુણ જે જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક તેની વૃદ્ધિ-પુષ્ટિ કરે તે પૌષધ કહેવાય, અને તેનાથી દુર્ગતિનો નાશ થાય છે.

પ્રશ્ન ૫–ખરો શ્રાવક કોને કહેવાય ?

ઉત્તર–શુદ્ધ શ્રદ્ધાપૂર્વક શ્રાવકનાં બાર વ્રત પાલનાર હોય તે ખરો શ્રાવક.

પ્રશ્ન ૬–શ્રાવકનું મુખ્ય કર્તવ્ય શું ?

ઉત્તર–શુદ્ધદેવ, ગુરૂ અને ધર્મનું પ્રેમપૂર્વક આરાધન.

પ્રશ્ન ૭–સર્વધર્મમાં ઉત્તમ ધર્મ કયો ? ઉત્તર–જૈનધર્મ.

પ્રશ્ન ૮–ખરા ત્યાગી કોણ ? ઉત્તર–જૈનમુનિઓ.

પ્રશ્ન ૯–દિગંબર મુનિ કેવા હોય ?

ઉત્તર–દિશારૂપ વસ્ત્રને ધારણ કરનારા–નગ્ન.

પ્રશ્ન ૧૦-શ્વેતાંબર મુનિ કેવા હોય ?

ઉત્તર–શ્વેત એટલે ધોલા વસ્ત્રને ધારણ કરનારા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રશ્ન ૧૧–જૈનમાં પ્રમાણ કેટલા અને કયા ?

ઉત્તર–બે, પ્રત્યક્ષ તથા પરોક્ષ.

પ્રશ્ન ૧૨–પખ્ખી પ્રતિક્રમણ કઇ તિથીએ કરવું ?

ઉત્તર–દરેક ચૌદશે.

પ્રશ્ન ૧૩–ચોમાસી પ્રતિક્રમણ કઈ તિથીએ કરવું ?

ઉત્તર–પૂનમે.

પ્રશ્ન ૧૪–કયા કયા મહિનાની પૂનમ લેવી ?

ઉત્તર–આષાઢી, કાર્તકી અને ફાલ્ગુણી.

પ્રશ્ન ૧૫–સંવચ્છરી પ્રતિક્રમણ કઈ તિથીએ કરવું ?

ઉત્તર–ભાદરવા શુદી પંચમીએ. શ્રીસમવાયાંગસૂત્રમાં કહેલ છે.

પ્રશ્ન ૧૬–શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરસ્વામી પજ્જુસણ ક્યારે કરે ?

ઉત્તર–આષાઢપૂર્ણિમાંથી પચાસમે દિને, અને કાર્તકી પૂનમથી સિત્તેર દિવસ પહેલાં એટલે ભાદરવા શુદી પંચમીએ. 'સામાન્ય રીતે' અધિકમાસ હોય ત્યારે પણ ભાદરવા શુદી પંચમીજ લેવી. કારણ કે સંવત્સરી સંબંધી ધર્મકૃત્ય ભાદરવા માસ તથા પંચમી તિથી પ્રતિબદ્ધ હોવાથી. તેમાંજ કરે.

પ્રશ્ન ૧૭–શ્રીગણધર મહારાજાઓ પજ્જુસણ કેવી રીતે કરે ?

ઉત્તર–જેમ શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરસ્વામી કરે તેવી રીતે કરે. શ્રીકલ્પસૂત્રમૂલમાં કહેલ છે.

પ્રશ્ન ૧૮–શ્રીગણધર મહારાજાના શિષ્યો પજ્જુસણ ક્યારે કરે ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉત્તર-જ્યારે શ્રીગણધરમહારાજાઓ કરે ત્યારે તેમના શિષ્યો કરે. શ્રીકલ્પસૂત્રમૂલમાં કહેલ છે.

પ્રશ્ન ૧૯-સ્થવિરમહારાજાઓ પજ્જુસણ કેવી રીતે કરે?

ઉત્તર-જેમ ગણધરમહારાજાઓના શિષ્યો કરે તેમ કરે.

પ્રશ્ન ૨૦-શ્રુતકેવલીઓ સંવચ્છરી પ્રતિક્રમણ કઇ તિથીએ કરે ? ઉત્તર-ભાદરવા શુદી પંચમીએ.

પ્રશ્ન ૨૧-પૂર્વધર મહારાજાઓ સંવચ્છરી પ્રતિક્રમણ કઈ તિથીએ કરે? ઉત્તર-ભાદરવા શુદી પંચમીએ.

પ્રશ્ન ૨૨-બહુશ્રુતધરમહારાજાઓ સંવચ્છરી પ્રતિક્રમણ કઇ તિથીએ કરે ?

ઉત્તર-ભાદરવા શુદી પંચમીએ. શ્રીકલ્પસૂત્રમાં કહેલ છે.

પ્રશ્ન ૨૩-શ્રીમહાવીર શાસનવર્તી મુનિઓ સંવચ્છરી પ્રતિક્રમણ કઇ તિથીએ કરે ?

ઉત્તર-અવશ્ય કારણવિના ભાદરવા શુદી પંચમીએ કરે.

પ્રશ્ન ૨૪-ધર્મક્રિયા કરવામાં તિથી કઇ સ્વીકારવી ?

ઉત્તર-ઉદય તિથી.

પ્રશ્ન ૨૫-સંયમની માતા-કેટલી ?

ઉત્તર-આઠ-પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ.

પ્રશ્ન ૨૬-જે સર્વજ્ઞ ભગવાને કહેલાં શાસ્ત્રો હોય તેમાંજ શ્રદ્ધા રાખી શકાય, બીજાનાં કહેલામાં નહી ?

ઉત્તર-ના, બીજાનાં કહેલામાં નહી, કારણકે બીજા સર્વજ્ઞ ન હોવાથી છદ્મસ્થપણાને લેઇને મિથ્યા ભાષણનું શંભવ છે, માટે સર્વજ્ઞ ભગવાને કહેલાં શાસ્ત્રોજ આરાધ્ય છે. એ સંબંધમાં બીજાઓનો શું અભિપ્રાય છે ? બીજાઓનો અભિપ્રાય જોવો હોય તો નીચેનો લેખ વાંચો-( ધીયંગમેન્સજૈન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સોસાયટી સાહિત્ય અંક પૃષ્ઠ ૫૯ ' શાસન પ્રેમીયોને પડકાર ' નામના લેખમાંથી. ) શાસન પ્રેમીયોએ ચોક્કસ યાદ રાખવાનું છે કે ધર્મ એ અતીંદ્રિય વસ્તુ છે અને તેથી તેનું સ્વરૂપ અને કારણો સર્વજ્ઞ ભગવાનજ જાણી શકે, અને તેથીજ તેનાં કહેલાં શાસ્ત્રો હોય તેજ શ્રદ્ધાનાં સ્થાન થઇ શકે.

પ્રશ્ન ૨૭–અત્યારે ( જિનોક્ત વચન પ્રમાણે નહિ ચાળનારાઓનો સમુદાય મોટો દેખાય છે તેમ તેમાં કેટલા એક વિદ્વાન તરીકે પણ પંકાય છે, અને ) જિન આણા પ્રમાણે ચાલનારા તો થોડા દેખાય છે, તેનું કેમ ?

ઉત્તર–હમેસા જિનેશ્વરની આણાના આરાધક ઓછા હોય છે અને ગડ્ડરી પ્રવાહ વધારે હોય છે તેથી શું ?, આરાધકપણું તો સર્વજ્ઞ પરમાત્માઓએ બતાવેલ માર્ગ પ્રમાણે વર્તે તો થાય, તે સિવાય આરાધક થવાય નહી. જુઓ જૈન-પ્રવચન, વર્ષ ૨ જું અંક ૪ થો, પૃષ્ટ ૪૨.–નામધારી ગમે તેવા હોય, પણ શાસનને જરા બાજુ ઉપર રાખે તો ત્યાં આપણો સંબંધ બંધ ! ગમે તેવા શક્તિ સંપન્ન હોય તો એ શક્તિ એમને મુબારક ! ક્રોડો અનુયાયીનું ટોળું હોય તો ભલે હોય, ગાડર ટોળું મોટુંજ હોય, આ શાસનમાં વિદ્વત્તા કરતાં આજ્ઞા પાલકની કિંમતવધારે છે. શ્રીજિનેશ્વર દેવની આજ્ઞાની આધીનતાનીજ અહીં કિંમત છે. સંયમધર ડૂબે, જ્ઞાની ડૂબે પણ આજ્ઞાપાલક ન ડૂબે, કેમકે–એ મારગ ઉપર સ્થીર છે. અષ્ટ પ્રવચન માતામાં સ્થિર હોય એને ચૂકાવવાની તાકાત કોઇની નથી. એ તો કહે છે કે—

**' तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं '**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જે શ્રીજિનેશ્વર દેવે કહ્યું તેજ સાચું અને શંકા વિનાનું છે,-એવો એને દૃઢ વિશ્વાસ છે. એને કોઇ સમજાવવાનું કહે તો ભલે સમજાવી ન શકે, પોતામાં સમજાવવાની તાકાત નથી એમ કહે. પણ ભગવાનના વચનને ખોટું તો એ નજ કહે. એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, અને એક શ્રાવિકા ભલે હોય, પણ જો એ આજ્ઞાયુક્ત હોય તો તે શ્રીસંઘ છે, પણ આજ્ઞાને આઘે મૂકનાર લાખ સાધુ, સાધ્વી હોય, પાંચદશક્રોડ શ્રાવક હોય કે પંદરવીસક્રોડ શ્રાવિકા હોય, પણ તે સંઘ શ્રીજિનેશ્વર દેવનો સંઘ નથી, પણ હાડકાંનો સમૂહજ છે.

પ્રશ્ન ૨૮-મિથ્યાદૃષ્ટિ કોને કહેવાય?

ઉત્તર-જિનેશ્વર ભગવંતે કહેલ સૂત્રમાંથી એક પદ અથવા એક અક્ષરની રૂચિ ન કરે 'આ સત્ય છે' એ પ્રમાણે પોતાના મનમાં ન પરિણમાવે, અને તે સિવાય સકલદ્વાદશાગીને માનતો છતો પણ મિથ્યાદૃષ્ટિ જાણવો, કારણકે જગદ્ગુરૂ ભગવંતમાં વિશ્વાસ ન રહ્યો તેથી. જુઓ ધીયંગમેન્સ જૈનસોસાયટીનો સાહિત્ય અંક પૃષ્ટ ૧૧૩માં (સાચીકેલવણી. એ લેખમાં)- એવી શંકા નહિ કરવી કે સાધુનો વેષ ધારણ કર્યો હોય, પંચમહાવ્રત પાલતા હોય, અને જિનેશ્વર મહારાજને આરાધન કરવાની સાથે લોકોને ધર્મોપદેશ આપતા હોય તેવાને મિથ્યાદૃષ્ટિ કેમ કહેવાય? કેમકે શાસ્ત્રની અપેક્ષાએ જે મનુષ્યને શાસ્ત્રોક્ત કથનમાંથી એકપણ અક્ષરની શ્રદ્ધા ઓછી હોય તો બાકીનાં બધાં શાસ્ત્રોની રૂચિ છતાં પણ તે મનુષ્યને મિથ્યાદૃષ્ટિ કહેવો જોઇએ એ નિશ્ચિત છે અને તેવા મિથ્યાદૃષ્ટિનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંસર્ગ કરવો તેની પ્રશંસા કરવી, તેનો પરિચય કરવો, તેને નમન કરવું, અને તેને દાન વિગેરે આપવું, યાવત્ વધર બોલાવ્યા તેની સાથે બોલવું, તે પણ શ્રદ્ધાલુઓને કર્મબંધનું કારણ છે. તો પછી જેઓ આશ્રવને અને પાપબંધનના કારણોને સંવર, નિર્જરા, ધર્મ, પુણ્ય અને મોક્ષના કારણો તરીકે પ્રરૂપવા તૈયાર થાય, તેવા વર્તમાન જમાનામાં સાધુના વેષને ધારણ કરનારા હોય તેટલામાત્રથી કેમ પૂજ્ય ગણી શકાય? યાદ રાખવાની જરૂર છે કે, મહાવીરમહારાજાના નિર્વાણ પછી થયેલા નિન્હવો સાધુવેષધારી હતા, પંચમહાવ્રત પાલતા હતા, વિગેરે સમગ્ર સાધુની ક્રિયા કરતા હતા, છતાં શ્રીજિનેશ્વરમહારાજાના સત્ય અને શુદ્ધ શાસનને અનુશરવાવાલા આચાર્યાદિ સકલ સંઘે તેઓને દૂરજ કર્યા. જો કે વર્તમાન કાલમાં તેવા અતિશય પ્રતાપી કે પૂર્વધર મહાત્મા નથી અને તેથી કોઈ એક પદાર્થ ઉત્થાપે કે વિપરીત પરૂપણા કરે તેવાને નિહ્નવ તરીકે જાહેર કરી નિહ્નવની કોટીમાં બેસાડી શકાય નહીં. તોપણ શાસ્ત્રોના સ્પષ્ટ પાઠોને ઉથલાવી તેના ઉલટા અર્થો કરે અને ઘાતકીપણું પ્રવર્તાવે તથા અનાચારને શાસ્ત્રના નામે પોષણ આપવા તૈયાર થાય, તેવાઓને મિથ્યાદષ્ટિ ગણવા, એતો દરેક શાસ્ત્ર જાણનાર અને શ્રદ્ધાવાલા મનુષ્યોની ફરજજ છે.

પ્રશ્ન ૨૯–જિન આણા અને આચાર્યની આણા એ બેમાં બલવાન કોને જાણવી?

ઉત્તર–બલવાન આણા શ્રીજિનેશ્વરદેવની છે. આચાર્યની આણા જો જિન આણાનુસારી હોય તોજ પ્રમાણ થઈ શકે તે સિવાય પ્રમાણ ગણાય નહીં. જિન આણાને લોપી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આચાર્યની આણા પ્રમાણે વર્તે, તેને દોષિત કહેલ છે.

**यदुक्तं श्रीकल्पभाष्ये–' आणाइ जिणंदाणं, नहु बलियतरा हु आयरिअ आणा । जिण आणाइ परिभवो, एवं ही गव्वो अविणओय ॥ १ ॥'**

અર્થાત્–જિનેશ્વરોની આણાથી આચાર્યની આણા બલવાન કોઈ રીતે થઈ શકે નહી. જો કદી તેમ કોઈ કરે તો જિન આણાનો પરિભવ થાય અને પોતે અહંકારી થાય અને વલી અવિનીતપણાની પ્રાપ્તિ થાય, એમ કહેલ છે. શ્રીજિનઆણાએ અને પરંપરાએ પર્યુષણા ભાદરવા શુદી પંચમીના છે, અને વલી અપવાદે આચાર્યની આચરણાએ ચોથના જાણવા. જિન આણાથી તો પંચથી જાણવી. આચાર્યની આણા જિન આણાથી વધી શકે નહી, માટે જિન આણા પ્રમાણ કરવી. જે પંચમી ઉત્થાપે તે જિન આણા ઉત્થાપે છે, અને જિન આણાને જે ઉત્થાપે છે તેને જિન આણા ભંગનો દોષ લાગે છે. એટલાજ માટે કહેલ છે કે—

**" तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं " इतिश्रीभगवती सूत्रवचनात् ।**

અર્થાત્–તેજ સાચું અને સંદેહવિનાનું જે જિનેશ્વરપરમાત્માઓએ કહેલ હોય. એમ શ્રીભગવતીજી સૂત્રમાં કહેલ છે. માટે જિનાજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરિયે તોજ આરાધકપણું થાય અને જીવ કલ્યાણનું ભાગીદાર બને!

પ્રશ્ન ૩૦–આગમ–સિદ્ધાન્ત–સૂત્રોક્ત આચારપર બહુમાન કરનારને શું લાભ થાય ?

ઉત્તર–આગમ–અરિહંતે પ્રરૂપેલ સિદ્ધાંત તેમાં કહેલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આચારને આચરણ કરનાર-સ્વીકારી સેવનાર આત્મહિતૈષી પુરૂષ તેણે શ્રીતીર્થંકર, ગુરૂ ધર્માચાર્ય અને ધર્મ એ સર્વેને બહુમાનવાલા બનાવ્યા. જુઓ આ તેનો પાઠ-

यदुक्तं नवांगीवृत्तिकारकश्रीमदभयदेवसूरिभिः श्रीआगमाष्टोत्तरिकायां यत-आगमे-"आगमं आयरंतेण, अत्तणो हियकंखिणो । तित्थनाहो गुरु धम्मो, सव्वे ते बहु मन्निया" ॥७॥ व्याख्या-आत्मनः स्वस्य हितकांक्षिणा हितकामिना आगमं अर्हत्प्रणीतसिद्धांतोक्तमाचारं आचरता अभ्युपगच्छता जनेन तीर्थनाथोऽर्हद्गुरुधर्माचार्यः धर्मश्च ते सर्वे बहुमानिताः गौरविताः । अयं भावः-आत्महितैषिणा येन श्रीसिद्धांतो बहुमानितस्तदुक्तं सर्वमप्यंगीकृतमित्यर्थः । नतु जमाल्यादिवत् सिद्धांतैकदेशोप्यप्रमाणितोस्तीति, तेनार्हद्गुरुधर्मा बहुमानिता एव. यश्चागमपदमेकमपि नांगीकरोति स निह्नवपंक्तौ सम्यक्त्वविकलो गण्यते । 'पयमवि असद्दहंतो सुत्तुत्तं मिच्छदिट्ठीओ' इति वचनात् " ॥

અર્થાત્-સ્વહિતવાંછક પરમાત્માએ કહેલ આગમ આચરણાને આચરતા એવા ભવ્યાત્માએ તીર્થનાથ અરિહંત, ગુરૂ-ધર્માચાર્ય અને ધર્મ તે સર્વેને પ્રતિષ્ઠાવાલા કર્યા. આનું તાત્પર્ય એ છે કે-જે આત્મહિતના ઈચ્છનારે શ્રીસિદ્ધાંતનું બહુમાન કર્યું, એટલે તેમાં કહેલ સર્વે સ્વીકાર્યું છે, પણ જમાલી આદિની માફક નહી; જેણે સિદ્ધાંતનો એક ભાગ પણ અપ્રમાણ કરેલ નથી, તેથી તેણે સર્વને બહુમાનવાલા બનાવ્યા. જે સિદ્ધાંતના એક પણ પદને ન સ્વિકારે તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat  www.umaragyanbhandar.com

નિહ્નવની પંક્તિમાં અને સમ્યકત્વ રહિત ગણાય છે. કહેલ છે કે–સૂત્રમાં કહેલ એક પદને પણ નહી સદ્દહતો મિથ્યાદૃષ્ટિ જાણવો. એ પ્રકારે નવાંગીવૃત્તિકાર શ્રીઅભયદેદેવસૂરિએ આગમઅષ્ટોત્તરિમાં કહેલ છે.

પ્રશ્ન ૩૧–જિન આણા ચોથની સંવત્સરી કરવામાં છે કે પંચમીની સંવત્સરી કરવામાં છે ?

ઉત્તર–જિનેશ્વર ભગવંતોની આજ્ઞા પંચમીની સંવચ્છરી કરવામાં છે પણ ચોથની કરવામાં નથી. કારણ કે શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામી મોક્ષ ગયા પછી નવશોત્રાણું વર્ષ પર્યંતતો અખંડ રીતે ભાદરવા શુદી પંચમીની સંવચ્છરી ચાલી આવેલી છે, કેમ કે–શ્રીકાલકાચાર્ય તથા તેમના ગુરૂ વિગેરે સર્વ કોઇ શ્રીભાદરવા શુદી પંચમીનીજ સંવચ્છરી કરતા હતા. ત્યારબાદ રાજાના આગ્રહના કારણે શ્રીકાલકાચાર્યને ન છૂટકે ચોથ કરવી પડી છે. તો હવે પોતેજ વિચારો કે–જિનેશ્વરની આજ્ઞા ચોથની સંવચ્છરી કરવામાં છે ? કે શ્રીપર્વ પંચમીની સંવચ્છરી કરવામાં છે ? અને નવશો ત્રાણુ વર્ષશુધી ચતુર્વિધશ્રીસંઘે શ્રીપંચમીની સંવત્સરી કરી અને કરે છે તે શું શ્રીજિન આણા વિના કરી હશે ? અને કરતા હશે ? એમ તો કોઇ રીતે માની શકાય નહી, કારણ કે શાસ્ત્રોમાં તે સંબંધીના લેખો પડેલા છે. તો તેથી ચોક્કસ જાણવું કે શ્રીજિનેશ્વરની આજ્ઞા ભાદરવા શુદી પંચમીની સંવચ્છરી કરવામાં છે, પણ બીજી તિથીમાં નથી. શ્રીનિશીથસૂત્રમાં પાઠ છે કે પર્વમાં શ્રીપર્વ ન કરે અને અપર્વમાં શ્રીપર્વ કરે તો તેને પ્રાયશ્ચિત બતાવેલ છે જુઓ આ તે સૂત્ર પાઠ––

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**" जे भिक्खु पंज्जोसवणाए ण पज्जोसवेइ अपज्जोसवणाए पज्जोसवेइ तस्स चउ गुरु पच्छितं"**

અર્થાત્-જે સાધુ પજ્જુસણા પંચમીમાં ન કરે અને અપર્વમાં કરે તેને ચારગુરૂપ્રાયશ્ચિત આવે. અને શ્રીનિશીથચૂર્ણિમાં પંચમીને પર્વ અને ચોથને અપર્વ કહેલ છે. તો હવે અપર્વ ચોથમાં પજ્જુસણા કરવાની જિન આણા શી રીતે હોઇ શકે? જિનેશ્વરે તો અપર્વમાં પર્યુષણા કરે તેને પ્રાયશ્ચિત દોષ બતાવેલ છે. અને પર્વ પંચમીમાંજ પર્યુષણા કરવાની આજ્ઞા કરેલ છે.

પ્રશ્ન ૩૨-શ્રીકાલકાચાર્યે ચોથની સંવત્સરી કેમ કરી?

ઉત્તર-શ્રીનિશીથસૂત્રની ચૂર્ણિમાં એમ બતાવેલ છે કે રાજાના કેવાથી ચોથની સંવત્સરી તેમને કારણ અંગે કરવી પડી છે પણ પોતાની ઇચ્છાથી કરી નથી. તે સિવાય બીજો કોઈ હેતુ તેમાં બતાવવામાં આવેલ નથી.

પ્રશ્ન ૩૩-અપર્વ ચોથમાં શ્રીકાલકાચાર્યને પર્યુષણા કરવી પડી તેમાં શું કારણ નિશીથચૂર્ણિમાં બતાવેલ છે?

ઉત્તર-જુઓ નિશીથચૂર્ણિનો પાઠ—

**" पव्वेसु पज्जोसवेयव्वं णो अपव्वेसु, सीसो पुच्छति इयाणिं कहं चउत्थीए अपव्वे पज्जोसविज्जति? आयरिओ भणति कारणिआ चउत्थी अज्जकालगायरिएण पवत्तिआ, कहं भण्णते कारणं? अज्जकालगायरिओ विहरंतो उज्जेणिं गओ, तत्थ वासावासं ठिओ, तत्थ नयरीए बलमित्तो राया, तस्स कणिट्ठो भाया भाणुमित्तो जुवराया, तेसिं भगिणी**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat        www.umaragyanbhandar.com

भाणुसिरी नाम, तस्स पुत्तो बलभाणू णाम सो अ पगिइ भद्द-विणीययाए साहूणं पज्जुवासति, आयरिएहिं से धम्मो कहिओ पडिबुद्धो पव्वाविओ अ, तेहि अ बलमित्त-भाणुमित्तेहिं रूट्ठेहिं कालगज्जोअ पज्जोसविओ निव्विसओ कओ। केइ आयरिआ भणंति जहा-बलमित्तभाणुमित्ता कालगायरिआणं भागिणेज्जा भवंति, माउलोत्ति काउं महंतं आयरं करेंति अब्भुट्ठाणाइयं. तं च पुरोहिअस्स अप्पत्तिअं भणइ अ एसो सुद्द-पासंडो वेदाइ-बाहिरो, रण्णो अंतो पुणो पुणो उल्लवंतो आयरिएण णिप्पठ प्पसिण वागरणो कओ, ताहे सो पुरोहिओ आयरिअस्स पदुट्ठो रायाणं अणुलोमेहिं विप्परिणामेति-एरिसया महाणुभावा एते जेणं पहेणं गच्छंति तेणं पहेणं जति रण्णो गच्छति पयाणि वा अक्कमति तो असिवं भवइ, तम्हा विसज्जेह ताहे विसज्जिआ। अण्णे भणंति-रण्णा उवाएण विसज्जिआ, कहं ? सव्वंमि णगरे रण्णा अणेसणा कराविआ ताहे णिग्गया, एवमादिआण कारणाणं अण्णतमेण निग्गता, विहरंता पइट्ठाणं नगरं ते पट्ठिआ, पइट्ठाण समणसंघस्स य अज्जकालगज्जेहिं संदिट्ठं, जावाहं आगच्छामि ताव तुब्भेहिं णो पज्जोसविअव्वं। तत्थ य सातवाहणो राया सो अ सावओ सा अ कालगज्जं इंतं सोऊण निग्गओ अभिमुहो समणसंघोअ महाविभूईए पविट्ठो कालगज्जो, पविट्ठेहिअ भणिअं भद्दवयसुद्धपंचमीए पज्जोसविज्जइ समणसंघेण पडिवण्णं, ताहे रण्णा भणिअं तद्दिवसं मम लोगाणुवत्तीए

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**इंदो अणुजाणअव्वो होहित्ति साहूचेईएअ ण पज्जुवासेस्सं ततो छट्ठीए पज्जोसवणा किज्जउ, आयरिएहिं भणिअं ण वट्टति अतिक्कमितुं, ताहे रण्णा भणिअं ता अणागय चउत्थीए पज्जोसविज्जइ, आयरिएहिं भणिअं एवं भवउ, ताहे चउत्थीए पज्जोसविअं " इति निशीथचूर्णि दशमोद्देशके."**

અર્થાત્-પર્વમાં પર્યુષણા કરવી, અપર્વમાં કરવી નહી. શિષ્ય પુચ્છે છે-હાલ કેમ અપર્વ ચોથમાં પર્યુષણા થાય છે? ગુરૂ કહે છે-કારણિયા ચોથ આર્યકાલકાચાર્યે કરી. તેવું શું કારણ? અને શી રીતે બન્યું? આર્ય કાલકાચાર્ય વિચરતા ઉજ્જેણિમાં ગયા, ત્યાં ચોમાસું રહ્યા. તે નગરીમાં બલમિત્ર રાજા છે. તેનો નાનો ભાઈ ભાનુમિત્ર યુવરાજ છે. તેમની બેન નામે ભાનુશ્રી, તેણીનો પુત્ર બલભાનૂ નામે છે, તે પ્રકૃતિ-સ્વભાવે ભદ્રક અને વિનિત છે, સાધુઓની પર્યુપાસના-ભક્તિ કરે છે, આચાર્યે તેને ધર્મ સમજાવ્યો, તેને પ્રતિબોધ પમાડ્યો અને દીક્ષા આપી. તે કારણે રૂષ્ટાયમાન થએલા બલમિત્ર ભાનુમિત્રે ચોમાસી રહેલા કાલકાર્યને દેશવટ્ટો-દેશનિકાલ કર્યો. કોઈ આચાર્યો આપ્રમાણે કહેછે-બલમિત્ર અને ભાનુમિત્ર કાલકાચાર્યના ભાણેજ થાય છે, મામા છે એમ ધારીને ઉભા થવું વિગેરે બહુ આદર કરે છે. તે પુરોહિતને અપ્રીતિ કરતા થયું, પુરોહિત બડબડવા લાગ્યો-આ શુદ્ર પાખંડી વેદાદિબાહ્ય છે. એ પ્રમાણે રાજાની પાસે વારંવાર બોલતો તેને આચાર્યે નિરૂત્તર કર્યો-બોલતો બંધ કર્યો. ત્યારે તે પુરોહિત આચાર્યપર દ્વેષવાલો રાજાને અનુકૂલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વચનોથી જુદા પરિણામવાલો–વિપરીત પરિણામવાલો કરતાં બોલ્યો–એવા મહાનુભાવ એ જે માર્ગથી જાય ! તે માર્ગે જો રાજા જાય અથવા એમના પગલાઓ ચંપાય તો ઉપદ્રવ થાય માટે તેમને વિદાય કરો ! ત્યારે વિદાય કર્યા. બીજાઓ વલી આમ કહે છે–રાજાએ ઉપાયથી વિદાય કર્યા. કેવી રીતે ? સર્વ નગરમાં રાજાએ અનેષણીય કરાવ્યું તેથી નિકલી ગયા. ઇત્યાદિ કારણોમાંથી કોઇ પણ કારણસર નિકલી ગયા, વિચરતાં પઇઠાણ નગર તરફ ચાલ્યા પઇઠાણ નગરમાં પોતાના સાધુ સમુદાયને આર્યકાલકાર્યે સંદેસો આપ્યો–જ્યાં શુધી હું આવું છું, ત્યાં શુંધી તમારે ( નિવાસરૂપ ) પર્યુષણા નક્કી ન કરવા. તે નગરમાં સાતવાહન નામનો રાજા તે શ્રાવક ( છે ) તે કાલકાર્યને આવતો શાંભલીને સન્મુખ ગયો અને સાધુસમુદાય (પણ) સન્મુખ ગયો. મોટા આડંબરે કાલકાર્યને પ્રવેસ કરાવ્યો. અને પ્રવેસ કર્યા બાદ કાલકાર્ય બોલ્યા–ભાદરવા શુદી પંચમીએ પર્યુષણા કરવાના છે, તે સાધુ સમુદાએ સ્વીકારી લીધું. ત્યારે રાજાએ કહ્યું, તે દિવસે મારે લોકાનુવર્તિએ–શાંતિ, તુષ્ટિને માટે ઇંદ્ર મહોત્સવ ( ઇંદ્રિયાગ ) કરવાનું છે, તેથી સાધુ, ચૈત્યની સેવા ભક્તિ નહી થાય, તેથી છઠની પર્યુષણા કરો ! આચાર્યે કહ્યું, ઉલ્લંઘાય નહી, ત્યારે રાજાએ કહ્યું, તો આવતી ચોથે પર્યુષણા કરો ! આચાર્યે કહ્યું એમ થાઓ. તે કારણથી ચોથે પર્યુષણા કરી. આ પ્રમાણે નિશીથચૂર્ણિના દશમા ઉદ્દેશામાં બીના બતાવેલ છે.

આનું સાર આ છે.

ઉજ્જેણીનગરીમાં ચોમાસું રહ્યા હતા. ચોમાસામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને વલી રજા વિના બલભાનુને દીક્ષા આપી. રાજાના કોપે ત્યાં દેશવટો મલ્યો. ચોમાસામાં વિહાર કરી પઇઠાણપુરમાં આવ્યા. ભાદરવા શુદી પંચમીએ પર્યુષણા છે એમ પોતે જાહેર કર્યું. ત્યાંના સાધુ સંઘે તે વાત માન્ય કરી પણ રાજાએ માન્ય ન કરી. રાજા શ્રાવક હતોને? હા, છતાં આચાર્યનું કથન માન્યુ નહી. છેવટ રાજાએ ચોથની કરો! એમ કહ્યું, ત્યારે કાલકાચાર્યે 'એમ થાઓ' એમ બોલ્યા. તેનું કારણ પર્યુષણા નજીકમાં આવેલ છે, જો આ (રાજા)નું વચન માન્ય ન કરાય અને કદી આને પણ અરૂચિ થાય તો હવે શું થાય? આમ ધારીને કારણે ન છુટકે ચોથ કરવી પડી છે. પણ ચલાવવા માટે કરી નથી. એ બીના તો નિશીથચૂર્ણિના પાઠ ઉપરથી સ્પષ્ટ જણાય છે.

નિશીથચૂર્ણિને માનનારાઓએ નીચે લખેલ બીનાઓ નિશીથચૂર્ણિમાં સ્પષ્ટ બતાવેલ છે તે તરફ ધ્યાન આપવું જોઇએ—

૧ આષાઢ ચોમાસી પ્રતિક્રમણ આષાઢ શુદી પૂનમે બતાવેલ છે, ચૌદશે બતાવેલ નથી.

૨ કાર્તિકચોમાસી પ્રતિક્રમણ કાર્તિકશુદી પૂનમે બતાવેલ છે, કાર્તિકશુદી ચૌદશે બતાવેલ નથી.

૩ કાર્તિકવદી એકમનો વિહાર કરવાનો બતાવેલ છે, પણ કાર્તિકશુદી પૂનમનો સાધુઓને વિહાર કરવાનો બતાવેલ નથી.

૪ પર્વમાં પર્યુષણા કરવી બતાવેલ છે, પણ અપર્વમાં પર્યુષણા કરવી બતાવેલ નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫ ચોથને અપર્વ કહેલ છે પણ પર્વ કહેલ નથી.

૬ વસ્ત્ર રંગનારને પ્રાયશ્ચિત બતાવેલ છે પણ વિધિ નથી.

૭ પાંચ પાંચ દિવસની વૃદ્ધિ કરવી, કલ્પસ્થાપનમર્યાદા બતાવેલ છે. પણ સંઘની આજ્ઞાએ વિચ્છેદ ગયાની બીના બતાવેલ નથી.

આ ઉપર બતાવેલ સાત બાબતને ન માને, તે નિશીથચૂર્ણિને માને છે એમ કેમ કહેવાય?

નિશીથચૂર્ણિમાં તો ચોથ કેમ થઈ? એ શંકાનું સમાધાન ચરિતાનુવાદે કરેલ છે. નિશીથચૂર્ણિકારનો એવો અભિપ્રાય નથી કે હવે બધાએ ચોથ કરવી! અને ચરિતાનુવાદે જે બીના હોય તે વિધિવાદમાં કેવી રીતે સમાવેશ થઈ શકે?. અપવાદસિદ્ધાંતોને ઉત્સર્ગમાં ન મુકી શકાય. અપવાદ તે અપવાદ રૂપેજ રહે, અને ઉત્સર્ગ-સૂત્રો તે ઉત્સર્ગ-સૂત્ર રૂપેજ રહે. આ સિવાય બીજી સાત ઉપર બતાવેલ બીનાઓ નિશીથચૂર્ણિમાં છે તે તરફ કેમ ધ્યાન દેવાતું નથી? એમાં જે જે બીનાઓ બતાવેલ છે તે તે શ્રદ્ધાપૂર્વક માન્ય થાય તોજ તે સૂત્રની ચૂર્ણિ માની ગણાય. પોતાને અનુકૂલ પડતું માનીએ તે સિવાય લેખ છતાં પણ ન માનીએ તો તે નિશીથચૂર્ણિ માની કેમ ગણાય?. ઉપર બતાવેલ સાતબીનાઓ નિશીથચૂર્ણિકાર લાવેલા છે. તે ખાશ ધ્યાનમાં લેવા જેવી છે.

પ્રશ્ન ૩૪-પછીથી ચાલી કેમ હશે?

ઉત્તર-રાજાના આગ્રહથી ચોથની સંવચ્છરી કર્યા પછી શ્રી કાલકાચાર્ય તેજ શાલમાં કાલ કરી ગયા, પછીથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમના શિષ્યોએ ચલાવેલ હોવી જોઇયે, પણ શ્યા હેતુથી ચલાવી તેનો કાંઇ પણ ખુલાસો કોઈ ગ્રન્થમાં નથી.

પ્રશ્ન ૩૫–શ્રીકાલકાચાર્યે રાજાના કારણે કરેલ, ચોથ બધા ગચ્છોમાં ચાલી કે કેમ ?

ઉત્તર–શ્રીકાલકાચાર્યે રાજાના કેવાના કારણે કરેલ ચોથની સંવચ્છરી બધા ગચ્છોમાં ચાલી નથી. કિંતુ એમના પોતાના ગચ્છમાં તેમના કાલ કરી ગયા પછી ચાલી છે. તેમનો ભાવડહરો ગચ્છ છે. તે સિવાય સર્વે ગચ્છોમાં ભાદરવા શુદી પંચમીનીજ સંવચ્છરી ચાલતી હતી. સર્વે ગચ્છોમાં ચોથની સંવચ્છરી કરતા હતા એવો પ્રાચીન ગ્રન્થોમાં કોઈ જગ્યાએ લેખ છે નહીં. માટે ભાદરવા શુદી પંચમીની સંવચ્છરી સર્વે ગચ્છોમાં થતી હતી. એ ચોક્કસ જાણવું.

પ્રશ્ન ૩૬–અત્યારે આ બધા ચોથની સંવચ્છરી કરી રહ્યા છે તે કયારથી ?

ઉત્તર–અત્યારે બધા જૈનો ચોથની સંવચ્છરી કરતા નથી, પણ માત્ર તપગચ્છમાં અને ખરતરગચ્છમાં થાય છે, અને તે પણ વિક્રમ સંવત્ ૧૨શોની સદીના અરસામાં ચાલેલ છે. તેના પહેલા એક ભાવડહરા ગચ્છમાં કાલકાચાર્ય પછી ચોથની સંવચ્છરી થતી હતી. તે સિવાય સર્વે ગચ્છોમાં ભાદરવા શુદી પંચમીની સંવચ્છરી પ્રવર્તતી હતી.

પ્રશ્ન ૩૭–વિક્રમસંવત્ ૧૨શોની સદીના વખતથી ચાલેલ છે તેની શી ખાત્રી કે, ત્યારથી બીજાઓમાં ચાલી ?

ઉત્તર–વિક્રમસંવત્ ૧૨શેંની સદીના લગભગથી પહેલા થએલા આચાર્યોએ પોતાના બનાવેલા ગ્રન્થોમાં ભાદરવા શુદી પંચમીની સંવચ્છરી કરવાનું લાવેલા છે, પણ ચોથ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવાનું તેમાં નામ નિશાન પણ નથી. એ ખાત્રી સમજવી. કેવળ શ્રી કાલકાચાર્યના સંતાનીયાઓ ચોથની સંવચ્છરી કરતા હતા. તેમને મુકીને સર્વત્ર જૈનોમાં ભાદરવા શુદી પંચમીની સંવચ્છરી ચાલતી હતી.

પ્રશ્ન ૩૮-શ્રીકાલકાચાર્યે રાજાના આગ્રહથી ચોથની સંવચ્છરી કરી તે સમસ્ત હિંદુસ્તાનના જૈનાચાર્યોએ સ્વીકારી, એમ આજનાં કેટલા એક સંવેગી સાધુઓ વિગેરે કહે છે તે કેમ ?

ઉત્તર-તે બીના સાચી નથી, કારણકે તે હકીકત સાબીત કરવામાં શ્રીજૈનપૂર્વાચાર્યોના લેખ કોઇપણ પ્રાચીન જૈન ગ્રન્થોમાં નથી. તેમજ આપણે સ્વબુદ્ધિથી વિચારવાનું કે તે કાલમાં આજની માફક ટપાલ, ટેલીફોન્, રેલગાડી, મોટર, બાઇસિકલ, એરોપ્લેન્-વિમાન અને વાયલેંસ વિગેરે સાધનો પણ ન હતા, તો આખા હિંદુસ્તાનમાં સર્વે જૈનાચાર્યોને ટુંકા સમયમાં શી રીતે ખબર આપી હશે ? અને શી રીતે બધા આચાર્યો સામેલ થયા હશે? આ બીના કોઈ રીતે આપણી બુદ્ધિમાં બેસે તેવી નથી. તેમ તે બીનાનું પ્રમાણ કોઇપણ પ્રાચીન સિદ્ધાંતો કે ગ્રન્થોમાં નથી, જેથી આપણે સ્વીકારી શકિયે, કિંતુ પઇઠાણ પુરના સમણસંઘે તે વાત સ્વીકારી. એવા અક્ષર નિશીથચૂર્ણિનાં છે. અને તે શંભવી પણ શકે, કારણકે-જે નગરમાં-એટલે પઇઠાણપુરમાં રાજાના કહેવાથી શ્રીકાલકાચાર્યને ચોથનીસંવત્સરી કરવી પડી તેમના અનુયાયીઓને પણ તે કરવી પડે એ ન બનવા યોગ્ય નથી. વલી બધાએ ગચ્છોના જૈનાચાર્યોને શું કારણ પડયું હતું ? કે જેથી તેઓ બધાય ગચ્છવાલા આચાર્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચોથની સંવચ્છરી કરે? નીયમ તો એ છે કે જેને કારણ પડયું હોય તે કરે, તો તે વ્યાજબી ગણાય. તેમવલી બધા જૈનાચાર્યોનાં તે શ્રીકાલકાચાર્ય ગુરૂપણ ન હતા, કે જેથી બધા ગચ્છના જૈનાચાર્યો તેમ કરે. તેમજ વલી શ્રીકાલ-કાચાર્યે ચોથની સંવત્સરી ચલાવવા માટે કાંઈ કરી ન હતી. કે જેથી બધાએ ગચ્છના જૈનાચાર્યોને હુકમ કરી ચોથની સંવત્સરી કરાવે? તેમણે તો ન છુટકે કરી હતી.

પ્રશ્ન ૩૯–શ્રીકાલકાચાર્ય સમસ્તજૈનાચાર્યોના ગુરૂ કેમ ન હતા? અત્યારે વિચરતાં સાધુઓને પૂછતાં તેઓ-માંથી કેટલાએક કહે છે કે સમસ્તજૈનાચાર્યોના ગુરૂ હતા તેનું કેમ?

ઉત્તર–જો તેઓ કેતા હોય કે તે શ્રીકાલકાચાર્ય અમારા સર્વના ગુરૂ હતા, તો તે શ્રીકાલકાચાર્યનું નામ પોતાના ગચ્છની પટ્ટાવલીમાં પટ્ટધર તરિકે કેમ નથી? અને જો તેઓ કહે કે, છે! તો બતાવો! તમારી તપાગ-ચ્છની પટ્ટાવલીમાં પટ્ટધર તરીકે કેટલામાં તે શ્રીકાલકાચાર્ય પટ્ટધર થયા છે, અને તેમની એટલે શ્રીકાલકાચાર્યની પાટે કોને ગણો છો? તે બતાવવું જોઇયે. શું બતાવે હોય તોને?. વળી તેમને ગુરૂ તરીકે માને તો તેમના ગચ્છની સમા-ચારી કરવી જોઇએ, તે સમાચારી ' સુધર્મગચ્છપરીક્ષા ' માં આ પ્રમાણે પૃષ્ઠ ૩૬ માં બતાવેલ છે—

યુગપ્રધાન કાલિકસૂરિને, કહે તેહ ન વિચારે મને;
કાલિકસૂરિ કવણગચ્છ થયો, કવણ આચાર તિણે થાપીયો. ૮૭
તાસુ ગચ્છ ભાવડહરો સહી, પચ્ચખાણ વંદણ તેણે નહિ;
પહેલો પડિક્કમે ઇરિયાવહી, સામાયકવિધિ પછે કહી. ૮૮

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાખી ચઉમાસી ચઉદશે, કરે પજ્જુસણ ચઉથે રસેં;
કરે પ્રતિષ્ઠા જેણીવાર, માંડે નાંદિ વિશેષ તેવાર. ૮૯
પહેરે કંકણ ને મુદ્રડી, બાજુબંધ બહિરખી જડી;
સ્નાન કરે બંધે નવગ્રહી, સદશ જુઅલુ પહેરે સહી. ૯૦
કરે વિલેપણ રૂડા ગાત્ર, સંઘ સંઘાતે કરે જલજાત્ર;
માલારોપણ ને ઉપધાન, તે તો માને દોષ નિદાન. ૯૧
મહાનિશીથ ન તે સદ્દહે, શ્રાવકને ચરવલું નવિ કહે;
દિનપ્રતી દેવીની થુઈ ચાર, ઓઘે દશી પ્રલંબ વિચાર. ૯૨
યુગપ્રધાનકાલિકગુરૂતણો, કાઉસગ્ગકરેચિહુંલોગસ્સતણો;
અંતર પડિક્કમણે પુણ જોય, એવા બોલ ઘણા તિહાં હોય. ૯૩
ન કરે બોલ ઘણા જે ઈસા, યુગપ્રધાન તિણે માન્યા કીસા;
એહ માંહે જેહ કાઢે ખોડ, ઉભય ભ્રષ્ટ માંહે તે જોડ. ૯૪
નવિમાની તેણે જિનવરઆણ કાલિકસૂરિ કર્યા અપ્રમાણ.
તો તિહાં આરાધકપણું કિશ્યું, પડ્યા પ્રવાહ ન જાણે ઇશ્યું. ૯૫
કેઇ કહે કહ્યો શ્રી મહાવીર, કાલિકસૂરી હોશે ગંભીર;
તે ચોથે કરશે એ પર્વ, એ પણ કલ્પિત ઉત્તર સર્વ. ૯૬
સૂત્ર ન કાલિકગુરૂનું નામ, તો કિમ કહીએ પજ્જુસણઠામ;
જાણ હશે તે જોશે સૂત્ર, પાપ ભીરૂ ટાલશે ઉત્સૂત્ર. ૯૭
પાટ સત્તાવીશમાંહે નહીં, કાલિકસૂરી વિચારો સહી;
ભાવડહરાતણા ગચ્છ ટાલ, પાટ નામમાંહે મ નિહાલ. ૯૮
પણ છે લોક કદાગ્રહ ભર્યો, લીધા બોલ કહે અનુસર્યો;
હોશે વિવેકી તે જાણશે, પોતાનો મત નવિ તાણશે. ૯૯
જિનભાષિત આગમ અનુસાર, કરે થાપના સૂત્ર વિચાર;
તેહતણા સવિ સરશે કાજ, લેશે અવિચલપદનું રાજ. ૧૦૦

ઉપર બતાવી એ પ્રમાણે તેમના ગચ્છની સમાચારી ન કરે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેણે કાલકાચાર્યને ગુરૂ તરીકે માન્યા કેમ ગણાય. બોલવા માત્રથી ગુરૂ ન માની શકાય.

પ્રશ્ન ૪૦–મહાન્ જૈનાચાર્યો જેવા કે–શ્રીહરિભદ્રસૂરિ, શ્રીઅભયદેવસૂરિ અને કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિ વિગેરે શુદી પંચમીની સંવત્સરી કરતા હતા કે ચોથની? કેટલાએક એમ કહે છે કે તેઓ ચોથની કરતા હતા. તેમાં શું સાચું સમજવું ?

ઉત્તર–તેઓ ભાદરવા શુદી પંચમીની સંવત્સરી કરતા હતા, છતાં પણ કોઈ કહે કે તેઓ ચોથની કરતા હતા તો તેમને પૂછવું જોઈયે કે તમે શ્યા આધારે કહો છો ? તે સંબંધમાં તેઓશ્રીનો લેખ કોઇ પણ ગ્રન્થમાં છે ? તેઓનાં બનાવેલા ઘણા ગ્રન્થો છે. તેમાં કોઈ પણ ગ્રન્થમાં ચોથની સંવત્સરી કરવી એવો લેખ તેઓએ લખ્યો છે ? એવો લેખ તો તેમણે કોઈ પણ પોતાના બનાવેલા ગ્રન્થોમાં કરેલ નથી. કિન્તુ તેઓએ પોતાના બનાવેલા ગ્રન્થોમાં ભાદરવા શુદી પંચમીને માટે લખાણ કરેલ છે. હવે વિચારવું જોઇએ કે તેઓ ચોથ કરતા હતા કે પંચમી ? નીયમ તો એવો છે કે જે કરતા હોય તે પોતાના ગ્રન્થોમાં લાવે અને ન કરતા હોય તે ન લાવે. એ ઉપરથીજ સિદ્ધ થાય છે કે તેઓ ભાદરવા શુદી પંચમીનીજ આરાધના કરતા હતા.

પ્રશ્ન ૪૧–શું હરિભદ્રસૂરિ પોતાના લખેલા ગ્રન્થોમાં પંચમીના દિવસે શ્રીપર્વ કરવાનું લાવેલા છે ?

ઉત્તર–હા, શ્રીહરિભદ્રસૂરિજી સ્વકૃત પંચાશકજી ગ્રન્થમાં ભાદરવા શુદી પંચમીના દિવસે શ્રીપર્વ કરવાનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લાવેલા છે. જુઓ જૈનધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ શ્રીપંચાશકજી ગ્રન્થના પત્ર ૨૭૩ માં *બીના છે. જે કરતા હોય તે લાવે. ચોથે પર્યુષણા પર્વ કરવાનું તેઓ પોતાના કરેલા કોઇ પણ ગ્રન્થમાં લાવેલા નથી.

પ્રશ્ન ૪૨–નવાંગીટીકાકાર શ્રીઅભયદેવસૂરિ ચોથે પર્યુષણા પર્વ કરવું, એમ કોઈ પણ જગ્યાએ લાવેલા છે?

ઉત્તર–ના, તેનાથી ઉલટું ભાદરવા શુદી પંચમીના દિવસે શ્રીપર્વ કરવાનું લાવેલા છે. જુઓ શ્રીસમવાયાંગસૂત્ર ટીકા પત્ર ×૮૧માં ( આગમસમિતિવાલી આવૃત્તિ. ) તથા

---

* पंचाशके सप्तदशपंचाशकस्य गाथा-" चोउम्मासुक्कोसो, सत्तरि राइंदिया जहण्णोउ । थेराण जिणाणं पुण णियमा उक्कोसओ चेव ॥ ३९ ॥ व्याख्या-चत्वारो मासाः समाहृताश्चतुर्मासं तदेव चातुर्मासं तद्यावत् । उत्कर्ष उत्कृष्टः, आषाढयाः कार्तिकीं यावदित्यर्थः । सप्तति रात्रिदिवान्यहोरात्राणि यावत् । जघन्यस्तु जघन्यः पुनः, भाद्रशुक्लपंचम्याः कार्तिकीं यावदित्यर्थः। केषामयं पर्युषणाकल्प इत्याह-स्थविराणां स्थविरकल्पिकानां । जिनानां पुनर्जिनकल्पिकानां तु। नियमादवश्यंतया निरपवादत्वात्तेषां । उत्कर्षक एवोत्कृष्ट एव, चतुर्मासमेवेत्यर्थः ॥ ३९ ॥

× 'समणे भगवं महावीरे वासाणं सवीसइ राए मासे वइक्कंते सत्तरिएहिं राइंदिएहिं सेसेहिं वासावासं पज्जोसवेइ' वृत्तिः-समणे इत्यादि वर्षाणां-चातुर्मासप्रमाणस्य वर्षाकालस्य सविंशतिरात्रे विंशतिदिवसाधिके मासे व्यतिक्रांते पंचाशति दिनेष्वतीतेष्वित्यर्थः सप्तत्यां च रात्रिदिनेषु शेषेषु भाद्रपदशुक्लपंचम्यामित्यर्थः, वर्षास्वावासो वर्षावासः-वर्षावस्थानं 'पज्जोसवेइ' त्ति परिवसति सर्वथावासं करोति,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

†આગમઅષ્ટોત્તરી ગ્રન્થમાં પણ લાવેલા છે.

પ્રશ્ન ૪૩–કલિકાલસર્વજ્ઞ કુમારપાલનૃપપ્રતિબોધક પૂર્ણતલગચ્છીય શ્રીહેમચંદ્રસૂરિ સ્વકૃત ગ્રન્થોના કોઇપણ સ્થળમાં ચોથના દિવસે શ્રીપર્વ કરવાનું લાવ્યા છે કે કેમ?

ઉત્તર–ના, તે શ્રીહેમચન્દ્રાચાર્યે પોતાના કરેલ કોઈપણ ગ્રન્થમાં તે બીના લાવેલા નથી, અને જો કોઇ કહે કે–લાવેલા છે તો તેની પાસે તે ગ્રન્થનું નામ તથા તેનું અધિકાર પૂછી જાણી લેવું જોઈયે. મોઢાની વાત ન ચાલે, લેખ હોય તોજ પ્રમાણ ગણાય. હાલના સમયમાં મોઢાના ગપ્પા બહુ ચાલ્યા કરે છે.

પ્રશ્ન ૪૪–' વડાકલ્પનો છઠકરીને વીરવખાણ શુણીજેજી ' એમ પ્રભુ સ્તુતિમાં બોલે છે, તે કોઈપણ શાસ્ત્રમાં હશે?

---

**पंचाशति प्राक्तनेषु दिवसेषु तथाविधवसत्यभावादिकारणे स्थानान्तरमप्याश्रयति भाद्रपदशुक्लपंचम्यां तु वृक्षमूलादावपि निवसतीति हृदयमिति ॥**

† **यदुक्तम् आगमअष्टोत्तरिकामां -' आवस्सयाइकरणं, इच्छा मिच्छाइ दसविहायरणं । चिइवंदणपडिलेहण, संवच्छरपव्वपव्वतिही ॥ १ ॥ उदयतिहीणं ठवणा, विणयाइ सुसाहुमाणदाणाणं । इत्थवि का? आयरणा, बलबुद्धि का ? विहावेइ ॥ ३ ॥ इति.**

અર્થાત્—આવશ્યકાદિક કરવામાં, ઇચ્છામિચ્છાદિ દશ પ્રકારની સામાચારિમાં, ચૈત્યવંદનમાં, પડિલેહણમાં, સંવત્સરીપર્વમાં, પર્વતિથિઓમાં, ઉદયતિથિની સ્થાપનામાં, વિનયાદિકમાં, સુસાધુને માન દેવા કરવામાં, ઈત્યાદિ કાર્યોમાં, આચરણા તે શી ? એમાં તે બલબુદ્ધિની શી ? હાની આવે છે ! ! ! ॥ ૨ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉત્તર-ના, તે બીના સિદ્ધાંત-શાસ્ત્રોમાં જોવામાં આવેલ નથી. હમણાનાં મુનિ-યતિયોએ વિચાર્યા વિના જોડિ નાખેલ છે, કારણ કે આ સૂત્રનું નામજ કલ્પસૂત્ર છે. કાંઇ તેનું નામ વૃહત્કલ્પસૂત્ર નથી. વૃહત્કલ્પસૂત્ર તો જુદોજ છે. તો પછી કલ્પની અંદર વૃહત્કલ્પ કયાંથી પ્રવેશ કરી ગયો. મતલબ કે કલ્પ તે વૃહત્કલ્પ શીરીતે બની શકે? અને કલ્પ શબ્દે મુનીયોનો આચાર એ પ્રમાણે વૃત્તિકારો અર્થ કરે છે. તો પછી જિનચરિત્રોને વૃહત્કલ્પ શીરીતે કહી શકાય? આ બધી બીના વિચારે તેને સમજાય તેવી છે.

પ્રશ્ન ૪૫-દોઢ માસધર, માસધર, પક્ષધર એ વિગેરે ધરોની પ્રથા જે ચાલી છે, તેનો લેખ શાસ્ત્રોમાં હશે કે?

ઉત્તર-તેનો લેખ શાસ્ત્રોમાં જોવામાં આવેલ નથી. પણ અઠ્ઠાઇયોનો લેખ શાસ્ત્રોમાં છે, અને એ પ્રથા તો પાછલથી ચાલેલ છે. ભોલા લોકોને એ સંબંધી વિચાર હોતો નથી. તેઓ તો એમજ સમજે કે બધું શાસ્ત્રોથીજ ચાલે છે.

પ્રશ્ન ૪૬-અઠ્ઠાઇયો કેટલી? તેમાં શાસ્વતી કેટલી? અને અશાસ્વતી કેટલી?

ઉત્તર-‡શ્રીજીવાભિગમસૂત્રમાં અઠ્ઠાઇયો ચાર બતાવેલ

---

‡ जीवाभिगमसूत्रे-' तत्थण बहवे भवणवइ-वाणमंतर-जोइसियवेमाणिया देवा तिहिं चउमासिएहिं पज्जोसवणाएअ (अण्णेसु बहूसु जिणजम्मणणिक्खमणणाणुप्पत्तिपरिणिव्वाण-माइएसु य देवकज्जेसु य देवसमुदएसु य देवसमिईसु य देवसमवाएसु य देवपओयणेसु य एगंतओ सहिता समुवागआ समाणा पमुइय पक्कीलिया) अठ्ठाहिआओ महामहिमाओ करेमाणा पालेमाणा सुहंसुहेणं विहरंति '।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. ત્રણ ચોમાસીની અને એક પર્યુષણાની. એટલે ૧–આષાઢ શુદી પૂનમની, ૨–કાર્તક શુદી પૂનમની, ૩–ફાલ્ગુણ શુદી પૂનમની અને ૪–ભાદરવા શુદી પંચમીની. આ ચાર તિથીપર્વમાં ચારે નિકાયના દેવતાઓ પોતાના સુખચેનને મુકી શ્રીનંદીશ્વર દ્વીપે જઈ શાસ્વતા જિનેશ્વરોની પૂજા, મહિમા ઓચ્છવ વિગેરે કરી ધર્મની મહિમાકરે છે. સદાના કાલમાટે નીયમ પરમાત્માએ શ્રીજીવાભિગમસૂત્રમાં બતાવેલ છે. અને આસોમાસની અઠ્ઠાઈ તથા ચત્રમાસની અઠ્ઠાઈ એ બે અઠ્ઠાઈઓ પછીના આચાર્યો લાવેલા છે. અને તે શ્રીઉત્તરાધ્યયનસૂત્રની ટીકામાં છે. અને તેને શાસ્વતી તરિકે માને છે. પણ તેનો લેખ ચાર અઠ્ઠાઇની માફક ખુલ્લો પાઠ કોઈ સિદ્ધાંતમાં નથી. એમ છ અઠ્ઠાઇઓ ગણાય છે.

પ્રશ્ન ૪૭–ચોથ કર્યા પછે બીજે વર્ષે પંચમી થાય નહી. કેટલાએક એમ કહે છે કે એક દિવસ વધી જાય તે કારણને લીધે શ્રીકાલિકાચાર્યે બીજે વર્ષે પંચમી કરી નથી, તો તેનું કેમ?

ઉત્તર–એ એમનુ કહેવું ઠીક નથી, કારણ કે શ્રીકાલકાચાર્ય તો તેજ સાલમાં કાલ કરી ગયા છે. બીજાપચુષણાપવ શુધી તેઓ રહ્યા નથી, અને એક દિવસ વધી જાય એવી યુક્તિ કરવી તે પણ વ્યાજબી નથી. કારણ કે દિવસ વધી જવાના ભયથી જો નજ થાય તો પ્રાયેં વિક્રમ સંવત્ ૧૯૫૨ ની સાલમાં પેટલાદ ગામમાં મુનિઆણંદસાગરજી વિગેરે ત્રીજની સંવચ્છરી કરી હતી, અને એ સિવાય બધેસ્થલે જૈનોમાં ભાદરવા શુદી પંચમીની સંવચ્છરી થઈ હતી. તો હવે ત્રીજ કરનારને સદાય ત્રીજ કરવી જોઇયે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat      www.umaragyanbhandar.com

કારણ કે ચોથ કરે તો એક દિવસ વધી જાય અને અનંતાનુબંધિ દોષના ભાગીદાર થવું પડે. માટે ત્રીજજ કરવી જોઇયે, પણ તેમ કરતાં દેખાતાં નથી. તો હવે તેમને અનંતાનુબંધિ લાગવું જોઇએ. અને તે વખતે સર્વત્ર પંચમીની સંવચ્છરી કરનારાઓએ દરવરસે પંચમીનીજ કરવી જોઇએ. તેમ પણ થએલ નથી. માટે એતો એક ભ્રમમાં નાખવાની યુક્તિ છે. અને જો એમજ હોય તો "ભાદરવા શુદી પંચમીની રાત્રી ઓલંગવી નહી" એમ સૂત્રમાં સૂત્રકારો લખે છે, તે નીયમ કેમ રહી શકે? એ પણ વિચાર કરવો જોઇયે. જે કાંઈ કારણે કરાય તે સદાને માટે હોય નહિ, અને જે સદાને માટે હોય તે કારણિક પણ ન ગણાય. આ વાતતો બરાબર સમજી શકાય તેવી છે. જિનવચનાનુસારે વિચાર કરે તે સમજી શકે તેમ છે.

પ્રશ્ન ૪૮–શ્રીકાલકસૂરિ બીજે વરસે પંચમીનાં શ્રીપર્વ કરે તો તેમને અનંતાનુબંધી થાય?

ઉત્તર–અનંતાનુબંધી કોને થાય? જે દેવસી, રાઈ, પખ્ખી, ચોમાસી અને સંવચ્છરીમાં પણ ન ખમાવે અને કષાય થએલ હોય તેને તેમજ રાખે. તેને અનંતાનુબંધી થાય. કાલકસૂરિ આચાર્યતો પ્રતિક્રમણ રોજ કરતા હતા

"जे मे केइ कसाया सव्वं तिविहेण खामेमि"

આ પાઠ આયરિય ઉવજઝાયમાં આવે છે. એ પ્રમાણે ખમાવનારને અનંતાનુબંધી શીરીતે થાય તે વિચારજો.

પ્રશ્ન ૪૯–ગીતાર્થે આચરેલી કઈ આચરણા પ્રમાણ?

ઉત્તર–સમર્થ ગીતાર્થ લાભાલાભ જાણી સ્વસમુદાયમાં સાધુઓના હીતાહીતને માટે જે જે આચરે તે તે પ્રમાણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભૂત થાય, પણ કાલકસૂરિયે તો રાજાનું વચન રાખવાની ખાતરજ ન છુટકે કરેલ છે, તેમાં સાધુઓનો તો કાંઈ પણ હીત રહેલ નથી. સાધુઓનો હીત તો શ્રીમહાવીરપ્રભુની પરંપરાનુગત શ્રીપર્વ આરાધવામાંજ છે. પંચમીને છોડીને ચોથ આરાધન કરવાથી અધિક લાભ જેવું જણાતું નથી. સદા તેમજ વર્તવા માટે આચાર્યની આજ્ઞા પણ નથી. જો આજ્ઞા હોય તો બતાવવી જોઇએ.

પ્રશ્ન ૫૦–કેટલાએક એમ કહે છે કે શ્રીવીરભગવાન ભાખી ગયા છે કે–કાલકાચાર્ય થશે અને ચોથની સંવત્સરી ચલાવશે. એ પ્રમાણે પરમાત્માએ કોઈપણ સૂત્રમાં ફરમાવેલ છે? અને પ્રભુએ કહેલ છે એમ જે કહે છે તે બીના સાચી હશે?

ઉત્તર–શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીએ પ્રકાશ કરેલ આગમ વાણી તેમાં આ બીના બીલકુલ નથી. હાલમાં પરમપૂજ્યતરિકે મનાતા ૪૫ આગમ સૂત્ર–સિદ્ધાંતો છે, તેમાં કોઇ જગ્યાએ પ્રશ્નમાં પૂછેલ હકીકત આવેલ નથી. શ્રીભગવંતની વાણી હોય તો સૂત્રોમાંજ હોય. સૂત્ર સિવાય ભગવંતની વાણી હોય નહી. અને સૂત્ર સિવાયની વાણીને શ્રીભવંતની વાણી કહી શકાય નહી. એતો પેલા પક્ષી શ્રદ્ધા થવીજ જોઇયે. સૂત્ર સિવાયની વાણી મારા તમારા જેવા છદ્મસ્થ દૃષ્ટિરાગીએ પ્રભુના નામે જોડી કાઢેલાને ભગવંતની વાણી તરિકે માની લઇએ તો સૂત્ર–સિદ્ધાંતનો બહુમાન પછી કયાં રહ્યો. દીવાલીકલ્પનું નામ લે છે તે કેમ? દીવાલીકલ્પનાં કર્તા કાંઇ ભગવાન થોડાજ છે. તેમજ વલી દીવાલીકલ્પ એક નથી. જુદા જુદા આચાર્યોના કરેલા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. અને તે પણ દીવાલીકલ્પો શ્રીકાલકાચાર્યના પછીના કાલમાં થએલા આચાર્યોના બનાવેલા છે. અને તેમાં એક સરખી મલતી હકીકત પણ નથી. એવા દીવાલી કલ્પોને ભગવાનનાં કહેલા કેમ માની શકાય. પોતે માની લીધેલ વસ્તુને સત્ય ઠેરાવવા માટે પરમાત્માનું નામ લઇ કહેવું કે એતો પ્રભુએ પ્રકાશ કરેલ છે; આથી તો મોટા પાપનો ભાગીદાર થવાય છે. પરમાત્માને તે બીના પ્રકાશિત કરવી હોત તો શ્રીભગવતીસૂત્રમાંજ કરત, ત્યાં પ્રસંગ છે. છતાં પણ ત્યાં તે બીના છે નહી. માટે તમારે ચોક્કસ સમજવું કે પાછલના આચાર્યોએ પોતાને અનુકૂલ પડતી બાબતોને પ્રભુના નામે જોડી નાખેલી છે.

પ્રશ્ન ૫૧-પહેલા તથા છેલ્લા તીર્થંકરના સ્થવિરકલ્પિ સાધુઓને ચોમાસી તથા પર્યુષણા કયારે કરવી ?

ઉત્તર-પ્રવચનસારોદ્ધારમાં પહેલા તથા છેલ્લા તીર્થંકરના સ્થવિરકલ્પિ મુનિઓ ચોમાસી પૂનમની કરે અને પર્યૂષણા ભાદરવા શુદી પંચમીના કરે. આ પ્રમાણે પ્રવચનસારોદ્ધારમાં[1] બતાવેલ છે એટલે આષાઢી પૂનમ તથા કાર્તકી પૂનમ ચોમાસી માટે કહેલ છે પણ ચૌદશ ચોમાસી માટે કહેલ નથી. તેમજ પર્યુષણા ભાદરવા શુદી પાંચમના કહ્યાં છે પણ ચોથના કહ્યાં નથી.

---

१ प्रवचनसारोद्धार पत्र १८५ ( सूरत. दे. ला. ] गाथा—चाउमासुक्कोसो, सत्तरि राईंदिया जहन्नोउ। थेराणं जिणाणं पुण, नियमा उक्कोसओ चेव ॥ ६५८ ॥ व्याख्या-चतुर्णां मासानां समाहारश्चतुर्मासं तदेव चातुर्मासं तद्यावदुत्कर्षः-उत्कृष्टः पर्युषणाकल्पः, आषाढपूर्णिमायाः कार्तिकपूर्णिमां यावदित्यर्थः, जघन्यः पुनः सप्ततिं रात्रिन्दिवानि-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રશ્ન ૫૨–જે કારણિક તે અપવાદ કહેવાય, તો તે અપવાદ નિરંતર સેવાય ખરો ?

ઉત્તર–ન સેવાય, અને જો સેવે, તો તેને શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત બતાવેલ છે. જેમ જુઓ નિશીથસૂત્રમાં કહેલ છે કે 'અપર્વમાં પજ્જુસણ કરે અને પર્વમાં પજ્જુસણ ન કરે તો તેને ચાર ગુરૂનુ પ્રાયશ્ચિત આવે.' પણ હમણા તો કારણિક કે અપવાદ કોને કહીએ તેનો ખ્યાલ થોડાનેજ હશે. બહુ તો અંધપરંપરાજ ચાલે છે. સમજીને પ્રવૃત્તિ કરનારા વિરલા જોવામાં આવે છે.

પ્રશ્ન ૫૩–તીર્થંકરની આજ્ઞાને છોડી અપવાદ માર્ગમાં લાગે તેને શું ગેરલાભ થાય ?

ઉત્તર–તીર્થંકરની આજ્ઞાને છોડી અપવાદ માર્ગમાં લાગેલા વિનાશને પામે છે, સંસારને વધારે છે, જિન-આણા તજી અપવાદ માર્ગે ચડેલા સાધુઓના સંયમધર્મ શ્રુતધર્મ આદિ ગુણો નાશ પામે, પરિણામે દુર્ગતિ થાય જ્યાં અપવાદ ત્યાં પ્રાયશ્ચિત બતાવેલ છે, તેવી પ્રવૃત્તિ-ઓને સાધારણપણે કોઈ પણ વ્યક્તિ આચરી શકે નહી, અને જો તેવી પ્રવૃત્તિઓ આચારમાં મુકી શકાતિ હોય તો આવા ભયંકર પ્રાયશ્ચિત શું કરવાને ? તેથી અપવાદને ધોરી માર્ગ કરવા મથનારા અને તેને અનુસરનારા જિન

---

**अहोरात्राणि भाद्रशुक्लपंचम्याः कार्तिकपूर्णिमां यावदित्यर्थः, केषामयं पर्युषणाकल्प इत्याह-स्थविराणां-प्रथमपश्चिमजिन-सम्बन्धिस्थविरकल्पिकसाधूनां जिनानां पुनः-पूर्वोतिम-तीर्थकृज्जिनकल्पिकानां नियमात्-निश्चयेन उत्कृष्ट एव-मा-सचतुष्टयप्रमाण एव पर्युषणाकल्पः निरपवादत्वात्तेषामिति.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજ્ઞાની બહાર છે. વાંચો નીચેનો લેખ× "આર્યરક્ષિતસૂરિના સંબંધમાં પંચકલ્પચૂર્ણિઃ—

'ते मूलसूत्तं उज्झिऊण सहासु लग्गा जहा वडो मूले विणट्ठो पाएसु पइट्ठिओ विणस्सइ एवं तेवि तित्थयराणं मुत्तुं अववाद पदे लग्गा'

ભાવાર્થ–તે મૂલ સૂત્રને છોડીને શાખાએ વલગેલા છે. જેમ વડ મૂલમાં નાશ પામીને થડના આધારે ઉભેલો નાશ પામે છે. તેમ તે પણ તીકર્થરની આજ્ઞાને છોડીને અપવાદ માર્ગમાં લાગેલા પણ નાશ પામે છે" વલી પણ વાંચો આ લેખ+ "પંચકલ્પચૂર્ણિઃ—જો કોઈ વડ મૂલમાં ખવાઇ ગયો હોય છતાં થડમાં સારો દેખાય છે તે કેટલો વખત ટકવાનો ? અર્થાત્ એ વડનો નાશ થવાનો એટલે શ્રીતીર્થંકરની આજ્ઞાને તજી અપવાદ માર્ગે ચડેલા એવા સાધુઓના સંયમધર્મ, અને સત્યનિષ્ઠા આદિ ગુણો નાશ પામવાના અને પરિણામે દુર્ગતિજ થવાની.

આ પ્રાયશ્ચિતને અંગે એક વાત વધારે સમજવાની જરૂર છે. જે જે પ્રવૃત્તિઓ માટે શાસ્ત્રકારે આવા ભયંકર

---

× 'જૈન' પત્ર. પુ. ૨૯, અં. ૩૪, પૃ. ૬૨૧ માં 'સત્યને ચાહતા હો તો ચેલેન્જનો સ્વીકાર કરો.' લે. શ્રીપાટણ જૈનયુવક સંઘ તરફથી શા. કેશવલાલ મંગલચંદ. તે લેખનો ભાગ.

+ 'જૈન' પત્ર- પુ. ૨૯, અં. ૩૩, પૃ. ૫૯૭ માં. પંચમહાવ્રતની પ્રતિષ્ઠા શાસ્ત્રને નામે સેવાતા દંભ સામે લાલ બત્તી. લે. એ. મંછુભાઈ સવાઈચંદ ઝવેરી–મુંબઈ. તે લેખમાંનો ભાગ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રાયશ્ચિત બતાવ્યા છે તે સર્વ પ્રવૃત્તિઓને શાસ્ત્રને પ્રમાણિક માનનાર કોઈ પણ વ્યક્તિ કદી આચરી શકે નહી; તેવી પ્રવૃત્તિઓને પણ સાધારણપણે આચારમાં મુકી શકાતી હોત તો પછી તેને માટે આવા ભયંકર પ્રાયશ્ચિત શાને? તો પણ શાણા શાસ્ત્રકારે આવી પ્રવૃત્તિની પણ બે બાજુ જોઈ અને તેને પણ લગતો અપવાદ દર્શાવ્યો. અપવાદ દર્શાવ્યા પછી શાસ્ત્રકાર સમજ્યા કે રખેને આ અપવાદ જ ધોરી માર્ગ કાં ન બને? એ માટેજ એમણે ઉમેર્યું કે કોઇ મંદ ધર્મી આવો અપવાદ જોઈને અને એકાદ પ્રાચીન દાખલાને ઓથે રહીને આ અપવાદને અનુસરશે તો તે અનુસરનાર અને તેની પંચાયત કરનારા જિન આજ્ઞાની બહાર છે. એઓના સંયમ ધર્મનો નાશ થશે વિગેરે બધી હકીકત જણાવી છે. વલી એ અપવાદને અનુસરવાનો અધિકાર પણ કાંઇ બધાને નથી આપ્યો, એ તો કોઇ અતિશયજ્ઞાની (અવધિ જ્ઞાનીની કોટીના ચારિત્રશીલ વિવેકી સત્યનિષ્ઠ) એવા સાધુ પુરૂષોનેજ હોઈ શકે.

આવા અપવાદો તો શાસ્ત્રમાં અનેક છે; તો શું એ અપવાદનું નામ લઇને કોઈથી એને અનુસરાય ખરૂં? આજના સાધુઓ તો અહમિંદ્ર રહ્યા. એટલે ભાગ્યેજ તેઓ આવી બાબતો વાંચે કે વિચારે. જો તેમ ન હોય તો આવું હડહડતું જુઠાણું આ વીસમી સદીમાં ધોળે દિવસે કેમ નભાવી લે?

આવી હકીકત કંઈ એક જગ્યાએ છે એમ નથી, પણ પંચકલ્પભાષ્યમાં પણ આ વિષે વિગતથી જણાવેલું છે. આ ઉપરાંત પંચસૂત્ર અને પ્રવચનસારોદ્ધારમાં પણ આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat    www.umaragyanbhandar.com

વાત નોંધાએલી છે.” શાસ્ત્રકારો તો વારંવાર કહે છે કે ‘ **आणाए धम्मो** ’ પ્રભુ આજ્ઞાએ ધર્મ છે. તે માત્ર બોલી જવાથી કાર્ય સિદ્ધ થાય નહી, જિનેશ્વરની આણાને આધીન થઈ પ્રવૃત્તિ કરાય તોજ કાર્યસિદ્ધિ થાય, ત્યાં સ્વચ્છંદપણું કામ આવતું નથી. આત્માર્થી વિરલ જીવોજ આ દુઃષમ કાલમાં જિનઆણાને આધીન રહી આત્મ-કલ્યાણ સાધી શકશે.

પ્રશ્ન ૫૪–એક દિવસ વધી જાય તો અનંતાનુબંધી થાય માટે પંચમીના પજ્જુસણ કરે તે પાંચમી નરકે જાય, એમ આજના કેટલાક દુરાગ્રહી આચાર્યો કહે છે તે કેમ?

ઉત્તર–એક દિવસ વધી જવાનો કહે છે તેતો કેવલ કુયુક્તિ છે. કષાયની બાબતમાં શાસ્ત્રકારો ફરમાવેછે કે– જેની સાથે કષાય થયો હોય તો તેને ખમાવવું, એમાંજ ધર્મનું સાર છે, માટે વારંવાર ખમાવવું. ૧૫ દિવસમાં ન ખમાવે તો પ્રત્યાખ્યાની કષાયમાં ગણાય, ચાર માસમાં ન ખમાવે તો અપ્રત્યાખ્યાની કષાયમાં ગણાય. અને બાર માસમાં ન ખમાવે તો અનંતાનુબંધી કષાયમાં ગણાય, અને તે પ્રમાણે તે જીવોની ગતિઓ થાય. માટે વારંવાર ખમવું અને ખમાવવું એમાંજ સાર છે, જુઓ શ્રીકલ્પસૂત્રની સાધુસમાચારીમાં જણાવેલ છે કે–

**“ खमियव्वं खमावियव्वं उवसमियव्वं उवसमावियव्वं । जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा । तम्हा अप्पणा चेव उवसमियव्वं । से किमाहु भंते ? उवसमसारं खु सामण्णं ”**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અર્થાત્-' ખમવું અને ખમાવવું, ઉપશમવું અને ઉપસમાવવું. જે ઉપશમેછે તે આરાધક છે અને જે ઉપશમતો નથી તે આરાધક નથી. માટે સ્વયં પોતે ઉપશમવું. ભગવન્ ! આનું શું કારણ? કારણ એકે-ઉપશમ એજ વિરતિજીવનનો સાર છે.' સિદ્ધાંતમાં તો આમ છે. હવે જરા વિચાર કરો કે આજકાલ ચાલતાં સાધુઓના ઝગડાઓમાં કષાયની બહુલતા દેખાય છે કે? પરસ્પર ખમાવવાનું સુઝે છે? એક ગચ્છના એક સમુદાયના એકજ ગુરૂના નામને ધારણ કરનારાઓમાં ઝેરવેર કેટલો ? 'મારૂં કે મરૂં' ફક્ત એટલોજ. તે પ્રત્યક્ષ છાપાદ્વારા વિગેરેથી સહુ કોઇને જોવામાં આવે છે. હવે તે કષાયને જો શ્રીપર્યુષણા જેવા પવિત્રપર્વમાં શુદ્ધ અંતઃ કરણથી ખમાવતા હોય તો આટલા વર્ષોથી ચાલતો આવેલ ઝેરવેર રહે ખરો ? નજ રહે. આ રહસ્યને ભુલી ગયા, માત્ર પંચમી કરવાથી એક દિવસ વધી જાય અને અનંતાનુબંધી થાય. એવી ખોટી યુક્તિને ધારણ કરે છે, અને ભોળાજીવોને પોતાની માયા જાળમાં ફસાવે છે. પંચમી કરવાથી પાંચમી નરકમાં જવાતું હોય તો નરકમાં જવાના કારણો શાસ્ત્રકારોએ બતાવેલા છે-' મહાઆરંભી, મહાપરિગ્રહી, રૌદ્રધ્યાની, માંસભક્ષી, પરસ્ત્રીગામી વિગેરે ' તેમાં આ પણ કારણ બતાવવું જોઇયે, તે તો બતાવેલ છે નહી, તો શાસ્ત્રકારો ભુલ્યા કે આજના જમાનાના નામધારી આચાર્યો ભુલ્યા ? ઉત્સૂત્રની પરૂપણાઓ કરીને માઠીગતિમાં જવાના તેઓના આ ચિન્હો છે. શ્રીહીરવિજયસૂરિજેવાઓ પ્રતિપાદન કહે છે કે-' આપણે વૃદ્ધ પરંપરાથી ચોથકારએ છીએ પણ પંચમીને વિરાધવી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહી ' એમને શું એ જ્ઞાન નહી થયું હોય? કે ' પંચમી-આરાધે તે પાંચમી નરકમાં જાય. ' પૂર્વાપરનો વિચાર દુરાગ્રહીયોને હોતો નથી. નહી તો આવી પરૂપણા થઇ શકેજ નહી. શ્રીભદ્રબાહુસ્વામીએ આવશ્યકનિર્યુક્તિમાં ફરમાવેલ છે કે– " **दिंति कसाया भवमणंतं** " અર્થાત્ કષાયો અનંત ભવ આપે છે, માટે તેઓનો વિશ્વાસ કરવો નહી. વર્તમાનકાલના કેટલાએક નામચીન સાધુઓમાં આ વાત જાણે વિસારે ન પડી ગઇ હોય એમ તેઓના વર્તન અને ભાષણથી જણાય છે. ભાદરવા શુદી પંચમીની આરાધના કરનાર પાંચમી નરકમાં જાય તો અગ્યારમાસની અગ્યાર પંચમીની આરાધના કરનાર કેટલામી નરકમાં જાય ? તેનો પણ વિચાર તો થવો જોઇયે, પણ તે પૂર્વાપરનો વિચાર આવે કયાંથી, અને જો આવે તો આવું બોલાય નહી. આનંદઘનજી મહારાજે કહ્યું છે કે–

**" पाप नही कोइ उत्सूत्र भाषण जीसो, धर्मनही कोइ जगसूत्र सरिखो । सूत्र अनुसार जे भविक किरिया करे, तेहनो शुद्ध चारित्र परखो. धार० ॥ "**

અર્થાત્—જિનવચન વિરૂદ્ધ ભાષણ સમાન કોઈ પાપ નથી, અને જિનવચનની આરાધના સમાન કોઇ ધર્મ નથી, એથીજ સૂત્રના અનુસારે જે ભવ્યજીવ ક્રિયા–ધર્મઅનુષ્ઠાન કરે તેહનો શુદ્ધ ચારિત્ર જાણો, મતલબકે તેનુંજ કલ્યાણ થાય છે. વલી જુઓ આ શ્રીઅજિતશાંતિસ્તવમાં કહેલ છે—

**" जइ इच्छह परमपयं अहवा कित्तिं सुवित्थडं भुवणे । ता तिलुक्कुद्धरणे, जिणवयणे आयरं कुणह ॥४०॥ "**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અર્થાત્—જો તમે પરમપદ-મોક્ષને ઈચ્છતા હો ! અથવા જગતમાં વિસ્તારવાલી કિર્તિને ઈચ્છતા હો ! તો ત્રણ લોકના ઉદ્ધાર કરવામાં સમર્થ જે જિનવચન તે પ્રતે આદર કરનારા થાઓ !!. પણ ગચ્છ મતનો કદાગ્રહ હોય તો જિનવચનની પ્રાપ્તિ થાય નહી. અને જિનવચનની પ્રાપ્તિ સિવાય જિનવચનનો પ્રકાશ કરી શકાય નહી, ભલેને આચાર્ય હોય તોપણ જિનવચનથી વિરૂદ્ધ પરૂપણા કરનારને આચાર્ય તરિકે માનવાની પણ મનાઈ કરવામાં આવેલ છે. જુઓ શ્રીમહાનિશીથ આદિ સિદ્ધાંતોમાં બતાવેલ છે કે—

**" तित्थयर समो सूरि, जो सम्मं जिणमयं पयासेइ ।**
**आणा अइक्कमंतो, सो कापुरुसो न सप्पुरुसो ॥१॥ "**

અર્થાત્—તીર્થંકર ભગવાન્ સમાન આચાર્ય, તે કે જે સમ્યક્ પ્રકારે જિનેશ્વરના સિદ્ધાંતનો પ્રકાશ કરે. જિન આણાને ઉલ્લંઘન કરતો આચાર્ય હોય તોપણ તેને કુપુરૂષ સમજવો પણ સુપુરૂષ ન જાણવો, એટલે સત્પુરૂષની પંક્તિમાં ન ગણવો. શાસ્ત્રોમાં એ પ્રમાણે બતાવેલ છે. કાંઈપણ કારણયોગે અપવાદે "**अंतराविसे कप्पइ,**" અર્થાત્ ભાદરવા શુદી પંચમીના પહેલા કારણયોગે કલ્પે, પણ ભાદરવા શુદી પંચમીની રાત્રિ ઓલંગવી કલ્પે નહી. આ પ્રમાણે શ્રીકલ્પ-સૂત્રમાં વચન છે. તેથી જ્યારે જ્યારે કાંઇ સબલ કારણ હોય તો તેવારે તે કરી શકે. એટલાજ માટે સિદ્ધાંતમાં અપવાદ બતાવેલ છે. એક દિવસ વધી જવાની યુક્તિથી અપવાદનેજ જો બાઝી પડિયે તો 'તે રાત્રિ ભાદરવા શુદી પંચમીની ઓલંઘવી કલ્પે નહી.' એ સૂત્રવચનની માન્યતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ક્યાં રહી. કારણયોગે પેલા પણ મહાન્પુરૂષોએ કરેલ છે. કારણવિના તો પાછો જે સૂત્રે માર્ગ બતાવેલ હોય તેજ પ્રમાણે કરે–ચાલે, એમ ચોકશ સમજવું. એક દિવસ વધી જવાનું જે કહે છે તે તો કેવલ યુક્તિ છે.

પ્રશ્ન ૫૫–ચતુર્થીની સિદ્ધિ માટે તિત્થોગાલિ પયન્નાનો પુરાવો આપે છે, તેનું કેમ? તે શું વ્યાજબી છે?

ઉત્તર–ના, કારણકે તિત્થોગાલિપયન્નામાં ચતુર્થીની સિદ્ધિ માટે મૂલમાં કશુંએ લખાણુ નથી. જો કદી કોઈ પ્રતમાં હોય તો તે પ્રક્ષેપ થયેલ ગાથાઓ સમજવી. પણ મૂલની નથી. પાછલથી કોઈએ ઉમેરી દીધેલ છે, એમ સમજવું. જુઓ તે બીના કલ્પસૂત્રની કિરણાવલી નામની ટીકા (ભાવનગર. આત્માનંદ સભા તરફથી પ્રગટ થએલ આવૃત્તિ) પત્ર ૧૩૧ માં સ્પષ્ટ ખુલાસો કરેલ છે–

" किंच संदेहविषौषध्यां–

तेणउअ नवसएहिं समइ– क्कंतेहिं वद्धमाणाओ ।
पज्जोसवण चउत्थी कालगसूरीहिं तो ठविआ ॥१॥

वीसहिं दिणेहिं कप्पो पंचग हाणीइ कप्प ठवणाय।
नवसयतेणउएहिं वुच्छिना संघ आणाए ॥२॥

सालाहणेण रन्ना संघाएसेण कारिओ भयवं ।
पज्जोसवण चउत्थी चाउम्मासं चउदसीए ॥३॥

चाउमासग पडिक्कमणं परिकखअदिवसंमि चउव्विहो संघो।
नवसय तेणउएहिं आयरणं तं पमाणंति ॥४॥

इति गाथा चतुष्टयं तीर्थोद्गाराद्युक्तसम्मतितया प्रदर्शितं

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**तीर्थोद्गारे च न दृश्यते इत्यपि विचारणीयम्। यद्यपि 'तेणउअ नवसएहिं' इति गाथा कालसप्ततिकायां दृश्यते, परं तत्र प्रक्षेपगाथानां विद्यमानत्वेन तदवचूर्णाव्याख्यातत्वेन चेयं गाथा न सूत्रकृत्–कर्तृकेति संभाव्यते ॥**

અર્થાત્—અને વલી સંદેહ–વિષૌષધિમાં–વર્દ્ધમાનસ્વામિથી ૯૯૩ વર્ષ ગએ છતે કાલકાચાર્યે ચોથની પર્યુષણા [1]સ્થાપન કરી ॥૧॥

વીસદિવસેં કલ્પ, પંચકની હાની અને કલ્પસ્થાપના ૯૯૩ માં [2]સંઘની આજ્ઞાથી નાશ પામ્યા ॥૨॥

શાલિવાહન રાજાએ [3]સંઘના આદેશથી ભગવાન કાલકાચાર્યની પાસે ચોથના પર્યુષણા અને ચોમાસી ચતુર્દશીના દિવસે કરાવી ॥૩॥

[4]ચોમાસી પડિક્કમણું પખ્ખિના દિવસમાં અર્થાત્

---

૧ સ્થાપન ક્યાં કરી છે. તેમને તો ન છુટકે કરવી પડી છે. એમ ૨૫૪ નિશીથચૂર્ણિ બતાવી રહેલ છે. આથીજ સમજાય તેમ છે કે આ ગાથાઓ નવી કોઇએ જોડી નાખેલ છે.

૨ સંઘ ક્યાં એકઠો થયો ? તેમાં કયા કયા આચાર્યો હતા ? એ બીના કોઇ પણ સ્થાનમાં નથી. માટે આ ગાથા પણ પાછલથી કોઇયે જોડી નાખી છે.

૩ સંઘે રાજાને કહ્યું નથી કે તમે કાલકાચાર્યને કહો કે જેથી તેઓ ચોથ કરે. રાજાએ પોતેજ કહ્યું છે. આ બીના નિશીથચૂર્ણિમાં ૨૫૪ છે. આથીજ સંબંધ વિનાની આ ગાથા પ્રક્ષેપ જણાય છે.

૪ કાલકાચાર્ય પછી કેટલાએક કાલ બાદ થએલ નિશીથ-ચૂર્ણિકાર પણ ચોમાસી પૂનમનીજ લાવેલા છે. કિંતુ ચઉદશની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat     www.umaragyanbhandar.com

ચઉદશે ૯૯૩ માં ચતુર્વિધ સંઘે આચરણાને પ્રમાણ કરી ।।૪।। એ પ્રમાણે ગાથા ચાર તિત્થોગાલિય આદિમાં કહેલ સંમતિપણાએ કરીનેબતાવી પણ તિત્થોગાલિય પયન્નામાં એ ગાથાઓ દેખાતી નથી. એ પણ વિચારવું જોઇયે. જો કે '**तेणउअ नवसएहिं**' એ પ્રકારની ગાથા કાલસપ્તતિકા ગ્રન્થમાં દેખાય છે. પરંતુ ત્યાં પ્રક્ષેપ ગાથાઓનું વિદ્યમાનપણું હોવાથી અને તેની અવચૂર્ણિમાં વ્યાખ્યા નહીં કરેલ હોવાથી આ ગાથા સૂત્રકારની કરેલ નથી એમ સંભાવના થાય છે." એ પ્રમાણે ગાથાઓનું પ્રક્ષેપપણું થએલ છે. તેથી તે ગાથાઓ પ્રમાણભૂત ગણાય નહિ. તેવી ગાથાઓથી ચતુર્થીની કોઇ સિદ્ધિ કરવા જાય તો તે વ્યાજબી નથી.

પ્રશ્ન ૫૬–છઠ અઠ્ઠમનું તપ શ્રીપર્યુષણા પર્વમાં મુખ્યતાએ કઇ તિથીયે કરવું જોઈયે ?

ઉત્તર–જો છઠ તપ કરવું હોય તો ભાદરવા શુદી ચોથ અને પંચમીનું છઠ કરવું, અને અઠ્ઠમતપ શ્રીપર્વનું કરવું હોય તો ભાદરવા શુદી ત્રીજ, ચોથ અને પંચમીનું કરવું. એ પ્રમાણે શાસ્ત્રકારોએ ફરમાવેલ છે, એટલે ભાદરવા શુદી છઠનું પારણુ આવે એવી રીતે તપ કરવું, પણ ભાદરવા શુદી પંચમીનું પારણુ કરવું નહી. આ તો સર્વ ગચ્છવાળાઓની માન્યતા છે. શ્રીકાલકાચાર્યથી ચાલેલી કારણીયા ચોથની સંવચ્છરી કરનારા પણ પંચમીની આરાધના કરવી બતાવે

લાવેલા નથી. તો પછી ૯૯૩ માં સંઘે આચરણાને પ્રમાણ કરી. એ બીના કેવી રીતે બંધ બેસતી આવે. તેથી જણાય છે કે આ ગાથાઓ મતાગ્રહીયે બનાવેલ છે, અને પૂર્વાચાર્યોના ગ્રન્થોમાં પ્રક્ષેપ પણ કરી દીધેલ માલમ પડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે, પણ વિરાધના બતાવતા નથી. તપગચ્છાચાર્ય શ્રીહીરવિજયસૂરિયે હીરપ્રશ્નગ્રન્થમાં ફરમાન કરેલ છે કે—

**" येन शुक्रपंचमी उच्चरिता भवति तेन मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः तपः कार्यः "**

અર્થાત્-જેણે શુદી પંચમી ઉચરેલી હોય તેણે તો અવશ્ય ભાદરવા શુદી ત્રીજથી અઠ્ઠમ તપ કરવું, એટલે ત્રીજ, ચોથ અને પંચમીનો અઠ્ઠમ કરવો. ભાદરવા શુદી છઠનું પારણુ થાય એવા હીસાબે જેટલી મોટી તપસ્યા કરવી હોય તેટલી કરવી, પણ મોટી તપસ્યા કરી ભાદરવા શુદી પાંચમનું પારણુ કરવું નહી, છઠનું કરવું. એ પ્રમાણે આચાર્યો બતાવે છે, છતાં પણ અત્યારે તે ઉપર ધ્યાન આપતા નથી અને ગહુરી પ્રવાહમાં ખેંચાયા જાય છે, તેમ ન થવું જોઇયે. શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે તપસ્યા થાય તો લાભ મેલવી શકાય, માટે બરાબર ધ્યાન આપીને સૂત્રાજ્ઞા પ્રમાણે સંવત્સરીનું તપ કરવું, તેમાંજ આરાધકપણું રહેલ છે. પણ લોકહેરી પ્રમાણે વર્તવાથી આરાધકપણું થતું નથી. તેથી પરમાત્માની આજ્ઞા પ્રમાણે વર્તવું તેમાંજ કલ્યાણ છે. અત્રે કોઈ એમ કહે છે કે-શ્રીહીરવિજયસૂરિયે તો શુકલ પંચમીના નીયમવાળાઓને ભાદરવા શુદી પંચમી આરાધવાની વિધિ બતાવેલ છે, તેથી બીજાઓને શું ? એઓને સમજવું જોઇએ કે-ભલે તેમણે તેઓને આરાધવાની વિધિ બતાવેલ છે. પણ આરાધવા યોગ્ય હોય તેનીજ તેઓ બતાવેને. તેથી કરીને બીજાઓએ વિરાધવી કે ન સેવવી ન આરાધવી એમ તો તેમણે કહ્યું નથીને. જે આરાધવા યોગ્ય હોય તેનીજ ભલામણ કરવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવે છે, અથવા આરાધવાની વિધિ બતાવવામાં આવે છે, પણ બીજાની બતાવવામાં આવતી નથી. જો કે તે દિવસે બ્રહ્મચર્ય પાલન કરવું, યથાશક્તિ તપ કરવું અને લીલોતરી તથા આરંભ સમારંભનું ત્યાગ કરવાવડે કરીને પણ તે તિથીની આરાધના થઇ શકે છે, તેની તો તેમણે કોઈને મના કરી નથી. નીયમવાલાઓને જે આરાધવાનું હોય તેને બીજા આરાધે તો તેમાં દોષ થોડોજ લાગે છે, નિયમવાળાને આરાધવાની ફરજીયાત હોય છે, અને બીજાઓને મરજીઆત હોય છે, એટલે ઈચ્છા ઉપર આધાર છે. પણ મૂલ પર્વતિથી આરાધવા યોગ્ય છે તેથીજ તેની ભલામણ કરવામાં આવેલ છે. અને તે સંબંધમાં (શ્રીવિજયદાસૂરિ કૃત વિવિધ પ્રશ્નોત્તર ગ્રન્થ પૃષ્ટ ૧૦૬ માં તેમણે) કહ્યું છે કે–"શ્રીજગદ્‌ગુરુમહારાજ પંચમીનું જેમ આરાધન થાય તેમજ ફરમાન કરે છે. અઠ્ઠમનો તપ પણ મુખ્ય વૃત્તિથી ત્રીજથીજ કરવા જ્યારે કહે છે તો તે દિવસે લીલોતરીનું શાક તો અવશ્ય વર્જવુંજ યોગ્ય છે." માટે પંચમીને વિરાધવી નહી.

પ્રશ્ન ૫૭–કવિ વીરવિજયજીએ પર્યુષણાનું ચૈત્યવંદન કરેલ છે, અને તેમાં લાવ્યા છે કે–

"इण काले नही पंचमी, सरव समाणी चोथ;
भवभीरु मुनि मानसे, भाख्यो अरिहानाथे"

એમ તેઓ કેમ લાવ્યા હશે? શું તે ઠીક છે?

ઉત્તર–ના, કારણકે મત–પંથના આગ્રહમાં જ્યારે પડિ જવાય છે, ત્યારે પૂર્વાપરનો ખ્યાલ રહેતો નથી, અને સૂત્ર–સિદ્ધાંતના યથાર્થ વિચારને વિદ્વાનો પણ ભુલી જાય છે. એટલાજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માટે કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિએ જણાવેલ છે કે– ‘ દૃષ્ટિરાગ એવો પાપી છે કે વિદ્વાનોને પણ સત્ય બીનામાં મુંઝાવી નાખે છે. ’ તેમજ શ્રીહરિભદ્રસૂરિ મહારાજ પણ જણાવે છે કે–‘ આગ્રહી મનુષ્યની મતિ જ્યાં ચોટી હોય છે ત્યાં યુક્તિઓને લઈ જાય છે. ’ આવું બન્યા કરે છે. તેથીજ ભવભીરૂ પૂર્વાચાર્યો શ્રી અભયદેવસૂરિ વિગેરે સ્વકૃત ટીકા ગ્રન્થોમાં જણાવે છે કે–‘ જે આગમ–સિદ્ધાંતને અનુસરતો હોય તેજ અર્થ લેવો. બીજો નહી. ’ એ મહાપુરૂષો ધુરંધર વિદ્વાન છતાં કેવા નમ્ર છે તે એમના લખાણ ઉપરથીજ જણાય તેમ છે. હવે આપણે એ દૂહાનો વિચાર કરીયે. એ દૂહો કવિ વીરવિજયજીનો છે ? એમ ચોક્કસ માની શકાતું નથી, કારણ કે–કવિતામાં પ્રયાસ જેવો જોઇયે તેવો બંધ બેસતો ( ચોથ–નાથે ) નથી. અને શ્રીવીરવિજયજીની કવિતા પ્રયાસવાલી હોય છે. તેથી કોઇયે ઉમેરી દીધેલ હોય એમ સંભાવના થાય છે. પછી તો ફાવે તેમ હોય પણ યોગ્ય તો નથીજ. હવે એ દૂહાના અર્થમાં ઉતરીયે ‘ ઈણ કાલે નહી પંચમી ’ અને ‘ ભાંખી અરિહા નાથે ’ આ કાલમાં પંચમી નથી. એમ અરિહંતનાથે કહેલ છે. કયા સૂત્ર–સિદ્ધાંતમાં બતાવેલ છે ? તેનું નામ નિશાન નથી. ભગવંતનું કથન હોય તો તે સૂત્રમાંજ હોય. ભગવંતની વાણી સૂત્ર–દ્વાદશાંગી વિના હોય નહી. વલી લખે છે કે ‘ સરવ સમાણી ચોથ ’ સર્વને માનનીય ચોથ છે. તે પણ લખાણ કોઈ જગ્યાએ નથી, અને સર્વે જૈનોમાં તે પ્રમાણે બનતું પણ નથી. માત્ર તપગચ્છ અને ખરતરગચ્છમાં થાય છે. તો સર્વને માનનીય ચોથ કેમ કહી શકાય ? માટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમણે વ્યાજબી લખેલ નથી. કવિયો નિરંકુશ હોય છે. એ કહેવત ચાલી આવે છે. જેમ ઉદાહરણ તરિકે જુઓ–પંચકલ્યાણક પૂજા તેમાં શ્રીપાર્શ્વનાથ ભગવાનને વૈરાગ્ય શાથી થયો? તે સંબંધમાં લખે છે કે—

**' राजेमतीकुं छोडके नेम संयम लीना, चित्रामण जिन जोवते वैरागे भीना '**

તીર્થંકર ભગવાન સ્વયંબુદ્ધ હોય છે. તેમને વૈરાગ્ય માટે કોઈ પણ નિમિત્ત હોતું નથી. અને જો નિમિત્તની અપેક્ષા હોય તો સ્વયંબુદ્ધ કહેવાય નહી. છતાં પણ નિમિત્ત લાવીને મુકેલ છે કે–' ચિત્રામણને જોઈ ભગવાન વૈરાગ્યથી ભીના થયા. ' તેજ બીના પાર્શ્વનાથની થોઇમાં પણ લાવેલા છે–

**' नेमिराजी चित्रविराजी त्रिलोकी व्रत लीये. '**

ઈત્યાદિ જે બીના લાવેલા છે તે શાસ્ત્રથી સિદ્ધ થઈ શકે તેમ નથી. વલી જુઓ મહાન પૂર્વાચાર્યો જેવા કે–' શ્રીહરિભદ્રસૂરિ, શ્રીનેમિચંદ્રસૂરિ, શ્રીઅભયદેવસૂરિ, શ્રીમુનિચંદ્રસૂરિ, શ્રીવાદિદેવસૂરિ શ્રીહેમચંદ્રસૂરિ વિગેરે પંચમીની આરાધના કરનારાઓ હતા. ' તેમને ' ભાખી અરિહા નાથે, ઈણ કાલે નહી પંચમી. ' એ સંબંધી જ્ઞાન શું ન હતું? અને આ પદો બનાવનારને કોઇ વિશેષ જ્ઞાન થયું છે? જેથી આ કાલમાં એટલે પંચમ કાલમાં પંચમી રહી નથી. શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામિ મોક્ષ ગયા બાદ ત્રણ વર્ષ અને સાડાઆઠ મહિને પંચમ કાલ બેઠો. તે કાલમાં પંચમી નહી. એ પ્રકારના આ વચન કયા જ્ઞાનના યોગે ઉચ્ચારણ થયેલ હશે? જુઓ શ્રીહીરવિજયસૂરિ પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પંચમીપર્વને તિથી તરિકે બને ત્યાં શુધી આરાધન કરવાનું કહે છે. તે પણ એમ તો કહેતા નથી કે આ કાલે પંચમી નથી, તેથી આરાધવી નહી. માટે જે શાસ્ત્ર વિરૂદ્ધ હોય તે કોઈ રીતે બંધ બેસતુ થાય નહી. દૃષ્ટિરાગથી ઉચ્ચારણ કરાએલા વચનો સર્વને માન્ય થઈ શકતા નથી. વલી અક્ષયનિધી તપના સ્તવનમાં લાવેલા છે કે–સુંદરીએ પાંચમનું પારણું કર્યું. તે શ્રાવિકા પ્રાયે બારમાં શ્રીવાસુપૂજ્ય ભગવાનના શાસનમાં થઈ ગયેલ છે, એમ માને છે. તો તે કાલમાં પણ શું પંચમી ન હતી? તે સમયમાં તો ચોથો આરો હતો. તે વખતે પણ શું ચોથ હશે? તમારી માન્યતા પ્રમાણે તો 'ઇણ કાલે નહી પંચમી' એમ છે તો તે કાલમાં પણ તમારી આ કવિતાના હિસાબે પંચમી ક્યાં રહી? માટે આ કવિતા દૃષ્ટિરાગથી બનાવેલ છે. એમ ખુલ્લુ માલમ પડે છે.

વલી ગાથા ૭ મી એજ ચૈત્યવંદનની લખી છે તે પણ કેવલ સ્વમતાગ્રહ પોષણ કરવા પૂર્તિજ છે. તેમાં ચૈત્યના વંદનનો ભાવ મુદ્દલ નથી. જુઓ તે ગાથા—

**नव वखाण पुंजी सुणो, शुक्लचतुर्थी सीमा ।**
**पंचमी दिन वांचे शुणे, होइ विराधक निमा ॥७॥**

" પંચમીના દિવસે વાંચે અને શાંભલે તે નિશ્ચેથી વિરાધક થાય " આ શબ્દો જ્ઞાનીઓના વચનોને ઉત્થાપન કરનારા હોવાથી ઉત્સૂત્ર તરિકે ગણિ શકાય, કારણ કે પંચમીની આરાધના આજકાલની નથી, પણ અનાદિ કાલથી ચાલી આવેલી છે. તીર્થંકર, ગણધર, શ્રુતકેવલીઓ, પૂર્વધર વિગેરે મહાપુરૂષોએ તેની આરાધના તથા ઉપદેશ શ્રોતાજનોને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરેલ છે. તે દિવસે વાંચન અને શ્રવણ પરંપરાથી ચાલતું આવેલ છે. તેને ઉત્થાપન કરવું તે તો મોટો દોષ છે. શું એ મહાપુરૂષો પંચમીના દિવસે શ્રોતાઓને શ્રવણ કરાવે તેથી વિરાધક થાય? એમ કહો છો? એમ કહેવું એ તદ્દન અયોગ્ય છે. કલ્પસૂત્ર એટલે મુનિયોના આચારનું સિદ્ધાંત, જેમાં મુનિઓનો આચાર બતાવેલ છે, તેને પંચમીના દિવસે શાંભલવાથી વિરાધકપણું થાય એમ જે કહે તેને જિનઆણા આરાધક કેવી રીતે સમજવો? કલ્પસૂત્રની અંદર જિનેશ્વરોના ચરિત્ર, ગણધરસ્થવિરાવલી અને પહેલા તથા છેલ્લા તીર્થંકરના મુનિયોનો આચાર એ વસ્તુ રહેલ છે. એ વસ્તુને તે સાંભલવાથી વિરાધકપણું થાય એમ કહેવું કેટલું ગેર-વ્યાજબી છે, તે વિચારો! તો શું કરવાથી આરાધકપણું થાય? શું જિનેશ્વરોના ચરિત્ર વાંચવા નહી? અને શાંભલવા નહીં? ગણધરાદિ થઈ ગએલા મહાન્ પૂજ્યોને તે દિવસે યાદ કરવા નહીં? અને તે દિવસે ધર્મોપદેશ શાંભલવું નહીં? એમ તો નજ મનાય. જ્ઞાનિઓએ ઉપર બતાવેલાને આચરવામાં સેવવામાં કે શાંભલવામાં મનાઈ કરી નથી. કે–" ભાદરવા શુદી પંચમીએ કલ્પસૂત્ર વાંચવું નહીં તથા શાંભલવું નહીં " એ કેવલ દૃષ્ટિરાગથી બોલાએલ છે, એમ સમજવું. કોઈ પણ શાસ્ત્રમાં મહા–પુરૂષોએ મનાઈ કરી નથી, કિંતુ તે દિવસમાં તો તે અવશ્ય કરવાનો આદેશજ આપેલ છે.

પ્રશ્ન ૫૮–સૂત્ર–સિદ્ધાંત કે આગમ કોનાં કરેલ પ્રમાણ ગણી શકાય? એટલે જિનેશ્વર પ્રણીતવચન અવિરૂદ્ધ–જિનેંદ્ર વચન તુલ્ય માની શકાય?

ઉત્તર–શ્રીજિનભદ્રગણિકૃત સંગ્રહણી સૂત્ર મધ્યે તેનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વરૂપ આ પ્રમાણે કહેલ છે-શ્રીસુધર્માસ્વામી વિગેરે ગણધર દેવોએ વિરચિત અને પ્રત્યેક બુદ્ધોએ તથા ચૌદ પૂર્વધર શ્રુતકેવલીઓએ અને પરિપૂર્ણ દશ પૂર્વધર મહાપુરૂષોએ રચેલને-સૂત્રસિદ્ધાંત કે આગમ કહી શકાય, કારણ કે એવા મહાપુરૂષોના વચન જિનેશ્વરપ્રણિત વચન અવિરૂદ્ધ જિનેંદ્ર વચનતુલ્ય ગણાય છે. ઉપર બતાવેલા મહાપુરૂષોના સિવાય હરકોઇના રચેલા-બનાવેલા સિદ્ધાંત ગ્રન્થો સૂત્ર તરીકે ગણાતા નથી, કારણ કે સ્ખલનાદિ દોષોનો સંભવ રહેલ છે, છદ્મસ્થ અલ્પજ્ઞપણાને લેઇને. આપણી માન્યતા તો એવીજ હોવી જોઇયે કે-'તેજ સાચું અને શંકા વિનાનું કે જે જિનેશ્વર પરમાત્માઓએ કહ્યું.' આ શ્રદ્ધા રાખવામાં આવે તો જીવનું અવશ્ય શ્રેય થાય. એ શ્રદ્ધાને કેલવી રગેરગમાં ભરવી જોઇયે.

પ્રશ્ન ૫૯-સૂત્ર-સિદ્ધાંતોમાં નહી જોએલી, નહી શાંભળેલી એવી બીનાઓની પ્રરૂપણા કરે તેને કેવા પ્રકારનો દોષ લાગે?

ઉત્તર-તેને મહાન્ દોષ લાગે છે. શ્રીભગવતીસૂત્રમાં મંડુકના પ્રશ્ન ચાલેલા છે, તેમાં શ્રીવીર પરમાત્મા કહે છે કે-હે મંડુક! જે અર્થ, હેતુ, પ્રશ્ન, અને વ્યાખ્યા તેઓને પોતાની જાતે જાણેલ ન હોય, કોઈ પણ સિદ્ધાંત-ગ્રન્થોમાં દીઠેલ ન હોય, કોઈ પણ જ્ઞાની અથવા સદ્ગુરૂ મહારાજ પાસે શાંભલવામાં આવેલ ન હોય, અને અર્થ, હેતુ, પ્રશ્ન, અને વ્યાખ્યાઓથી અપરિજ્ઞાત-અજાણ હોય છતાં બહુ મનુષ્યોની અંદર કહે-બોલે, પ્રરૂપે-ઉપદેશ કરે (હું જાણું છું, મેં જોએલ છે, મેં સાંભળેલ છે, મારા જાણવામાં છે.) તો તે અરિહંતોની આશાતના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરનાર થાય છે, અરિહંતોએ પ્રરૂપેલધર્મની આશાતના કરનાર થાય, કેવલી ભગવાનોની આશાતના કરનાર થાય અને કેવલી ભગવંતોએ પ્રરૂપેલ ધર્મની આશાતના કરનાર થાય. તે શ્રીભગવતીસૂત્રનો પાઠ નીચે પ્રમાણે જાણવો—

**( जेणं मंडुआ ! ( मंदुआ ! ) अट्ठंवा हेउं वा पसिणं वा वागरणं वा अन्नायं वा अदिट्ठं वा अस्सूयं वा अपरिनायं वा बहुजणमज्झे आघवेइ पन्नवेइ दंसइ निदंसइ सेणं अरिहंताणं आसायणाए वट्टइ, अरिहंतपन्नतस्स धम्मस्स आसायणाए वट्टइ, केवलीणं आसायणाए वट्टइ, केवली पन्नतस्स धम्मस्स आसायणाए वट्टइ. )**

આ સૂત્ર ગીતાર્થના હૃદયમાં સદા જાગતો રહે છે. તેથી કદાપિ ઉત્સૂત્રની પ્રરૂપણા કરતા નથી.

પ્રશ્ન ૬૦-પર્યુષણાનો તપ અઠ્ઠમ વિગેરે પર્યુષણાથી આગલ તથા પાછલ કરવો હોય તો થઇ શકે?

ઉત્તર-હા, પર્યુષણાનો તપ અઠ્ઠમ વિગેરે શ્રીપર્વના આગલ તથા પાછલ પણ થઈ શકે છે, કારણ કે શાસ્ત્રોમાં અતીત-પચ્ચખ્ખાણ તથા અનાગત-પચ્ચખ્ખાણ બતાવેલ છે, ત્યાં એજ વ્યાખ્યા કરેલ છે કે-પર્યુષણાસંબંધી તપ પર્યુષણા પહેલા કારણ જોગે કરી લે, તેનું નામ અતીતપચ્ચખ્ખાણ કહેલ છે. અને કારણયોગે પર્યુષણા સંબંધિ તપ પર્યુષણા પછી કરવામાં આવે તેનું નામ અનાગતપચ્ચખ્ખાણ કહેલ છે. તેથી પર્યુષણાનું તપ પહેલા તથા શ્રીપર્વના પછી પણ થઇ શકે છે, તેમાં કોઈ જાતનો દોષ નથી.

પ્રશ્ન ૬૧-સિદ્ધાંતોમાં અથવા ચૂર્ણિ, ટીકાઓમાં કોઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જગ્યાએ પણ શ્રાવણ શુદી પંચમીમાં અથવા ચોથની પર્યુષણા કરવી એમ બતાવેલ છે કે?

ઉત્તર–ના, એમ બતાવેલ નથી. પરંતુ સિદ્ધાંત વિગેરેમાં ભાદરવા શુદી પંચમીના પર્યુષણા કરવા એમ બતાવેલ છે. જુઓ પર્યુષણાકલ્પચૂર્ણિ:—

**" अन्नया पज्जोसवणा दिवसे आगए अज्ज कालेगणं सालवाहणो भणिओ भद्दवयजुण्ह पंचमीए पज्जोसवणा."**

અર્થાત્–એક વખત પર્યુષણાનો દિવસ આવ્યે છતે આર્યકાલકે સાલવાહનને કહ્યું કે ભાદરવા શુદી પંચમીએ પર્યુષણા છે. તેમજ વલી જુઓ નિશીથચૂર્ણિ દશમોદ્દેશકમાં-

**" पविट्ठेहिअ भणिअं भद्दवय–सुद्ध पंचमीए पज्जोसविज्जइ समण–संघेण पडिवन्नं "**

અર્થાત્-નગર પ્રવેશ કર્યા બાદ કહ્યું કે ભાદરવા શુદી પંચમીએ પર્યુષણા કરસું, સાધુ સમુદાએ તે સ્વિકારિ લીધું. વલી પણ જુઓ નિશીથચૂર્ણિમાં—

**" भद्दवयपंचमीए अधिकरणे उपण्णे संवच्छरो भवइ, छट्ठीए एगदिणूणो संवच्छरो भवइ "**

અર્થાત્-ભાદરવા શુદી પંચમીએ અધિકરણ ઉત્પન્ન થએ છતે સંવચ્છર થાય. અને છઠના દિવસે અધિકરણ ઉત્પન્ન થાય તો એક દિવસ ઉંણો સંવચ્છર થાય છે. અને વલી જુઓ કલ્પસૂત્રની ટીકા કિરણાવલી (આત્માનંદ સભા ભાવનગર વાલી) ના પત્ર ૧૭૮માં

**" नहि क्वाप्यागमे भद्दवय–सुद्ध–पंचमीए पज्जोसविज्जइ'त्ति पाठवत् ,'अभिवड्ढिअ–वरिसे सावण–सुद्ध पंचमीए**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पज्जोसविज्जइ'त्ति पाठ उपलभ्यते "
અર્થાત્-ભાદરવા શુદી પંચમીએ પજ્જોસણા કરવી એવો પાઠ જેમ સર્વત્ર આગમ વિગેરેમાં દેખાય છે. તેમ અભિવર્ધિત વર્ષમાં શ્રાવણ શુદી પંચમીએ પર્યુષણા કરવી એ પ્રકારે પાઠ કોઈ પણ આગમવિગેરેમાં જણાતો નથી. ઉપરના પુરાવાઓથી સિદ્ધ થાય છે કે ભાદરવાશુદી પંચમીએજ પર્યુષણા કરવી. અને એજ શાસ્ત્રસંમત છે.

પ્રશ્ન ૬૨–સિદ્ધાંતોમાં ચોમાસી પ્રતિક્રમણ કરવાનું કઈ તિથીએ બતાવેલ છે?

ઉત્તર–સિદ્ધાંતોમાં ચોમાસી પ્રતિક્રમણ કરવાનું પૂર્ણિમાનાદિવસે બતાવેલ છે. જુઓ †સુયગડાંગ સૂત્રની વૃત્તિ– " चाउद्दसट्ठमुद्दिट्ठपुन्नमासिणीसु पडिपुन्नं पोसहं सम्मं अणुपालेमाणे समणे निग्गंथे० वृत्तिः–तथा चतुर्दश्यष्टम्या-दिषु तिथिषूपदिष्टासु–महाकल्याणिक–संबंधितया पुन्यति-थित्वेन प्रख्यातासु तथा पौर्णमासीषु च तिसृष्वपि चातुर्मासिकतिथिष्वित्यर्थः, एवं भूतेषु सुष्ठु–अतिशयेन प्रतिपूर्णो यः पौषधो व्रताभिग्रहविशेषस्तं प्रतिपूर्णम्–आहार-शरीरसत्कार-ब्रह्मचर्याऽ–व्यापाररूपं पौषधमनुपा-लयन्संपूर्णं श्रावक–धर्म–मनुचरति, "
અર્થાત્–ચઉદશ, આઠમ, મહાકલ્યાણિક–તિથીયો અને ત્રણ

† सूत्र–कृतांग–द्वितीय–श्रुतस्कंध–सप्तमाध्ययननालंदी-याख्यस्य श्रीशीलांकाचार्यकृत–वृत्तौ पृष्ट ४०८ आगमसमिति आवृत्तिः ॥ तथा पृष्ट ४१९–४२०.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચોમાસીની પૂર્ણિમા તિથીયો, એ પ્રકારના ધર્મ દિવસોમાં શ્રેષ્ઠ ચાર પ્રકારવાલો–આહારનો ત્યાગ, શરીરસત્કારનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન, અને સાવદ્ય વ્યાપારનો ત્યાગ, તે રૂપ પ્રતિપૂર્ણ–પૌષધ–વ્રત પાલનકરતાં સંપૂર્ણ–શ્રાવકધર્મને આચરેછે. એપ્રમાણે પંચાંગીમાં ચોમાસીપ્રતિક્રમણ કરવાનું પૂર્ણિમાને દિવસે બતાવેલછે. પણ બીજી તિથીમાં નહીં.

પ્રશ્ન ૬૩–ચતુર્માસી પ્રતિક્રમણ પૂર્ણિમાના દિવસે કરવાનું કોઇ પણ ગ્રન્થમાં બતાવેલ છે? અને તે પ્રમાણે કોઇએ કરેલ છે?

ઉત્તર–હા. ચતુર્માસી પ્રતિક્રમણ પૂર્ણિમાના દિવસે કરવાનું ×તરંગવતીનામના ગ્રન્થમાં બતાવેલ છે, અને તરંગવતીએ તે પ્રમાણે કરેલ પણ છે. જુઓ તેનું પૃષ્ટ ૨૨ મું "એવે કાર્તકી પૂર્ણિમાં આવી, એ કૌમુદી પર્વ તરીકે મનાય છે. તે પર્વને મોટા આનંદનો દિવસ ગણવામાં આવે છે. હિંસક ધંધા કરનારાઓના હાટ બંધ રહે છે. અને કષ્ટ કરીને આજીવિકા કરનારાઓને વિશ્રાંતિ મલે છે. ધર્મનિષ્ઠ મનુષ્યો તપ, જપ, દાન, પુણ્યઆદિ કરીને પોતાના જન્મને સફલ કરવા પ્રયત્ન કરે છે. એ દિવસે મેં પણ મારાં માતાપિતાની સાથે ઉપવાસ કર્યો. સંધ્યાકાલે

× જૈનમાં પ્રાચીન સાહિત્ય કથા ગ્રંથ ગણાય છે.

પ્રાકૃત ભાષામાં ગાથાબંધ તે ગ્રન્થ છે, તેના મૂલકર્તા પાદલિપ્તાચાર્ય છે, અને સંક્ષેપ–કર્તા નેમિચંદ્ર–ગણી છે. ગુજરાતી–અનુવાદ–કરનાર નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ. પ્રકાશક–બબલચંદ કેશવલાલપ્રે૦ મોદી. હાજાપટેલનીપોલ અમદાવાદ. વિક્રમ સં. ૧૯૮૦ માં છપાએલછે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચાતુર્માસિક પ્રતિક્રમણ કરીને બધા આત્માઓની સાથે જાણ્યે અજાણ્યે થએલા અપરાધ માટે મનોભાવે ક્ષમા પ્રાર્થના કરી. સવાર થતાં મેં ઉપવાસનું પારણું કર્યું." ઇત્યાદિ બીના બતાવેલ છે. તથા પૃષ્ટ ૨૪ માં "આપણા ધર્મ પ્રમાણે પર્વને દિવસે હમેશના સુવાના ખંડમાં સુવાને બદલે પૌષધ લેવાના ખંડમાં જમીન ઉપરજ સુવું જોઇએ. તે રાત્રે રાત્રિજાગરણ કરવું જોઈએ અને પ્રભુનું ધ્યાન ધરવું જોઇએ; એ પ્રમાણે હું પણ પૌષધ લેવાના ખંડમાં ગઇ અને મારાં માબાપ સાથે જિનપ્રભુની સ્તુતિ–વંદના કરીને દૈવસિક અને ચાતુર્માસિક પાપમાંથી મુક્ત થવા માટે પ્રતિક્રમણ કર્યું. એ બધું કરી રહ્યા પછી હું સ્થિરભાવે ભોંય ઉપર ઉંઘી ગઈ.

પ્રશ્ન ૬૪–મુનિરાજ શ્રીકુશલચંદ્રજી મહારાજને સંઘ તરફથી કોઇ પણ પદવી અપાએલ કે ?

ઉત્તર–ના, પરમપૂજ્ય મુનિરાજ શ્રીકુશલચંદ્રજી સાહેબને ચતુર્વિધ સંઘ તરફથી કોઈ પણ પદવી અપાએલ નથી. અને ચોપડીમાં જે છપાએલ છે તે ભુલથી થએલ છે એમ સમજવું.

પ્રશ્ન ૬૫–શ્રીદેવચંદ્રસૂરિને સૂરિપદવી કોણે આપેલછે ?

ઉત્તર–તેમને સૂરિપદ યતિસમુદાએ એકઠા થઇને આપેલછે.

પ્રશ્ન ૬૬–પંચાંગી કોને કહેવાય ?

ઉત્તર–પાંચ અંગના સમુદાયને પંચાગીશાસ્ત્ર કહેવાયછે. તે પાંચ અંગના નામ આપ્રમાણે જાણવા– ૧ સસૂત્ર–સૂત્રસહીત, ૨ સઅર્થ–અર્થસહીત, ૩ સગ્રન્થ–ગ્રન્થસહીત, ૪ સનિર્યુક્તિ–નિર્યુક્તિસહીત, અને ૫ સસંગ્રહણિ–સંગ્રહણિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સહીત. એ પાંચ અંગ, મૂલ પંચાંગીરૂપ છે. તે પાક્ષિકસૂત્ર વિગેરેમાં બતાવેલ છે—

**" *समुत्ते सअत्थे सगंत्थे सनिज्जुत्तिए ससंगयणिए जे गुणा वा भावा वा अरिहंतेहिं भगवंतेहिं पन्नत्तावा परुविया वा ते भावे सद्दहामो० " इत्यादि.**

અર્થાત્—સસૂત્ર-સૂત્રમૂલપાઠસહીત, સઅર્થઃ-વ્યાખ્યાએ કરી સહીત, સગ્રન્થઃ-સૂત્ર અને અર્થ બન્ને રૂપ જે વર્તે તે ગ્રન્થ કહેવાય, તેણે કરી સહીત, સનિર્યુક્તિ-સૂત્ર અર્થની સંગતિ કરે અથવા સૂત્ર અર્થને પરિપાટીથી જોડે તે ×નિર્યુક્તિ કહીયે તેણે કરી સહીત, સસંગ્રહણિ-યુક્તિપુરસ્સર બહુ અર્થનો સંગ્રહ કરે, તેને સંગ્રહણિ કહિયે તે સહીત, જે ગુણો-ધર્મો, ભાવો-જીવાદિપદાર્થો અરિહંત ભગવંતોએ કહ્યાં પ્રરૂપ્યાં તે ભાવોને સદ્દહું છું ઇત્યાદિ. હાલમાં આ પાંચને પણ પંચાંગી કહેવાય છે તેના નામ-'૧-સૂત્ર,૨-નિર્યુક્તિ,૩-ભાષ્ય,૪-ચૂર્ણિ,૫-વૃત્તિ-ટીકા'આ છે. સૂત્ર-એટલે ગણધર, પ્રત્યેકબુદ્ધ, ચૌદપૂર્વધર-શ્રુતકેવલી, અને પરિપૂર્ણદશપૂર્વધર મહાપુરૂષોએ રચેલ તે ×સૂત્ર કહે-

* શ્રી પખ્ખીસૂત્ર મધ્યે પત્ર ૯ માં ( દે. લા. )

× **श्रीदशवैकालिकसूत्रहारिभद्रीयवृत्तिः पत्र २ जो. ( दे. ला. ) तत्र निर्युक्तिरिति-निर्युक्तानामेव सूत्रार्थानां युक्तिः परिपाट्या योजनं निर्युक्तयुक्तिरिति वाच्ये युक्तशब्दलोपान्निर्युक्तिः-विप्रकीर्णार्थयोजना ॥**

×-શ્રીજિનભદ્રગણિકૃત સંગ્રહણિસૂત્ર તથા શ્રીમલયગિરિ વિરચિત ટીકા. **सुत्तं गणहररइयं, तहेव पत्तेयबुद्धरइयं च । सुय-**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાય. અને બીજા અંગોમાટે સંક્ષેપથી કહીયે તો તે મૂલસૂત્ર પાઠને સંગતિપૂર્વક જિજ્ઞાસુ શિષ્ય સમજે તેને માટેની જે વ્યાખ્યાઓ તે નિર્યુક્તિ ભાષ્ય ચૂર્ણિ વૃત્તિ કહેવાય છે. તેઓનો શબ્દાર્થ આ પ્રમાણે છે-નિર્યુક્તિ-સૂત્ર અર્થની સંગતિ કરી આપે, ભાષ્ય-સૂત્રપદની સાથે સ્વપદની વ્યાખ્યા કરે, ચૂર્ણિ-સૂત્રપદનો અવયવાર્થસહીત કહે. વૃત્તિ–સૂત્રપદાર્થ શિષ્યની બુદ્ધિમાં પ્રવેશ કરે તેવી રીતની વ્યાખ્યા. એ પાંચેને પંચાંગીકહેવાય છે.

પ્રશ્ન ૬૭–શ્રી પાર્શ્વચંદ્રસૂરિ પંચાંગીને માનતા નથી?

ઉત્તર–શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી પંચાંગીને બરાબર માને છે, અને જો શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી પંચાંગીને ન માનતા હોય તો શું માને છે ? કારણકે પંચાંગી એટલે સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને વૃત્તિ, એમનો નામ પંચાંગી કહેવાય છે. શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી શું સૂત્ર નથી માનતા ? તેમતો નથી, કારણકે તે સૂત્રને તો શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી બધાય કરતા અધિક માને છે. અને બાકીના ચાર અંગ જે છે તેતો સૂત્રની સંગતિ કરવા માટે સૂત્રનું રહસ્ય ભવ્યાત્માને બરાબર સમજાય તે માટેની વ્યાખ્યાઓ છે, તેને શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી કેમ ન માને ? શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી તો સૂત્રથી અવિરૂદ્ધજતિ વ્યાખ્યાઓને બરાબર માને છે. આજકાલના કેટલાએક અહમિન્દ્ર સાધુઓ તથા ગૃહસ્થો શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી ઉપર ખોટો આરોપ આપે છે કે શ્રીપાર્શ્વચંદ્રસૂરિ પંચાંગીને માનતા નથી પણ પોતે

---

केवलिणा रइयं, अभिन्नदसपुव्विणा रइयं ॥ १ ॥ व्याख्या—यद्गणधरैः सुधर्मास्वामिप्रभृतिभिर्विरचितं यच्च प्रत्येकबुद्धैर्यच्छ्रुतकेवलिना चतुर्दशपूर्वधारिणा यच्चाभिन्नदशपूर्वेण परिपूर्णदशपूर्वधारिणा विरचितं तदेतत्सर्वं सूत्रमिति ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પંચાંગીને માને છે કે કેમ? તેનો તો વિચાર સરખો પણ આવતો નથી. ‘ ડુંગરે બળતું દેખાય છે પણ પગ તલે બળતું દેખાતું નથી ’ સહુકોઈ પરના દોષ જોવામાં દીવ્ય ચક્ષુ છે પણ પોતાના દોષ જોવામાં જન્માંધ સદૃશ આચરણ કરે છે. હવે વિચારો કે-શ્રીસિદ્ધાંતોમાં સર્વત્ર મુનિઓને શ્વેત માનોપેત વસ્ત્ર ધારણ કરવાનું પ્રભુએ ફરમાન કરેલ છે. તેને છોડી પીત વસ્ત્ર ધારણ કરવાનું કોઇ પણ સૂત્ર પંચાંગીમાં બતાવેલ નથી છતાં સૂત્ર પંચાંગીની અવગણના કરીને પીત વસ્ત્ર ધારણ કરે છે. તો હવે તેમણે પંચાંગી શી રીતે માની ગણાય? અને શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી તો શ્વેતમાનોપેત વસ્ત્ર ધારણ કરવાનો આદેશ હોવાથી શ્વેત-માનોપેત વસ્ત્રનો આચરણ તથા ઉપદેશ કરે છે. શું તમારૂં કીધું ન કરે તેથી શ્રીપાર્શ્વચંદ્રસૂરિ પંચાંગી માનતા નથી; એમ કહેવું છે? તે તો સર્વજ્ઞોનું કહેવું માને છે. જુઓ શ્રી આવશ્યક નિર્યુક્તિની ગાથા ૩૫૭માં કહેલ છે કે-“**सुक्कंबरा य समणा**” તેની વ્યાખ્યા મલયગિરિસૂરિકૃત- ‘ **शुक्लान्यंबराणि येषां ते शुक्लाम्बराः श्रमणाः** ’ અર્થાત્ શ્વેત વસ્ત્રો છે જેઓના તે શ્વેતાંબર મુનિઓ કહેવાય. આમ ચોખો નિર્યુક્તિમાં પાઠ છે છતાં ન માને તેણે નિર્યુક્તિ માની કેમ કહેવાય?, અને શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી તો નિર્યુક્તિના પાઠ પ્રમાણે વર્તે છે. તો હવે બન્નેમાં નિર્યુક્તિ કોણે માની ગણાય; તેતો પોતેજ સમજી લેવાનું છે. વલી શ્રીનિશીથચૂર્ણિમાં કહેલ છે કે- ‘ કોઈપણ સાધુ જો વસ્ત્ર કલ્ક લોધ્રાદિકથી રંગે તો તેને પ્રાયશ્ચિત આવે. ’ આ પ્રમાણે ચૂર્ણિમાં છે છતાં પણ તે પાઠને ન માને અને ઉલ્ટા અર્થ કરે તેણે ચૂર્ણિમાની ગણાય?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat          www.umaragyanbhandar.com

વલી શ્રીનિશીથચૂર્ણિમાં તથા દશાશ્રુતચૂર્ણિમાં સાધુઓને ચોમાસીપ્રતિક્રમણ પૂનમના દિવસે બતાવેલછે, અને ચોમાસો બદલવાનો એટલે વિહાર કરવાનો કાર્તિક વદી ૧નો કહેલછે. તે પ્રમાણે ન કરે તો તેણે શ્રીનિશીથચૂર્ણિ તથા દશાશ્રુત-ચૂર્ણિમાની કહેવાય ? અને શ્રીનિશીથચર્ણિ તથા દશા૦ચૂર્ણિ પંચાંગીમાં હશે કે નહી ? જો પંચાંગીમાં છે; તો પછી પંચાંગીની માન્યતા કેવા પ્રકારની જાણવી. અને શ્રીપાર્શ્વ-ચંદ્રસૂરિજી તો ચોમાસી પ્રતિક્રમણ પૂનમનુંજ અને વિહાર એકમનોજ માને છે અને તેજ તેમનો ઉપદેશ છે; તો શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીએ નિશીથચૂર્ણિ તથા દશા૦ચૂર્ણિ માની કે ન માની ? તે તો વિચારક જાણી શકે. ‘ પારકું બધું ખોટું અને પોતાનુંજ સાચું ’ આવી જ્યાં માન્યતા હોય ત્યાં તત્વ કેવી રીતે પામી શકાય ? વલી નિશીથસૂત્રમાં કહેલ છે કે– ‘ પર્વમાં પજ્જુસણ ન કરે અને અપર્વમાં પજ્જુસણ કરે તેને ચાર ગુરૂપ્રાયશ્ચિત આવે ’ આમછે છતાં પવમાં પજ્જુસણ કરતા નથી અને અપર્વમાં પજ્જુસણ કરે છે, તો તેમણે નિશીથસૂત્ર માન્યું કે કેમ ?, અને શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી તો પર્વમાંજ પજ્જુસણ કરવાની ભલામણ કરે છે. હવે નિશી-થસૂત્ર બન્નેમાંથી કોણે માન્યું, તે વિચારી જોજો. વલી શ્રીસમવાયાંગસૂત્રની વૃત્તિમાં પજ્જુસણ પંચમીના કરવાના કહ્યાંછે, તો હવે જે ચોથના પજ્જુસણ કરતા હોય તેમણે તે વૃત્તિ માની કે નહી ? અને શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી તો પર્યુષણા પંચમીનાજ માને છે. તો હવે બન્નેમાં પંચાંગી ઉત્થાપક કોણ ?. વલી શ્રીસુયગડાંગસૂત્રની વૃત્તિમાં ચોમાસી પ્રતિક્રમણ પૂનમના દિવસે કરવાનું બતાવેલ છે. તેને મુકીને–ચૌદશના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દિવસે કરનારે તે વૃત્તિમાની કે કેમ ?, અને શ્રીપાર્શ્વચન્દ્રસૂરિજીએતો એજ વૃત્તિના આધારે ત્રણે ચોમાસી પ્રતિક્રમણ પૂનમના દિવસેજ કરવાનું બતાવેલ છે. કારણ કે એ વૃત્તિ શ્રી શીલંગાચાર્યની બહુ જુની ગણાય છે. હવે આ વૃત્તિને બન્નેમાંથી કોણે થાપી અને કોણે ઉત્થાપી, તે સમ્યક્ પ્રકારે વિચારીને સમજો. વલી ચૌદશના દિવસે જ્યારે ચોમાસી પ્રતિક્રમણ કરે ત્યારે પખ્ખી પ્રતિક્રમણ ક્યારે કરે ? કે નજ કરે ? ત્યારે કહે છે કે-એતો 'હાથીના પગમાં સર્વના પગ સમાઈ જાય' તેમ ચોમાસીમાં પખ્ખી પણ આવીજ જાય, માટે જુદું પખ્ખી પ્રતિક્રમણ કરવાની જરૂર નથી. જો એમજ હોય તો સંવચ્છરી પ્રતિક્રમણમાં સર્વનો સમાવેશ થઇ જાય; તો પછી શાસ્ત્રકારોએ જુદા જુદા પાંચ પ્રતિક્રમણ કેમ બતાવ્યા ?. માટે કોઈ કોઈનો કોઈમાં સમાવેશ થાય નહી. અને જે ચોમાસીમાં પખ્ખીનો સમાવેશ કરે છે તે શાસ્ત્રવિરૂદ્ધ છે. તેથીજ શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી પખ્ખી તથા ચોમાસી પ્રતિક્રમણ જુદા જુદા કરવાનું પંચાંગીની આજ્ઞાથી ફરમાવે છે. તો હવે પંચાંગી કોણે માની અને કોણે ન માની તે વિચારજો. વલી જુઓ શ્રીઆચારાંગસૂત્ર કે જે શ્રીગણધરકૃત દ્વાદશાંગી સિદ્ધાંતનો પ્રથમ અંગ પરમપૂજ્ય મનાયછે, જેમાં મુખ્યતાએ સાધુ મુનિરાજોને પાલવાની ક્રિયા, આચરવાના આચારો અને વર્તવાની રીતિ-મર્યાદાઓ બતાવેલ છે. સાધુ ધર્મયોગ્ય ચરણ સિત્તરી અને કરણ સિત્તરીનું વર્ણન જેમાં કરવામાં આવેલ છે. તેમાં સાધુઓને શ્વેતવસ્ત્ર ધારણ કરવાના કહ્યાં છે, કિન્તુ રંગીને વસ્ત્ર વાપરવાના કહ્યાં નથી. તે શ્રીઆચા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાંગસૂત્રનું અધ્યયન ૮ મું ઉદ્દેશ ૪થો પત્ર ૨૭૭ ( આગમ સમિતી.)માં બીના આ પ્રમાણે બતાવેલ છે—

'से अहेसणिज्जाइं वत्थाइं जाइज्जा अहापरिग्गहियाइं वत्थाइं धारिज्जा. नो धोइज्जा नो धोयरत्ताइं वत्थाइं धारिज्जा. वृत्तिः शी०–याश्चावाप्तानि च वस्त्राणि यथापरिगृहीतानि धारयेत्, न तत्रोत्कर्षणधावनादिकं परिकर्म कुर्यात्। एतदेव दर्शयितुमाह–नो धावेत्–प्रासुकोदकेनापि न प्रक्षालयेत्, गच्छवासिनो ह्यप्राप्तवर्षादौ ग्लानावस्थायां वा प्रासुकोदकेन यतनया धावनमनुज्ञातं, न तु जिनकल्पिकस्येति, तथा–न धौतरक्तानि वस्त्राणि धारयेत्, पूर्वं धौतानि पश्चाद्रक्तानीति.'

સારાંસ–યાચનાથી મલેલા વસ્ત્રો જેવા ગ્રહણ કર્યા હોય તેવાજ ધારણ કરે, તેમાં ઉત્કર્ષણ–અધિકતા–શોભા ધોવાવિગેરે પરિકર્મ–શણગાર ન કરે. એજ દેખાડે છે–શુદ્ધજલ–પાણીથી પણ ન ધોવે. ગચ્છવાસિને તો વર્ષા કાલ પ્રાપ્ત થએલ ન હોય તેના પહેલા અને ગ્લાન અવસ્થામાં શુદ્ધ જલથી યતનાપૂર્વક ધોવાની અનુજ્ઞા આપેલ છે, પણ જિન કલ્પિમુનિને ધોવાની આજ્ઞા આપેલ નથી. તથા ધોઈ રંગીને વસ્ત્ર પહેરે નહી એટલે પ્રથમ ધોઇ પછી રંગીને વસ્ત્ર ધારણ કરવાની મનાઇ છે પણ શ્રીજિનેશ્વરદેવની આજ્ઞા નથી. આ પ્રકારે મૂલસૂત્ર તથા ટીકામાં ખુલ્લેખુલ્લું બતાવેલ છે. છતાં સદ્દહણા, પ્રવૃત્તિ ન કરે તે પ્રમાણે ન આચરે તો તેણે તે સૂત્ર તથા ટીકા માની ગણાય ? નજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગણાય. તો પંચાંગી ઉત્થાપક કહેવાય કે નહી? કહેવાય. અને શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી તો સૂત્રમાં તથા ટીકામાં કહેલ તેજ પ્રમાણે માનેછે અને આચરે પણ છે ને વલી ઉપદેશ પણ તે પ્રમાણે કરે છે. તેથી અવશ્ય સમજવું કે શ્રીપાર્શ્વ-ચંદ્રસૂરિજી સર્વજ્ઞ કથિત અવિરૂદ્ધ પંચાંગીને માને છે. પણ જિનવચનવિરૂદ્ધ મતાગ્રહિઓએ કહેલને માનતા નથી. વલી શ્રીઉત્તરાધ્યયનસૂત્રના ગૌતમકેશીય અધ્યયનમાં સાધુઓને શ્વેત–માનોપેત વસ્ત્ર ધારણ કરવાનાં કહ્યાંછે. એને મુકી રંગીને પીળા વસ્ત્ર કરવા અને પછી કહેવું કે અમેજ પંચાંગીને માનીએ છીએ એ માન્યતા કેવા પ્રકારની ગણાય? કહે છે કે અમે કારણથી ધોળા વસ્ત્ર પહેરતા નથી. ધોળા વસ્ત્રમાં મુનિઓ શિથિલ થઇ ગયા, અને ઢુંઢીયા થયા; તેથી અમે શ્વેત–વસ્ત્રોને મુકી દીધા. આ દલીલ તેમની વ્યાજબી ગણાય? એવા કારણોથી સિદ્ધાંતોની આજ્ઞા લોપાય? નજ લોપાય. એમ તો જુઓને અત્યારે હાલના ચાલતા કાલમાં પીત વસ્ત્રમાં પણ શિથિલ ઘણા થઇ ગયા છે તો હવે શું કરવું? અનાદિ કાલથી સદાય દુનિઆમાં બે પ્રકારની વસ્તુઓ રહેલ છે સારી અને ખોટી અને તે જ્ઞાનીઓને જાણ્યા બહારની ન હતી. જેમ હંસ અને બગ, આંબાની કેરી અને આકડાની કેરી, લીંબોડી અને રાયણ દેખાવમાં એક સરખાં દેખાય તેથી કાંઇ પરીક્ષક જે હોય તે ભુલી જાય નહિ, તે તો પરીક્ષા કરીને જ સ્વીકારે. એમ તો કોઇ એક જિન પ્રતિમા ઉત્થાપક કહે કે જિન પ્રતિમા સાચી છે પણ બીજા બહુ ડફાણ જિન પ્રતિમાના અંગે કરનારાઓએ કરી નાખ્યા. તેવા કારણથી જિન પ્રતિમાને અમે માનતા નથી. આ દલીલ જેમ એની પણ વ્યાજબી નથી, તેમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat     www.umaragyanbhandar.com

ઉપરની યુક્તિ પણ વ્યાજબી ગણાય નહી. એવા કારણથી મૂલ વસ્તુ જે સિદ્ધાંતમાં પ્રતિપાદન કરેલ છે તેને આત્માર્થી છોડે કેમ. અને જો છોડે તો તેનું કલ્યાણ પણ થાય નહિ. સાચી સદ્દહણામાંજ સમકિત વસેલછે. શ્રીજિનેશ્વરભાષિત આગમ ઉપર શ્રદ્ધા નહોય તો સમકિત ન આવે અને સમકિત વિના બધું નકામું. શ્રી જિનઆજ્ઞામાં સ્વચ્છંદપણું કોઇનું પણ ચાલે નહિ. શ્રી સર્વજ્ઞોએ કહેલને મુકી અન્યથા આચરણ કે ઉપદેશ જો કરાય તો પછી મિથ્યાદૃષ્ટિ કહેવાય. જુઓ શ્રી મહાનિશીથસૂત્રના બીજા અધ્યયનમાં કહેલ છે કે—

**पयमक्खरंपि जो, एगं सव्वन्नुहि पवेदियं ।**
**न रोएज्झ अन्नहा भासे, मिच्छदिट्ठी स निच्छियं ॥१॥**

અર્થાત્–સર્વજ્ઞ પરમાત્માઓએ કહેલ એક પદ અથવા અક્ષરને પણ જો ન સદ્દહે અથવા ઉલ્ટી પરૂપણા કરે તે નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિ જાણવો. આ પાઠના સરખો કાંઇક મલતો પાઠ અન્યત્ર પણ કહેલ છે તે આ—

**" पयमक्खरंपि इक्कं, जो न रोएइ सुत्तनिदिट्ठं ।**
**सेसं रोयंतो वि हु, मिच्छदिट्ठी जमालिव ॥१॥**

અર્થાત્–સૂત્રમાં બતાવેલ એક પણ પદ કે એક પણ અક્ષર ન માને બાકીને માનતો હોય તોપણ નિશ્ચયથી જમાલિની માફક મિથ્યાદૃષ્ટિ જાણવો. આવા દોષોનો સંભવ રહેલછે માટે સર્વજ્ઞ પરમાત્માઓએ પ્રરૂપેલ સૂત્રસિદ્ધાંતપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી વર્તવું જોઇયે. પોતાના સંપ્રદાયનો ખોટો જો દૃષ્ટિરાગ હોય તો તે પ્રમાણે વર્તિ શકાય નહિ. પણ દૃષ્ટિ-રાગ મુકવો બહુ મુશ્કેલ છે. જુઓ શ્રી હેમચંદ્રાચાર્યકૃત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી વીતરાગસ્તોત્રના છઠ્ઠા પ્રકાશમાં શ્લોક ૧૦ મો—

"कामरागस्नेहरागा—वीषत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान् , दुरुच्छेदः सतामपि ॥

અર્થાત્—કામરાગ અને સ્નેહરાગ એ બન્નેને દૂર કરવા બહુ મુશ્કેલ નથી, પણ દૃષ્ટિરાગ તો એવો પાપી છે કે સજ્જન પુરૂષોને પણ નાશ કરવો બહુ મુશ્કેલ છે, એટલે તેમને પણ ભમાવી નાખે એવો છે. વીતરાગવચનપર સંપૂર્ણ શ્રદ્ધાવાલાઓજ એનાથી બચી શકે છે. પોતાના ગચ્છ—મત પંથ પર આગ્રહી જો હોય તો તે દૃષ્ટિરાગથી મુક્ત થઈ શકે નહિ. અને શ્રી પાર્શ્વચંદ્રસૂરિજી તો સ્વગચ્છનો પણ આગ્રહ કરતા નથી, પણ જે જિનેશ્વર ભગવંતોએ કહેલ સૂત્ર—આગમ તેનેજ ભક્તિભાવથી સ્વીકારે છે અને સત્ય પણ તેનેજ માને છે. અને તેમજ માનવું તેજ વ્યાજબી ગણાય. જુઓ આગમસમિતિ તરફથી પ્રસિદ્ધ થએલ શ્રી ભગવતીસૂત્ર પ્રથમ શતક ૩ જા ઉદ્દેશાનાં પત્ર ૫૪ માં કહેલ છે કે—

"से नूणं भंते ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं ?, हंता गोयमा ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं" व्याख्या—'से नूण' मित्यादि व्यक्तं, नवरं 'तदेव' न पुरुषान्तरैः प्रवेदितं, रागाद्युपहतत्वेन तत्प्रवेदितस्यासत्यत्वसम्भवात् , 'सत्यं' सूनृतं, तच्च व्यवहारतोऽपि स्यादत आह—निःशङ्कम् अविद्यमानसन्देहमिति ॥

અર્થાત્—નિશ્ચયથી હે ભગવન્! તેજ સાચું અને શંકા વિનાનું કે જે જિનેશ્વરોએ કહ્યું ?, હા, ભગવાન કહેછે કે હે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગૌતમ! જે જિનેશ્વરોએ કહેલ તેજ સાચું, પણ છદ્મસ્થોએ અથવા વીતરાગ અવસ્થા વિનાના બીજાઓએ કહેલ તે સાચું નહિ. કારણકે રાગાદિકે કરીને હણાયલા હોવાથી તેમનાં કથિતમાં અસત્યપણાનું સંભવ હોવાથી. તે સાચું વ્યવહારથી પણ હોય એટલા માટે કહે છે કે સંદેહ-વિનાનું પણ તેજ કે જે જિનેશ્વરોએ કહેલું હોય. તેમની આવી શ્રદ્ધા હોવાથી શ્રીપાર્શ્વચંદ્રસૂરિજી પંચાંગીને માને છે.

પ્રશ્ન ૬૮—જીવ કર્મ બાંધે છે એમ આપણે કહીએ છીએ પણ જીવ તો ચેતન છે અને કર્મ તો જડ છે તો તે ચેતનને જડ શી રીતે વલગી શકે?

ઉત્તર–અનાદિ કાલથી જીવ કર્મનો સંગી છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ એ પાંચ હેતુએ કરી જીવ કર્મને ગ્રહણ કરે છે. રાગાદિ ભાવકર્મે જ્ઞાનાવરણિ આદિ આઠ દ્રવ્યકર્મને જીવ બાંધે છે. સંયોગ સંબંધે અન્યસંયોગી ચેતન થએલ છે. રાગદ્વેષરૂપ ભાવકર્મની આર્દ્રતા-લીલાસ ચીકાસના સંબંધે જડ દ્રવ્યકર્મ ચેતનને વલગે છે. શ્રી નંદીસૂત્ર હારિભદ્રીય ટીકામાં તથા શ્રીભગવતીસૂત્રની ટીકામાં કહેલ છે કે—

"स्नेहाभ्यक्तशरीरस्य, रेणुना लिप्यते यथा गात्रम् ।
रागद्वेषक्लिन्नस्य, कर्मबन्धो भवत्येवम् ॥ १ ॥

અર્થાત્–જેમ તેલથી ખરડાએલ શરીરને રજ ધૂળ ચોટે છે અને શરીર મેલવાળો થાય છે, તેમ રાગદ્વેષથી વ્યાપ્ત ભીનો થએલ જીવને કર્મબંધ થાય છે–જીવ કર્મથી મલીન થાય છે. આત્મા અરૂપી તેના જ્ઞાન દર્શન ગુણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ અરૂપી તેને રૂપી જડ બાધક થઇ શકે? હા, ચેતન-દ્રવ્યને જડ કર્મ ઉપકાર તથા અપકાર કરી શકે છે. જેમ બ્રાહ્મી ઔષધીના પ્રયોગે જ્ઞાનગુણની વૃદ્ધિ અને મદિરા-પાને જ્ઞાનગુણની હાનિ પ્રત્યક્ષ અનુભવાય છે. તેમ જીવને શુભ કર્મ ઉપકાર તથા અશુભકર્મ અપકાર કરેછે. બ્રાહ્મી ઔષધી અને મદિરા રૂપી તથા જડ છે, અને ચેતનનું જ્ઞાન ગુણ અરૂપી છે, છતાં જ્ઞાનગુણને ઉપકાર તથા બાધક થાય છે. વૃદ્ધિ હાનિ કરે છે. અન્યસંયોગી જીવ ક્યારથી બનેલ છે? તે માટે જુઓ શ્રી આનંદઘનજી મહા-રાજકૃત શ્રી પદ્મપ્રભજિનેશ્વરના સ્તવનની ગાથા ૩ જી.

**कनकोपलवत पयडी पुरुषतणीरे, जोडी अनादि स्वभाव।**
**अन्यसंयोगी जिहां लगि आतमारे, संसारी कहेवाय. पद्म०**

અર્થાત્—અનાદિકાલથી સ્વભાવ–સંયોગ સંબંધની પરંપરાએ કરી પ્રકૃતિ અને પુરૂષ–કર્મ અને જીવ, માટી અને સોનાની માફક જોડાએલ છે. કહેલ છે કે—

**"योगे स्वभावसिद्धेऽपि, पार्थक्यं जीवकर्मणोः।**
**उपायेन भवत्येव, स्वर्णपाषाणयोरिव ॥ १ ॥**

અર્થાત્–ચેતન અને જડનો સંબંધ સ્વભાવસિદ્ધ છે સ્વર્ણ અને પત્થરની પેઠે, તોપણ જીવ અને કર્મ ઉપાયથી અવશ્ય જુદા થઈ શકે છે, જેમ ઉપાય સામગ્રીથી સોનું પત્થરથી જુદું પાડી શકાય છે. ઉપાય વિના જુદું પાડી શકાતું નથી. ઉપાય સત્ય હોવા જોઈએ, અને તે જ્ઞાનિ-ઓના બતાવેલા હોવા જોઈએ. અન્યસંયોગી–પુદ્ગલાનંદી વિષયકષાયનો અનુસંગી જ્યાંલગી આતમા ત્યાંલગી સંસારી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાણવો. એનો ત્યાગી થાય ત્યારે છૂટે, મુક્તિપદ પામે. એનો સંગી હોય ત્યાંસુધી મુક્તિ ન થાય. એટલાજ માટે છોડવા યોગ્ય જ્ઞાનિઓએ બતાવેલ વિષય કષાય તેનાં પર સંપૂર્ણ વૈરાગ્ય થવો જોઇએ, ત્યારે ચેતન જડથી મુક્ત થાય.

---

(આ સ્થળે આ લેખો ઉપયોગી હોવાથી આપવામાં આવેલાછે)

## *પાંચમી જૈન શ્વેતાંબર કોનફરન્સના પ્રમુખના ભાષણમાંથી પૃષ્ટ ૧૯.

"જૈન પર્વમેં છુટ્ટી.

દૂસરી કન્ફરેંસ કે ૨૨ મેં ઠરાવમેં અપને સર્વશ્રેષ્ટ શ્રીપર્યુષન પર્વપર ભાદ્રશુકલ ૪ કે દિવસ અંગરેજ સરકાર તથા દેશી રાજ્યમેં છુટ્ટી નહીં હોતી ઈસ વિષયમેં ઉન લોગોંસે અવકાશકી પ્રાર્થના કે વાસ્તે યોગ્ય ધ્યાન દિયા જાય, ઐસા કહાગયાથા. મેરી સમઝમેં ભાદ્રશુકલ ૪ ઔર ભાદ્રશુકલ ૫ યહ દોનું દિવસકે વાસ્તે પ્રાર્થના કરની ઉચિત હૈ. કયોંકિ અપને સિદ્ધાંતકે અનુસાર પંચમીહી ચૌરાસી ગચ્છકા પવિત્ર દિવસ હૈ ઔર દિગમ્બર જૈનમતકાભી ઉસી તિથીસે દસલાક્ષણિક વ્રતકા આરંભ હોતાહૈ તથા અન્યમતમેંભી ઋષિપંચમીકે નામસે પ્રસિદ્ધહૈ. ઈસ હેતુસે પંચમીકે લીયેભી પ્રાર્થના ઉચિત હૈ.

---

* શ્રી પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સકે પ્રમુખ. મુર્શિદાબાદ-અજીમગંજ-નિવાસી, રાય સેતાબચંદનાહાર બાહાદુરકા ભાષણ.

મુ. અહમદાબાદ, વીર સંવત ૨૪૩૩, તા. ૧૬ ફેબ્રુઆરી ૧૯૦૭ ફાલ્ગુન શુકલ ૪ સં. ૧૯૬૩, શનિવાર. લેખક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી પર્યુષણા પર્વ.×

( લેખક— જૈનમુનિ રત્ન )

વલી ઉપર બતાવ્યા પ્રમાણે પંચમી અને ચતુર્થીની બાબત એવી છે કે કલ્પસૂત્રાદિ આગમોની સાક્ષીથી સિદ્ધ અને અનાદી કાળપરંપરાથી ચાલ્યો આવતો જે વ્યવહાર તે એવો છે કે શ્રીપર્વ પંચમીને દિવસે કરવો પણ તે આગમ માર્ગની રીતનો અનાદર કરીને હવે કેટલાક લોકો ચતુર્થીના શ્રીપર્વ કરે છે. આ પણ એક ગંભીર ભુલ છે. એટલુંજ નહિ પણ પરમાત્માના વચનોનું એક રીતે ઉત્થાપન થાય છે. કોઇ એક મહાપુરૂષે અમુક કારણથી કદાચ ભિન્ન દિવસે ક્રિયા કરી તો પાછળથી બધાએ એ રીત પકડી રાખવી એ સર્વથા અનુચિત છે. પંચમી અને ચતુર્થીના માટે પણ તેમજ થવા પામ્યું છે. શ્રી કાલકાચાર્યે એક રાજાના કાંઇ સબલ કારણના આગ્રહથી એક વરસ માટે પંચમીના બદલે ચતુર્થી કરી પણ તેમણે એવું ફરમાન કર્યું નથી કે હવે પછી પંચમીના બદલે શ્રીપર્વ ચતુર્થીનાં કરવા આમ હોવા છતાં તે આગ્રહ નહીં પણ કદાગ્રહને પકડી રાખીને પંચમીને બદલે જે ચતુર્થી પાલવામાં આવે છે તે ખરેખર આગમોનું અને પૂર્વના મહર્ષિઓનું એક રીતે અપમાન થાય છે.

---

× કચ્છીજૈનમિત્ર, પુસ્તક ૧ અંક ૩ જા માં પ્રગટ થયેલ લેખ ઉપયોગી હોવાથી જેમ હતો તેમનો તેમ અત્રે આપવામાં આવેલ છે. લેખક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પર્યુષણ સંબંધી કંઈક ઝાંખી સમજુતી
અને
# આપણા પવિત્ર કર્તવ્યનું ભાન.×

પ્રથમ પુરાણા વખતમાં જ્યાં સંત સાધુ મહાત્માઓ નવકલ્પી વિહારે વિચરતાવિચરતા કોઈ ગામનગરમાં વર્ષાઋતુની લગભગ સ્થિતિ સ્થિરતા કરવા પધારતા ત્યારે ત્યારે તે તે સ્થળવાસી ભાવિક શ્રાવક જનો હવે આપ અહીંજ ટકી જશોને? એવું પૂછતા તે વખતે પાપભીરૂ તે મહાત્માઓ પોતાના નિમિત્તે લોકો આરંભ સમારંભ ન કરી બેસે તેવા શુભાશયથી 'હાલ તો અમે પાંચ દિવસ ઠેરસું' એમ પાંચ પાંચ દિવસની અભિવૃદ્ધિથી ત્યાં રહેવાનું સ્વીકારતા એમ કરતાં અનુક્રમે વર્ષાકાળના ૫૦ દિવસ વ્યતિક્રાન્ત ( વ્યતિત ) થયે છતે તેઓ સર્વથા ત્યાંજ વર્ષાકાળ (ચાતુર્માસ) પૂરો થાય ત્યાં શુધી રહી જવાનું સ્વીકારી લેતા તેનું નામ પર્યુષણા. અમુક સ્થાને વર્ષાકાળ સંપૂર્ણ રહી જવાનો નિર્ણય પ્રથમ એ રીતે ભાદરવા સુદ પાંચમે થતો, અત્યારે તો ગુરૂ ફરમાવે તે ક્ષેત્રમાં ચાતુર્માસ રહેવા પ્રથમથી નિર્ણય કરાય છે. પર્યુષણાનો બીજો અર્થ વાર્ષિક પર્વ તે પણ પુરાણા કાળે તો ભાદરવા શુદી ૫ નું હતું. પરંતુ કાલિકાચાર્ય મહારાજે તે **'अंतराविसे कप्पइ,'** એ સૂત્ર વચનને અવલંબી પાંચમને બદલે ચોથનું કર્યું. ત્યારપછી જો

× સંવત ૧૯૮૨ ના જ્યેષ્ટ માસના 'શ્રીજૈનધર્મપ્રકાશ' માસિક પુસ્તક ૪૨ ના અંક ત્રીજામાં મુની મહારાજશ્રી કર્પૂરવિજયજીના તરફથી પ્રગટ થએલ આ લેખ ઉપયોગી હોવાથી જેમ હતો તેમ અત્રે તે લેખનો ભાગ આપવામાં આવેલ છે. —લેખક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે વૃદ્ધ સંપ્રદાય વશ ચોથનુંજ કરવામાં આવેછે, તોપણ તિથિ તરીકે પંચમીનો અનાદર નહીં કરતાં તેનો ઉચિત આદર કરવા સેનપ્રશ્ન-હીરપ્રશ્ન+ જેવા પ્રમાણિક ગ્રંથોમાં સુસમર્થ આચાર્યોએ પોતાનો અભિપ્રાય જણાવ્યો છે શક્તિ હોય તેણે તે દિવસે પણ અવશ્ય ઉપવાસ થાય એવા મેળથી છઠ્ઠ અઠ્ઠમાદિ તપ કરવો પંચમીનું આરાધન કરનારને માટે આ વાત મરજીયાત નહી પણ ફરજીયાત સમજવી........

[ સ. ક. વિ. ]

---

+ હીરપ્રશ્ન ગ્રંથના કર્તા શ્રીહીરવિજયસૂરિજીની જયંતી ઉજવનારાઓ શ્રીહીરવિજયસૂરિજીયે હીરપ્રશ્ન ગ્રંથમાં ભાદરવા શુદિ પંચમીની આરાધના કે વિરાધના શું બતાવેલ છે ? એ બાબતપર જો ધ્યાન આપતા હોય તો તેમને સ્પષ્ટ રીતે માલમ પડે કે શ્રીહીરવિજયસૂરિજીએ તો તપસ્યાદિકવડે કરીને શ્રી ભાદરવા શુદિ પંચમીની આરધના કરવા ફરમાન કરેલ છે. પણ વિરાધના બતાવેલ નથી, આપણે તો હાલ મોટી તપસ્યાઓ હોય તોપણ ભાદરવા શુદિ પંચમીને દિવસે પારણા કરીએ છીએ અને તેજ દિવસે સ્વામીવચ્છલ નવકારસી વીગેરેના જમણ પણ કરીએ છીએ. અને કરાવવા ઉપદેશ પણ આપીએ છીએ તો તેમ કરવા વડે કરીને આપણે એ તિથી તથા શ્રીહીરવિજયસૂરિજીની આજ્ઞા આરાધીએ છીએ કે વિરાધીએ છીએ ? તેનો વિચાર જયંતિ ઉજવવાના અવસરમાં કરવામાં આવતો હોય તો અને તે પ્રમાણે વર્તવાનો નિશ્ચય થાય તો તેમની જયંતી ઉજવી સાર્થક ગણાય. આ વિચારણા ધાર્મિક પ્રેમની બુદ્ધિથી કરવામાં આવેલ છે. લેખક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચર્ચાપત્ર×

## ચોથ પાંચમની સંવત્સરી સંબંધી.

જૈનદિવાકારના એડિટર યોગ્ય—

સાહેબ, ભાવનગરથી નીકળતા જૈનધર્મપ્રકાશના સાતમા અંકમાં ચોથની સંવત્સરી સંબંધી ચર્ચાપત્ર આવ્યું છે. એ ચર્ચાપત્ર શ્રીમાન્ આત્મારામજી મહારાજે સ્વગચ્છની આચરણાનો બચાવ કરવા લખી મોકલાવ્યું છે. તેથી તે સ્વગચ્છના પક્ષમાં વગર તકરારે સ્વીકારી શકાય એ સંભવિત છે; પણ તે પત્રનું માસિક લખાણ સમજ્યા વગર જો કોઇ તેના વડે એમ સિદ્ધ કરવા ચાહશે કે ગચ્છાંતરવાળા (જેવાકે અંચળગચ્છવાળા તથા પાર્શ્વચંદ્રગચ્છવાળા વગેરે) પાંચમની પર્યુષણા કરે છે, તે જૈનશૈલી વિરૂદ્ધ છે તો તેમ સમજવું ગેરવ્યાજબીજ છે. કારણ કે, એ ચર્ચાપત્રનાજ લખાણથી એમ સમજી શકાય છે કે, એ ચર્ચાપત્ર સ્વગચ્છની આચરણા ઉપર આવતા દોષો નિવારીને તેનો બચાવ કરે છે, પણ કંઇ ગચ્છાંતરની આચરણાઓ અઘટિત છે એમ નથી સિદ્ધ કરતું.

જુઓ, શરૂઆતમાંજ ત્યાં શિષ્ય શંકાદ્વારા લખ્યું છે કે "કિતનેક ગચ્છોમેં ઇસ સમય ભાદ્રપદ સુદિ પંચમીમેંહિ પર્યુષણા પર્વ કરણા લિખતા હૈ, પરંતુ અપને ગચ્છમેં ભાદ્રપદ સુદિ ચૌથમે પર્યુષણા પર્વ કરતે હૈ સો કૈસે?" આ મુખ્ય પ્રશ્ન સૂચન કરે છે કે તેની પ્રવૃત્તિ માત્ર સ્વગચ્છાચરણા ચોથની કેમ ચાલી તે સંબંધી ખુલાસો માંગવામાં સમાય છે, પણ કાંઇ ગચ્છાંતરમાં ચાલતી પાંચમની પર્યુષણાને ખંડિત કરવા તે પૃચ્છા નથી. અને તે પૃચ્છાને અનુસારે ઉત્તરમાં તેનો ખુલાસો આપ્યો કે કાળિકાચાર્ય પછી આપણા ગચ્છમાં ચોથની આચરણા ચાલે છે માટે તેમાં આપણને દોષ નથી.

× સને ૧૮૯૪ ના નવેમ્બર માસના જૈનદિવાકરના દસમા વર્ષના પહેલા અંકમાં પ્રગટ થયેલ લેખ ઉપયોગી હોવાથી જેમ હતો તેમ ને તેમ અત્રે આપવામાં આવેલ છે. લેખક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવા સમતા:ભરેલા લખાણુને કોઈ પુરૂષ જાણે કે અજાણે ખેંચ વાપરી પંચમીના ખંડનમાં વાપરે તો તેવા પુરૂષને પ્રજ્ઞાપના કરવા ખાતર મારે કહેવું પડે છે કે, આપણે ચોથની સિદ્ધિનીજ યુક્તિઓ તરફ એક તરફી લક્ષ આપવાને બદલે પાંચમની સિદ્ધિ કરનારાઓના પુરાવા પણ એકવાર વાંચવા જોઈયે. અને તેમ કર્યા પછી આપણે નિષ્પક્ષપાત ભાવ ધારણ કરી વિચાર કરીશું તો ખુલ્લી રીતે માલમ પડશે કે, આપણે આપણા ગચ્છના આચારમાં રહી જેમ ચોથ કરતાં આરાધક છીયે. તેમ ગચ્છાંતરવાળા પાંચમ કરતાં પણ આરાધકજ છે. તેમજ ચોથવાળાજ ખરા અને પાંચમવાળા ખોટા એવો હઠ પણ તરત નાશ પામશે. પણ જ્યાં સુધી બે બાજુની તપાસ વગર એક તરફી લખાણ કે પુરાવા સાંભળી ન્યાય શૈલીથી વિપરીતપણે વિચાર બાંધવામાં આવે ત્યાંસુધી હઠ મૂકવો મુશ્કેલ છે. એથી કરીને જ ઇહાં પંચમીપર્યુષણા માનનારા શા શા પુરાવા તથા યુક્તિઓ આપે છે તે લખવાની જરૂર પડે છે. અને તેથી ચતુર્થી માનનારા સજ્જનોને વિજ્ઞાપના કરવામાં આવે છે કે આ લખાણનો ફળિતાર્થ ચતુર્થીના ખંડનમાં નથી, પણ ચતુર્થીજ ખરી એવો દુરાગ્રહ ટાળવામાં છે.

## પંચમીના પુરાવા.

૧ વીર પ્રભુએ તીર્થ પ્રવર્ત્તાવ્યો ત્યારે પર્યુષણા પંચમીનીજ ઠરાવેલી છે. અને તેથીજ શ્રીકાળિકાચાર્ય મહારાજે પઇઠાણપુરમાં પ્રવેશ કરતાં નીચે મુજબ વાક્ય ઉચ્ચાર્યું:—

" **ભદ્દવયસુદ્ધપંચમીએ પજ્જોસવેયવ્વં** " ભાદરવા સુદ પાંચમની પર્યુષણા કરવી. (નિશીથચૂર્ણિ)

૨ શ્રીકાળિકાચાર્યે રાજાના કારણે ચોથની પર્યુષણા કરી અને તેથી નિશીથચૂર્ણિમાં સ્પષ્ટ લખ્યું કે " **કારણિયાચઉત્થી** " કારણયોગે ચતુર્થી છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ઉત્સર્ગમાર્ગે તો પાંચમેજ પર્યુષણા કરાય, પણ અપવાદમાં રહી ચોથ કરે તોપણ વિરાધક ન થાય. આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે પાંચમ તો સિદ્ધજ છે, અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેથી તેને અખંડિત રાખી ચતુર્થીને કારણથી વિશેષિત કરી ચોથનો બચાવ કર્યો છે.

૩ પાંચમની પર્યુષણા કરવી એ જિનાજ્ઞાજ છે. અને આચાર્યની આજ્ઞા જિનાજ્ઞાથી પૃથગ્ભૂત નજ હોય એ નિયમ હોવાથી સિદ્ધ થાયછે કે શ્રીમાન્ કાળિકાચાર્યની મુખ્ય આજ્ઞા તો પાંચમનીજ છે. અને તેથીજ તેઓ કલમ ૧ માં લખેલ વાક્ય બોલેલા છે. માત્ર કારણયોગે તેમણે ચોથ કરી લાગે છે. અને એમતો કંઇ કહ્યું નથી કે "હવે મારા પછી હમેશાં ચોથજ કર્યા કરજો એમ મારી આજ્ઞા છે." ત્યારે પાંચમ કરતાં આચાર્યની આજ્ઞા નથી મનાતી એમ કેમ કહી શકાય?

૪ ચૂર્ણિકારે ચોથ કેમ લખી તથા બીજા કેટલાએક આચાર્યોએ ચોથ કેમ સ્વીકારી એ બાબત ખુલાસો જોઇતો હોય તો અત્યંત શોધ ખોળ કરતાં હાથ લાગેલ ગ્રંથોથી તારવી કાઢેલો નીચલો ઇતિહાસ વાંચવાથી સંશય દૂર થશે.

વીરસ્વામિના નિર્વાણથી ૫૮૪ વર્ષે વજ્ર સ્વામિ સ્વર્ગે ગયા અને તેમની પાટે વજ્રસેનાચાર્ય થયા. એમની કારકીર્દીની લગભગમાં વીરથી ૬૦૯ માં દિગંબરો નીકળ્યા. વજ્રસેનસૂરિ બાદ શિથિલાચાર થયો અને ધીમે ધીમે વીરથી ૮૦૦ વર્ષ જવા બાદ યતિઓનો ઘણો ભાગ ચૈત્યોમાં રહેવા લાગ્યો અને તેથી ચૈત્યવાસી કહેવરાવવા લાગ્યા. તેઓએ આગમને ગૌણપક્ષમાં રાખી નિગમવાદ ખડો કર્યો, અનેક સાવદ્યપ્રવૃત્તિઓ ફેલાવી, અને પંચમીની સંવત્સરી તોડીને કહેવા લાગ્યા કે અનાદિકાળથી ચોથની પર્યુષણા ચાલે છે. તીર્થંકરો તથા ગણધરોએ પણ ચોથ જ કરેલ છે. અને તેથી ચોથજ શાશ્વતી ચાલી આવે છે. આવી રીતે આગમના પ્રતિપક્ષી થઇ જૈનમાર્ગને ફેરવવા મંડયા. તેમ છતાં પણ એ વેલા હજુ જુજ ભાગ વસતિવાસિ સંવિગ્ન મુનિઓનો રહેલો તેઓ આગમાનુસારે સઘળી પ્રવૃત્તિ કરતા અને પંચમી આરાધતા. એ ભાગ માંહેના દેવર્ધ્ધિગણિએ શ્રીવીર થી ૯૮૦ વર્ષે સૂત્રો પુસ્તકારૂઢ કર્યાં. આ વેળા વસતિવાસિ સંવિગ્નોના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુખ્ય સહાયક શ્રીમાન્ કાળિકાચાર્ય મહારાજ હતા. અને તેથી તેઓ યુગપ્રધાન ગણાયા છે. એ કાળિકાચાર્ય પાંચમનીજ પર્યુષણા કરતા હતા. પણ તેવામાં શાળિવાહનરૂપ ઉપનામ ધરનાર કોઈ રાજાએ (નહિ કે શક ચલાવનાર શાળિવાહન રાજાએ) આગ્રહ કર્યાથી કાળિકાચાર્યે ૯૯૩ માં ચોથની પર્યુષણા કરી વીરાત્ ૧૦૦૦ વર્ષે દેવર્દ્ધિગણિ દેવગત થતાં કાળાનુભાવિ શિથિલતા દોષ વધી જઇ વસતિવાસ લુપ્ત થયો અને ચૈત્યવાસરૂપ અંધકાર ધમધોકાર ફેલાવવા લાગ્યો.

આ ઘોર અંધકારમાં રહીને પણ વચ્ચે વચ્ચે કેટલાક મહાનુભાવ પુરૂષોએ ચૈત્યવાસમાં રહ્યાં થકાં પણ વસતિવાસનો પક્ષ ખેંચી સત્યદેશના કરી છે. પણ આચરણા તો જે ચાલતી આવેલ તેમાંજ રહેલા. કારણ કે આખા સમૂહમાં વિરોધ પાડીને જુદી પ્રવૃત્તિ કરવી ઘણી વિષમ છે એ તો ત્યારે થઇ શકે કે જ્યારે ક્રિયા ઉધ્ધાર કરાય. દાખલા તરીકે શ્રીમાન્ હરિભદ્રસૂરિએ મહાનિશીથ ઉધ્ધરતાં ચૈત્યવાસને સજ્જડ રીતે ખંખેર્યો છે છતાં પોતે ચૈત્યવાસ છોડી શક્યા નહિં અને તેથી સંવિગ્નપાક્ષિક કહેવાયા. વળી મહાત્મા ચૂર્ણિકાર મહારાજે આગમપક્ષ લઇ ચૂર્ણિદ્વારા આગમોનાં અર્થ કાયમ કર્યા પણ ચૈત્યવાસના જોરથી સર્વત્ર ફેલાયલી ચતુર્થીપર્યુષણા કરતાં થકાં પણ તેની ચૈત્યવાસીઓની મુજબ અનાદિ સિધ્ધતા નહિ બતાવતાં કારણિકતા બતાવીને ઉત્સર્ગ પક્ષમાં સમર્થ જનના માટે પંચમી અખંડિત રાખી. માટે સત્યદેશનાની ખાતર હરિભદ્રસૂરિ તથા ચૂર્ણિકારનો આપણા ઉપર મહાન્ ઉપકાર થયો છે.

આ રીતે ચૈત્યવાસરૂપ પડદાના અંધારા નીચે ઘણો કાળ વ્યતીત થયો તે દરમ્યાન ચતુર્થીની જડ મજબુત થતી ચાલી એવામાં કાળનુભાવે વિક્રમ સં. ૯૦૦ બાદ સુવિહિત પક્ષનો ઉદય થવો શરૂ થયો. ત્યાં શરૂઆતમાં ઉઠેલા સુવિહિત પક્ષે ચૈત્યવાસમાં જડમૂળ થએલી ઘણી ઘણી આચરણાઓ ઉથલાવી, પણ ચોથની આચરણા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કારણિકરૂપે કાયમજ રાખી. પણ ત્યારબાદ જોસથી ઉભરાતા તે સુવિહિત પક્ષમાં બે વિભાગ પડયા. તેમાંના એક પક્ષે ચતુર્થી સ્વીકારી ત્યારે બીજા પક્ષે પંચમી સ્વીકારી એ શિવાય અન્ય પણ કેટલીક આ-ચરણાઓમાં બે સુવિહિત પક્ષો વચ્ચે ભિન્નતા છતાં બન્ને સુવિહિત પક્ષે આગમવાદી હોવાથી ખરા ધામીક અને એક બીજાને સહાયક તથા એક બીજામાં હળેલા મળેલા રહી ચૈત્યવાસને તોડવા મંડયા.

આ રીતે મારવાડમાં ખરતર સુવિહિતોએ ચૈત્યવાસીઓને હાંકી કાઢયા, ત્યારે ગુજરાતમાં નાગપુરીય વૃતત્તપા, તપા, આંચળિક, પૌર્ણમિક તથા આગમિક વગેરે સુવિહિતોએ ચૈત્યવાસ તોડી વસતિવાસનો પૂર્ણ મહોદય કર્યો.

એ સુવિહિતોમાં મહા વિદ્વાન્ તરીકે પંકાયલા શ્રીમાન્ હેમસૂરિ, મળયગિરિ તથા અભયદેવસૂરિ વગેરે બન્ને સુવિહિત પક્ષો માટે એવી સમતા જાળવી વર્ત્યા છે કે તેમણે પોતાના પવિત્ર ગ્રંથોમાં ચતુર્થી પર્યુષણા માટે આમ કે તેમ લખવું જ મોકુફ રાખેલ છે.

વીરપ્રભુથી ૨૦૦૦ વર્ષ પૂર્ણ થવાની શરૂઆતમાં ભસ્મ ગ્રહની પરિસમાપ્તિની છાયામાં પાછો સુવિહિતપક્ષ ખુબ જોસમાં આવ્યો એ અરસામાં પાલણપુરી તપગચ્છમંડન શ્રી આનંદવિમળ-સૂરિએ ઉગ્રક્રિયા આદરી અને નાગોરી તપાગચ્છીય શ્રીપાર્શ્વચંદ્ર-સૂરિએ સં. ૧૫૬૫ માં બધા સુવિહિતગચ્છોની ભિન્ન ભિન્ન આચર-ણાઓનું પરિશોધન કરી આગમવાદ સાથે વધુ મળતી આચરણાઓ સ્વીકારી તીવ્ર પણે આગમપક્ષ ખડો કર્યો.

આ રીતે વસતિવાસનો ઉદય થતાં આજકાલ તપા, ખરતર, આંચળિક તથા પાર્શ્વચંદ્રાદિ વિભાગો દૃષ્યમાન છે.

આ ઇતિહાસ નિગમોની ઉપનિષદોના આધારે તથા આગમ-અઠોત્તરી અને શતપદી વગેરે ગ્રંથોના આધારે ટાંકી બતાવ્યો છે અને જેમને એ બાબત શક હોય તેમણે પત્રદ્વારા સમાચાર મંગા-વ્યાથી દરેક પ્રમાણ દેખાડવામાં આવશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫ આ ઇતિહાસ ઉપરથી ઘણા જૈનો કે જેઓને ઇતિહાસની માહિતી નથી, અને પોતાનો હઠ તાણ્યાજ કરે છે તેઓને માલમ પડશે કે ચૂર્ણિકાર વગેરે આચાર્યોએ ચતુર્થી સ્વીકારી છે ખરી પણ પંચમી નજ કરવી એમ કંઇ કહ્યું નથી તેથી પંચમીને બાધ આવે તેમ નથી જ.

૬ દીવાળીકલ્પ જેવા ગ્રંથોમાં લખ્યું છે વીર ભગવાન ભાષી ગયા છે કે મારા પછી ૯૯૩ વર્ષે કાળિકાચાર્ય ચોથ ચલાવશે પણ એ વાત ત્યારે ખરી મનાય કે જ્યારે દીવાળીકલ્પમાં લખ્યા પ્રમાણે કલંકી રાજા પ્રગટ થયો હોય. નહી તો કોઈ એક પક્ષી આવેશના લીધે ગચ્છાનુરાગી આચાર્ય ગમે તેમ લખે તેથી સત્ય પક્ષને શી અડચણ છે ?

૭ તીર્થોદ્‌ગાર પયન્નામાં ચોથ માટે વધુ ખેંચ છે ખરી પણ તે પયન્નુ કંઇ બહુ પ્રાચીન નથી. કિંતુ ચોથ ચાલ્યા પછીજ રચાયલું છે અને તેથી તે કંઈ આગમવાદને હઠાવી શકે તેમ નથી. કારણ કે એ રીતે તો પિંડવિશુધ્ધિ પયન્નું ખરતર જિનવલ્લભસૂરિએ રચ્યું છે ત્યારે શું તપાગચ્છવાળા જિનવલ્લભસૂરિના દરેક વાકય સ્વીકારીજ બેશશે કે ? અથવા તેમના રચેલ પયન્નાને પિસ્તાલીસ કે ચોરાશી આગમની પંક્તિમાં થાપશે કે ? માટે ચોથના પક્ષ ધરનાર સ્વમત સિધ્ધ કરવા ગમે તેવું લખે તેથી કાંઇ વાસ્તવિક વાત અસિધ્ધ થઇ શકે નહી.

૮ શ્રી કાલિકાચાર્યે ચોથની કારણે પર્યુષણા કરી, પણ ચૌદશનો ચૌમાસો તેમણે આચરેલ નથી, એટલુંજ નહિ પણ ખુદ ચૂર્ણિકારોએ પણ ચોમાસો પૂનમનો જણાવી એકમના દિને મુનિને વિહાર પ્રતિપાદન કરેલ છે. તેના પ્રમાણ નિશીથ તથા વૃહત્કલ્પની ચૂર્ણિમાં ઠામ ઠામ મળી આવે છે. પણ ચૂર્ણિકારોની તે વાતને પડતી મેલી પાછળથી ચોમાસો ચૌદશના દિને ચાલુ થયો સ્પષ્ટ રીતે દેખાય છે. એ બાબતના પ્રમાણ જોવા હોય તો શતપદીમાંનો ૧૧૨ મો વિચાર જોઇ લેવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૯ આપણા શ્વેતાંબર પક્ષમાં સમર્થ ગીતાર્થ તરીકે પંકાએલા હરિભદ્રસૂરિએ કયાં પણ ચતુર્થીની પર્યુષણા કરવી નહી લખતાં તેના બદલે પંચાસકમાં મોઘમમાંજ ઊલ્લેખ કર્યો છે. અને તેની વ્યાખ્યા કરતાં તેવાજ સમર્થ ગીતાર્થ શ્રી અભયદેવસૂરિએ પણ તેજ પધ્ધતિ પસંદ કરી ચતુર્થીનો ઊલ્લેખ ન કરતાં સામાન્ય પંચમીની વ્યાખ્યાજ કરી છે.

પંચાશકમાં આ પ્રમાણે લખેલું છેઃ—

**મૂળ—चाउम्मासुक्कोसो, सत्तरि राइंदिया जहण्णाओ;थेराण जिणाणं पुण णियमा उक्कोसओ चेव. वृत्तिः—चत्वारो मासाः समाहृताश्चतुर्मासं तदेव चातुर्मासं आषाढ्याः कार्त्तिकीं यावदित्यर्थः सप्ततिरात्रिंदिवान्यहोरात्राणि यावत् जघन्यस्तु जघन्यः पुनः भाद्रपद शुक्लपंचम्याः कार्त्तिकीं यावदित्यर्थः—केषामयं पर्यूषणाकल्प इत्याह—स्थविराणां स्थविरकल्पिकानां ॥**

ભાવાર્થ—સ્થવિરકલ્પિ મુનિઓને ઊત્કૃષ્ટો પર્યુષણાકલ્પ આષાઢી પૂનમથી કાર્તિક પૂનમ સૂધી ચારમાસનો (હોય) અને જઘન્ય પર્યુષણાકલ્પ ભાદરવા સુદ ૫ થી કાર્તિકી પૂનમ સૂધી સિતેર દિવસનો (હોય).

૧૦ એ ઉપરથી દેખાય છે કે એ મહાપુરૂષોએ ગચ્છાચરણાએ ચોથ ચાલતાં છતાં પણ પોતાની આંતરંગિક પસંદગી પાંચમથી વિરૂદ્ધમાં રાખેલ નથી આ વાત શ્રીઅભયદેવસૂરિકૃત આગમ અડોત્તરીના પ્રમાણથી વધારે સ્પષ્ટ થશે આગમઅડોત્તરીમાં લખ્યું કે,

**गाथा—आवस्सयाइकरणं। इच्छामिच्छाइ दसविहायरणं॥ चिइ वंदण पडिलेहण। संवच्छरपव्व पव्वतिही.१ उदयतिहीणं ठवणा। विणयाइसुसाहुमाणदाणाणं॥ इत्थवि का? आयरणा। बलबुद्धि का? विहावेइ २**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાવર્થ—આવશ્યકાદિ કરવામાં, ઇચ્છા મિચ્છાદિ દશ પ્રકારની સામાચારીમાં ચૈત્યવંદનમાં, પડિલેહણામાં, સંવત્સરી પર્વમાં, પર્વતિથિઓમાં ઉદય તિથિની સ્થાપનામાં, વિનયાદિકમાં, સુસાધુને માનદેવા કરવામાં, ઇત્યાદિ કાર્યોમાં આચરણા તે શી? એમાં તે બળબુદ્ધિની શી હાનિ આવે છે?. ૨

## ઉપસંહાર.

ઉપર પ્રમાણે તપાસ કર્યાથી ટુંકામાં નીચેના મુદ્દા નીકલી શકે છે.

૧ મૂળસૂત્રોથી પંચમી નિર્વિવાદ સિધ્ધ છે.

૨ પંચાંગીમાં નિર્યુકિત તથા ભાષ્યોમાં તો ચોથ પાંચમ બાબત તકરારજ નથી. તેથી નિર્યુકિત તથા ભાષ્યોથી પણ પંચમી સિદ્ધજ છે.

૩ ચૂર્ણિઓમાં પણ નીશીથચૂર્ણિમાં ચોથની બિના ઉપાડી ખુલાસો કર્યો છે કે પર્યુષણા તો પાંચમેજ થાય, પાંચમ છોડી અન્ય દિને કરે તો પ્રાયશ્ચિત આવે પણ હમણાં જે ચોથની થાય છે તે કારણિયા ચોથ જાણવી. આ રીતે ચોથે પર્યુષણા કરતાં પ્રાયશ્ચિત આવે તેનો બચાવ કર્યો. પણ કંઇ પંચમીનું ખંડન કર્યું નથી ઉલટું ચોથને કારણિયા કહી પંચમીને ઉત્સર્ગ પક્ષમાં રાખીને માન આપ્યું છે,

૪ નીશીથચૂર્ણિમાં કારણિયા ચોથ કહી, પણ ચોમાસુ તો ચૂર્ણિમાં બધા સ્થળે પૂનમનુંજ સિધ્ધ કર્યું છે.

૫ ટીકાકારોમાં હરિભદ્રસૂરિ, શીળાચાર્ય, હેમચંદ્રાચાર્ય, મળયગિરિ તથા અભયદેવસૂરિએ કયાં પણ ચતુર્થી પર્યુષણા બાબત તકરાર ચલાવી નથી.

૬ દીવાળીકલ્પનું લખાણ વજનદાર નથી કેમકે તેમાં લખેલ કલંકીની વાત પ્રત્યક્ષ જુદી પડી છે.

૭ તીર્થોદ્ગાર પયન્નુ કંઇ પ્રાચીન નથી. કિંતુ ચૂર્ણિકારના પછી જ્યારે ચોમાસાનો ફેરફાર કરવામાં આવ્યો ત્યારબાદનો થએલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. અને તેથી તેના કર્તા ચોથને માનનાર હોવાથી ચોથની પુષ્ટિ કરે તેથી કંઇ આગમવાદ તુટી શકે નહિ.

૮ ઇતિહાસની બિના ચતુર્થીની આચરણા બહુ ફેલાવ કેમ પામી તે વિષે ચૈત્યવાસના જોરનું જ કારણ પૂરૂં પાડે છે.

૯ સુવિહિત પક્ષમાં લાંબા વખતથી ચોથ તથા પાંચમ બન્ને ચાલતી આવે છે.

આ રીતે પંચમીની તકરાર હાલ ટૂંકામાં પતાવવામાં આવે છે. અને ચતુર્થીની દલીલો તો જૈનધર્મપ્રકાશમાં આવેલી જ છે.

स्वच्छे बृहत्तपागच्छे श्रीमन्नागपुरीयके ।
जैनाचार्य–महर्षीणां विश्ववंद्य–महात्मनाम् ॥१॥
श्रीभ्रातृचंद्रसूरीन्द्र–सद्गुरूणां प्रसादतः ।
मुनिसागरचन्द्रेण ग्रन्थोऽयं विहितो मुदा ॥२॥
प्रश्नोत्तरप्रकाशस्य विभागे प्रथमे तु यत् ।
विरुद्धं लिखितं तस्य मिथ्यादुष्कृतमस्तु मे ॥३॥

इति श्रीजैनश्वेताम्बराचार्यप्रवर–विश्ववंद्यानवद्यविद्या–विशारद–विद्वज्जनमण्डलमार्तण्ड–गुर्जरनरेश्वरश्रीसिद्धराजजयसिंहसभाशृंगारहार-वादिदिगम्बरकुमुदचन्द्राचार्यप्रजये शार्दूलसिंहलब्धप्रतिष्ठ–श्रीवादिदेवसूरिपुरन्दर–अविच्छिन्नपट्टपरंपरानुगत–श्रीमन्नागपुरीयबृहत्तपागच्छाधिराज युगप्रधान–क्रियोद्धारकारक-श्रीजिनागममार्गप्रकाशक-परमपूज्यश्रीश्री श्रीपार्श्वचन्द्रसूरीश्वरजी–संतानीय- सूरिचक्रचक्रवर्ति-पूज्यपाद–जगत्श्रेष्ठिगुरु–प्रातःस्मरणीय– श्रीहर्षचन्द्रसूरिपुरंदर–चरणानुचर–चारित्रचूडामणी संवेगरंगतरंगितात्मा शांतमूर्त्ति मुनिमहाराज

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

श्रीकुशलचंद्रजी सतीर्थ्य-गुरुभ्राता पंडितप्रवर-सुगृहीतनामधेय-परमोपकारि-महर्षि-श्रीमुक्तिचन्द्रगणिना पादपद्मोपसेवी सुशिष्य अने सद्धर्मरक्षक-जैनाचार्यप्रवर-श्रीहेमचन्द्रसूरीश्वरजीना अद्वितीयपट्टप्रभावक-शासनप्रभाकर-सुविहितशिरोमणि सकलागमरहस्यवेदी - पंचप्रस्थानाराधक - पंचाचारप्रवर्तक-प्रशमरसपयोनिधि युगप्रवराचार्यवर्य-श्रीभ्रातृचंद्रसूरीश्वरजी महाराजाना शिष्य मुनिसागरचन्द्रे तत्वगवेषी जिनाज्ञाना पिपासु भव्यात्माओना हितना माटे आ प्रश्नोत्तरप्रकाश-ग्रन्थनो प्रथमभाग राजनगरमां लख्यो, विक्रमसंवत् १९८७ ना कार्तिक शुदी पंचमी. करकृतमपराधं क्षन्तुमर्हन्ति धीराः ॥श्री शान्तिः॥

॥ ઇતિ શ્રીપ્રશ્નોત્તરપ્રકાશ પ્રથમ ભાગ: ॥

તીર્થે વીરજિનેશ્વરસ્ય વિદિતે શ્રીકોટિકાખ્યે ગણે,
શ્રીમચ્ચંદ્રકુલે વટોરૂહવૃહદ્‌ગચ્છે પરિમ્લાયિતે;
શ્રીમન્નાગપુરીયકાહ્વયતપાપ્રાપ્તાવદાતેધુના,
સ્ફૂર્જદ્‌ભૂરિગુણાન્વિતા ગણધરશ્રેણિઃ સદા રાજતે ॥૧॥
યો લેભે ગુરૂસાધુરત્નકૃપયા પારં શ્રુતાંભોનિધે-
ર્યો જૈનાગમસંગતાં સુલલિતાં ચક્રે હિતાં દેશનામ્;
યઃ સ્વાન્યોપકૃતેર્નિમિત્તમકરોદ્ જ્ઞાનક્રિયાસ્વાદરં,
તં સૂરીશ્વરમુત્તમં યુગવરં શ્રીપાર્શ્વચંદ્રં સ્તુમઃ ॥૨॥
શ્રીમન્નાગપુરીયકાહ્વયતપાગચ્છેશવિદ્યાનિધિ-
ર્ધૈર્યે સ્વર્ણગિરેઃસમો હિ ભગવાન્ સિદ્ધાન્તરત્નાકરઃ;
કારૂણ્યાદિગુણાન્વિતો ગુરૂવરઃપૂજ્યો મહાન્યોઽભવ-,
ત્તં સૂરીશ્વરમુત્તમં ગણધરં શ્રીભ્રાતૃચંદ્રં સ્તુવે ॥૩॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



## શ્રીસરસ્વતી–શ્રુતદેવી સ્તુતિઃ–

અનુષ્ટુપ્ શ્લોક—અષ્ટપદી.

શ્વેતપદ્માસના દેવી, શ્વેતપદ્મોપશોભિતા.
શ્વેતામ્બરધરા દેવી, શ્વેતગન્ધાનુલેપના;
અર્ચિતામુનિભિઃસર્વૈ–ઋષિભિઃસ્તૂયતે સદા,
એવં ધ્યાત્વા સદા દેવીં, વાંછિતં લભતે નરઃ॥૧॥

## શ્રીસદ્‌ગુરૂ સ્તુતિ.

(માલિની છંદ.)

ઉદયશિખરિચંદ્રાઃ સદ્ધચોઽભોધિચંદ્રાઃ
સુકૃતકુમુદચંદ્રાઃ ધ્વાંતવિધ્વંસચંદ્રાઃ
કુમતનલિનચંદ્રાઃ કીર્તિવિખ્યાતચંદ્રાઃ
પ્રમદજનનચંદ્રાઃ શ્રેયસે પાર્શ્વચંદ્રાઃ
શ્રેયસે ભ્રાતૃચંદ્રાઃ॥ ૧ ॥

॥ સ્રગ્ધરાવૃત્તમ્॥

શ્રીમદ્વિદ્યાવતંસાઃ શમદમસહિતા બાલભાવાદ્વિરક્તા,
જ્ઞાનાભ્યાસે પ્રવૃત્તા નિખિલજનમનોહર્ષદાઃ સ્વૈર્ગુણૌઘૈઃ।
મધ્યસ્થા માન્યવાક્યા દલિતમદબલા ભ્રાતૃચંદ્રાભિધાના,
સ્તારૂણ્યે તીર્ણમોહા નિરૂપમચરિતાઃ સૂરિરાજા જયન્તુ ॥૨

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## તૈયાર છે ! અલભ્ય પુસ્તકો

“ सुरदीपिकादिप्रकरणसंग्रहः ” अ... ग्रन्थ. કીં. રૂ. ૧:)

“ षड्द्रव्यनयस्वभावादिप्रकरणसंग्र... મહાન્ ગ્રન્થ. કીં. રૂ. ૧)

“ श्रीजैनराससंग्रहः ” જેમાં આઠ રાસો છે. હમણાજ બહાર પડેલ છે. તદ્દન નવીન કીં. રૂ. ૧)

सज्झायसंग्रहः ” શ્રીઉત્તરાધ્યયન સૂત્ર આદિની સજ્ઝાયો છે. કીં. રૂ. ૦॥)

“ सुधर्मगच्छ परीक्षा ” જેમાં ગચ્છો સંબંધી પ્રાચીન ઇતીહાસ છે. કીં. રૂ. ૦)=

“ शास्त्रीपंचप्रतिक्रमणसूत्र ” જેમાં નવસ્મરણ પણ છે. કીં. રૂ. ૦॥

“ શ્રીહર્ષજિનેંદ્રસ્તવનાવલિ ” રાગરાગણીયુક્ત ૯૫ સ્તવનો છે. કીં. રૂ. ૦)=

“ ગુજરાતીપંચપ્રતિક્રમણસૂત્ર ” જેમાં નવ સ્મરણ પણ છે. કીં. રૂ. ૦॥

“ ગુજરાતી બે પ્રતિક્રમણસૂત્ર ” કીં રૂ. ૦)=

“ પ્રશ્નોત્તરપ્રકાશ-પ્રથમભાગ ” કીં. રૂ. ૦)=

આબધાં પુસ્તકોનું પોસ્ટેજ અલગ સમજવું, તુરત મંગાવો, સાથે ભેટના પુસ્તકો મલશે.

**શાહ મણીલાલ વાડીલાલ.**
કાર્યવાહક-શ્રીજૈનહઠીસીંગ સરસ્વતીસભા.
શામળાનીપોળ-અમદાવાદ.

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com